અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ એપ્રિલ ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર વદ ૩

વર્ષ : ૧૫
અંક : ૨૬૬

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં સરેરાશ ૬૫ ટકા મતદાન

# UPમાં સૌથી ઓછું મતદાન તો ત્રિપુરામાં થયું બમ્પર વોટિંગ

। (માહિતી) નવી દિલ્હી, તા.૨૬ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના બીજા તબક્કાનું મતદાન ૨૬ એપ્રિલ (શુક્રવાર)ના રોજ થયું હતું. બીજા તબક્કામાં સરેરાશ ૬૫ ટકા મતદાન થયું છે. ત્રિપુરામાં સૌથી વધુ ૭૪ ટકા જેટલું મતદાન થયું છે. બિહાર અને ઉત્તરપ્રદેશમાં સૌથી ઓછું મતદાન થયું છે. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોના મતદારો ૮૮ બેઠકો પર ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે. બીજા તબક્કામાં જે ૮૮ બેઠકો પર મતદાન થઈ થયું તેમાંથી ભાજપ પાસે અડધાથી વધુ એટલે કે ૫૨ બેઠકો છે જ્યારે કોંગ્રેસ પાસે ૨૨ બેઠકો છે. આ દરમ્યાન પશ્ચિમ બંગાળમાં ફરીથી ચૂંટણીની વચ્ચે હિંસાના સમાચાર સામે આવ્યા છે. અહીં ભાજપ અને ટીએમસીના કાર્યકર્તા વચ્ચે મારપીટ થઈ હતી. પશ્ચિમ બંગાળમાં સાંજના ૫ વાગ્યા સુધી ૭૨ ટકા મતદાન નોંધાયું છે. તો વળી યૂપીમાં ૫૨.૬૪ ટકા, રાજસ્થાનમાં ૫૯ ટકા, મણિપુર અને ત્રિપુરામાં ૭૬ ટકા, મહારાષ્ટ્રમાં ૫૩.૫૧ ટકા, બિહારમાં ૫૩ ટકા, છત્તીસગઢમાં ૭૨ ટકા, આસામમાં ૭૦.૬૬ ટકા, મધ્ય પ્રદેશમાં ૫૫ ટકા વોટીંગ નોંધાયું છે. તો વળી ગૌતમબુદ્ધ નગરમાં સાંજના ૫ વાગ્યા સુધીમાં ૫૧.૬૬ ટકા મતદાન થયું છે. તો વળી નોઈડામાં ફક્ત ૪૫.૬૦ ટકા મતદાન નોંધાયું છે. દેશના



૧૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૮૮ લોકસભા સીટો પર આજે બીજા તબક્કાનું મતદાન તેની સાથે સાથે મણિપુર લોકસભા મત વિસ્તારમાં પણ મતદાન થયું છે. આજે કેરલમાં તમામ ૨૦ સીટો, કર્ણાટકની ૧૪, રાજસ્થાનની ૧૩, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રની ૮-૮, મધ્ય પ્રદેશની ૬, આસામ અને બિહારમાં ૫-૫, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં ૩-૩, ત્રિપુરાની ૧ અને જમ્મુ કાશ્મીરની બંને લોકસભા સીટો પર મતદાન થયું. ભારતીય ક્રિકેટર મોહમ્મદ શમીએ લોકસભા ચૂંટણી ના બીજા તબક્કા માટે મતદાન કરવા માટે અમરોહાના એક મતદાન કેન્દ્ર પર પહોંચ્યા હતા. મતદાન કર્યા બાદ મીડિયા સાથે વાત કરતાં તેમણે કહ્યું, હું માત્ર એટલું કહેવા માંગુ છું કે દરેક નાગરિકને પોતાનો મત આપવાનો અને તેમની પસંદગીની સરકારને પસંદ કરવાનો અધિકાર છે. મારા માટે ગર્વની વાત છે કે પીએમ મોદીએ તેમના ભાષણ દરમિયાન મારું નામ લીધું અને મારી રમતની તથા મારી પ્રશંસા કરી. બીજા તબક્કામાં કેરળની તમામ ૨૦ બેઠકો ઉપરાંત કર્ણાટકની ૨૮માંથી ૧૪ બેઠકો, રાજસ્થાનની ૧૩ બેઠકો, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશની આઠ-આઠ બેઠકો, મધ્ય પ્રદેશની છ બેઠકો, આસામ અને બિહારની પાંચ-પાંચ બેઠકો, છત્તીસગઢની બેઠકો પર મતદાન યોજાયું. આ ઉપરાંત પશ્ચિમ બંગાળમાં ત્રણ-ત્રણ અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરમાં એક-એક બેઠક પર મતદાન યોજાયું.

# VVPAT વેરિફિકેશન અંગેની તમામ અરજીઓ ફગાવી દેવાઈ

### સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં સ્પષ્ટ કરી દીધુ છે કે મતદાન ઈવીએમ મશીનથી જ થશે : ઈવીએમ-VVPAT નું ૨૦૦ ટકા મેચ કરવામાં આવશે નહીં

। નવી દિલ્હી, તા.૨૬ ।

સુપ્રીમ કોર્ટે VVPAT વેરિફિકેશનની માંગણી અંગેની તમામ અરજીઓ આજે ફગાવી દીધી છે. બેલેટ પેપરની માંગણી અંગેની અરજી પણ ફગાવવામાં આવી છે. કોર્ટના આ ચુકાદાથી ઈવીએમ દ્વારા પડેલા મતની VVPAT ની સ્લિપ સાથે ૧૦૦ ટકા મેળવવાની માંગણીને ઝટકો લાગ્યો છે. આ ચુકાદો જસ્ટિસ સંજીવ ખન્નાની અધ્યક્ષતાવાળી બેન્ચે સહમતિથી આપ્યો છે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં સ્પષ્ટ કરી દીધુ છે કે મતદાન ઈવીએમ મશીનથી જ થશે. ઈવીએમ-VVPAT નું ૨૦૦ ટકા મેચ કરવામાં આવશે નહીં. ૪૫ દિવસ સુધી VVPAT ની સ્લિપ્સ સુરક્ષિત રહેશે. એટલે કે ૪૫ દિવસ સુધી ડેટા સુરક્ષિત રહેશે. આ સ્લિપ્સ ઉમેદવારોના હસ્તાક્ષર સાથે સુરક્ષિત રહેશે. કોર્ટનો નિર્દેશ છે કે ચૂંટણી બાદ સિંબલ લોડિંગ યુનિટ્સને પણ સીલ કરવામાં આવે.



#### ચૂંટણી પંચે કહ્યું કે કોર્ટના નિર્ણય બાદ હવે કોઈને શંકા ન રહેવી જોઈએ

VVPATને લઈને સુપ્રીમ કોર્ટે નિર્ણય કર્યા બાદ ચૂંટણી પંચે કહ્યું કે કોર્ટના આ નિર્ણય બાદ હવે કોઈને શંકા ન રહેવી જોઈએ. હવે જુના પ્રશ્નોનો જવાબ મળી જવો જોઈએ. સુપ્રીમ કોર્ટે લોકસભા ચૂંટણી હેઠળ બીજા ચરણના વોટિંગની વચ્ચે શુક્રવારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કોર્ટે વીવીપેટ વેરિફિકેશનની માંગને લઈને પણ અરજી ફગાવી દીધી છે. બેલેટ પેપરની માંગને લઈને દાખવ કરેલી અરજી પણ ફગાવી દીધી છે. આ નિર્ણય બાદ ચૂંટણી પંચે પ્રતિક્રિયા આપી છે. ચૂંટણી પંચ સાથે જોડાયેલા સૂત્રોએ જણાવ્યું કે આપણે સુપ્રીમ કોર્ટના નિર્ણયનું સન્માન કરીએ છીએ. ચૂંટણી કરાવવી એક લાંબી પ્રક્રિયા છે અને તેને સંપૂર્ણ ગંભીરતા અને ઈમાનદારીથી કરીએ છીએ. અમને આશા છે કે આ નિર્ણય બાદ દેશમાં કોઈને પણ હવે ઈફ્સ્ને લઈને શંકા નહીં રહે અને આ પ્રકારના જુના સવાલ હવે વધારે નહીં પુછવામાં આવે. હવે સમય આવી ગયો છે કે અવિશ્વાસના આ જુના અધ્યાયને ખતમ કરી દેવામાં આવે. અમે બધા મળીને ભવિષ્યમાં વધારેમાં વધારે સુધારવાદી પગલા ભરવાની આશા રાખીએ છીએ. ચૂંટણી પંચે કહ્યું છે કે કોર્ટના આ નિર્ણયના બાદ હવે કોઈને શંકા ન રહેવી જોઈએ. હવે જુના સવાલ પુરા થઈ જવા જોઈએ. સુપ્રીમ કોર્ટે મહત્વના નિર્ણયમાં સ્પષ્ટ કરી દીધુ છે કે મતદાન ઈવીએમ મશીનથી થશે. EVM-VVPATનો ૧૦૦ ટકા મેચિંગ કરવામાં નહીં આવે.

એ પણ નિર્દેશ અપાયો છે કે ઉમેદવારો પાસે પરિણામોની જાહેરાત બાદ ટેક્નિકલ ટીમ દ્વારા ઈવીએમના માઈક્રો કન્ટ્રોલર પ્રોગ્રામની તપાસ કરાવવાનો વિકલ્પ રહેશે જેને ચૂંટણી જાહેરાતના સાત દિવસની અંદર કરી શકાશે.

આ ચુકાદો આપતા જસ્ટિસ ખન્નાએ કહ્યું કે વીવીપેટ વેરિફિકેશનનો ખર્ચો ઉમેદવારોએ પોતે જ ઉઠાવવો પડશે. જો કોઈ સ્થિતિમાં ઈવીએમ સાથે છેડછાડ થઈ કે ઈવીએમને કોઈ પણ પ્રકારનું નુકસાન પહોંચ્યું તો તેનો દંડ પણ ભરવો પડશે. આ દરમિયાન જસ્ટિસ દીપાંકર દત્તાએ કહ્યું કે કોઈ સિસ્ટમ પર આંખ મીંચીને અવિશ્વાસ કરવાથી શંકા જ પેદા થાય છે. લોકતંત્રનો અર્થ જ વિશ્વાસ અને સૌહાર્દ બનાવવાનો છે.

અત્રે જણાવવાનું કે માર્ચ ૨૦૨૩માં એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) એ ૧૦૦ ટકા ઈવીએમ મતો અને વીવીપેટની સ્લિપ્સને મેચ કરવાની માંગણીને લઈને અરજી દાખલ કરી હતી. જેના પર સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચે ચુકાદો આપ્યો. હાલના સમયમાં વીવીપેટ વેરિફિકેશન હેઠળ લોકસભાક્ષેત્રની દરેક વિધાનસભા ક્ષેત્રના ફક્ત પાંચ મતદાન કેન્દ્રોના ઈવીએમ મતો અને વીવીપેટ સ્લિપ્સને મેચ કરાય છે.

ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL) અને ઈલેક્ટ્રોનિક કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (ECIL) એ ૨૦૧૩માં VVPAT એટલે કે વોટર વેરિફાએબલ પેપર ઓડિટ ટ્રેલ મશીનો ડિઝાઈન કરી હતી. આ બંને એ જ સરકારી કંપનીઓ છે જે EVM એટલે કે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો બનાવે છે. VVPAT મશીનોનો સૌથી પહેલો ઉપયોગ ૨૦૧૩ની નાગાલેન્ડ વિધાનસભા ચૂંટણી દરમિયાન થયો હતો. ત્યારબાદ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કેટલીક સીટો પર આ મશીનો લગાવવામાં આવી હતી. ત્યારબાદ ૨૦૧૭ની ગોવા વિધાનસભા ચૂંટણીમાં પણ તેનો ઉપયોગ થયો હતો. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પહેલીવાર VVPAT મશીનોનો ઉપયોગ આખા દેશમાં થયો હતો. તે ચૂંટણીમાં ૧૭.૩ લાખથી વધુ VVPAT મશીનોનો ઉપયોગ થયો હતો. મતદાનની પ્રક્રિયામાં પાદર્શકતા લાવવા માટે VVPAT ને લાવવામાં આવ્યું હતું. આ મશીન ઈવીએમ સાથે કનેક્ટેડ રહે છે. જેવો મતદાર મત નાખે છે ત્યારે જ એક સ્લિપ નીકળે છે. આ સ્લિપ માં તે ઉમેદવારનું નામ અને ચૂંટણી ચિન્હ હોય છે જેને તેણે મત આપ્યો હોય છે.

### સુપ્રીમ કોર્ટના આદેશ બાદ મોદીનું નિવેદન

# વિપક્ષે EVM પર શંકા પેદા કરવાનું પાપ કર્યું છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ઈવીએમ અને વીવીપેટ પર સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ આજે (૨૬મી એપ્રિલ) વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા છે. બિહારના અરરિયામાં એક ચૂંટણી રેલીને સંબોધતા તેમણે કહ્યું કે, આજે (૨૬મી એપ્રિલ) સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે બેલેટ પેપરનો યુગ પાછો નહીં આવે. આજે મતપેટીઓ લૂંટનારાઓને જડબાતોડ જવાબ મળ્યો છે. જ્યારે આખી દુનિયા ભારતની સિસ્ટમના વખાણ કરી રહી છે, ત્યારે આ લોકો હવે અંગત સ્વાર્થમાં ખરાબ ઈરાદા સાથે ઈવીએમને બદનામ કરવામાં



લાગ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, આજે લોકશાહી માટે ખુશીનો દિવસ છે. અગાઉ આરજેડી અને કોંગ્રેસના શાસનમાં બેલેટ પેપરના નામે લોકોના અધિકારો લૂંટવામાં આવ્યા હતા. તેમની સરકારમાં ચૂંટણીમાં મત લૂંટાય છે. એટલા માટે તેઓ ઈવીએમને હટાવવા માગે છે. I.N.D.I.A. ગઠબંધનના દરેક નેતાએ ઈવીએમ અંગે લોકોના મનમાં આશંકા પેદા કરવાનું પાપ કર્યું છે. સુપ્રીમ કોર્ટે લોકોને આ રીતે ફટકાર લગાવી હતી. વિપક્ષે માફી માગવી જોઈએ.' વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે જ્યારે આખી દુનિયા ભારતની લોકશાહી, ભારતની ચૂંટણી પ્રક્રિયા અને ચૂંટણીમાં ટેક્નોલોજીના ઉપયોગના વખાણ કરે છે ત્યારે આ લોકો પોતાના અંગત સ્વાર્થ માટે ઈવીએમને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.



બિહારમાં લોકસભા ચૂંટણી માટે જાહેરસભા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

### ECની ચેતવણી છતાં નડ્ડાનો આરોપ

# SC-STના હક છીનવી મુસ્લિમોને આપવા માગે છે કોંગ્રેસ : ભાજપ

### આ જ તેમનો છુપાયેલો એજન્ડા છે અને કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં પણ સ્પષ્ટ તુષ્ટીકરણ દેખાઈ રહ્યું છે : જેપી નડ્ડા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ વિપક્ષો પર આકરા પ્રહારો કરી આક્ષેપ કર્યો છે કે, 'કોંગ્રેસ અને ઈન્ડી ગઠબંધન અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગના લોકોના અધિકાર છિનવી મુસ્લિમોને આપવા માંગે છે. આ જ તેમનો છુપાયેલો એજન્ડા છે અને કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં પણ સ્પષ્ટ તુષ્ટીકરણ દેખાઈ રહ્યું છે. તેમણે કહ્યું કે, 'BJP મુસ્લિમોની ઉપેક્ષા કરવા ઈચ્છતી નથી, પરંતુ અન્ય સમાજના ભોગે મુસ્લિમોને અયોગ્ય લાભ ન મળવો જોઈએ. કોંગ્રેસ એવું કહે છે કે, દેશની સંપત્તિ પર પહેલો હક મુસ્લિમોનો છે, જ્યારે વડાપ્રધાન



નરેન્દ્ર મોદી કહે છે કે, દેશની સંપત્તિ પર પહેલો હક ગરીબોનો છે.' તેમણે યુપીએ સરકારના કાર્યકાળનો ઉલ્લેખ કરી કહ્યું કે, ડિસેમ્બર-૨૦૦૬માં પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે દેશના સંશાધનો પર પહેલો હક મુસલમાનોનો હોવાનું કરેલું નિવેદન ભુલથી નહીં જાણીજોઈને કર્યું હતું.

### એઈમ્સના પાંચ ડોક્ટર્સ કરશે હેલ્થ ચેકઅપ

# સીએમ કેજરીવાલ માટે તિહાર જેલમાં મેડિકલ બોર્ડની રચના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

દિલ્હીની તિહાર જેલમાં બંધ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની તબિયત તપાસવા માટે એઈમ્સના ૫ ડોક્ટરોનું મેડિકલ બોર્ડ બનાવવામાં આવ્યું છે. કોર્ટના આદેશ બાદ ૨૩ એપ્રિલે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ડૉક્ટર નિખિલ ટંડન મેડિકલ બોર્ડનું નેતૃત્વ કરી રહ્યા છે. આ એ જ ડૉક્ટર છે જેમને તિહાર જેલના ડીજીના પત્ર પર અરવિંદ કેજરીવાલની તબિયત પર દેખરેખ રાખવા માટે એઈમ્સમાંથી પહેલેથી જ નિયુક્ત કરવામાં આવ્યા હતા.અરવિંદ કેજરીવાલને સોમવાર ૨૨ એપ્રિલથી દરરોજ લંચ પહેલાં ૨ યુનિટ લો-ડોઝ ઈન્સ્યુલિન અને રાત્રે ડિનર પહેલાં ૨ યુનિટ ઈન્સ્યુલિન આપવામાં આવી રહ્યું છે. અરવિંદ કેજરીવાલ હજુ સુધી મેડિકલ બોર્ડને મળ્યા નથી. ટૂંક સમયમાં મેડિકલ બોર્ડની ટીમ તિહાર જેલમાં



જઈને કેજરીવાલનું ચેકઅપ કરી શકે છે.તિહાર જેલના ડોકટરો દરરોજ અરવિંદ કેજરીવાલનું શુગર લેવલ ચેક કરે છે અને તેમની દેખરેખ રાખે છે. સીએમ કેજરીવાલને કોર્ટના આદેશ મુજબ માત્ર ઘરે બનાવેલું ભોજન આપવામાં આવી રહ્યું છે. હાલમાં અરવિંદ કેજરીવાલની તબિયત સારી છે.આમ આદમી પાર્ટીના નેતા સંજય સિંહે ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાને પત્ર લખ્યો હતો.

### ભાજપે TMC પર ષડયંત્રનો લગાવ્યો આક્ષેપ

# ભાજપ ઉમેદવાર અને પૂર્વ IPS અધિકારી દેબાશિષ ધરનું ફોર્મ રદ

### દેબાશિષે IPSની નોકરી છોડી રાજકારણમાં એન્ટ્રી લીધી

। (એજન્સી) વીરભૂમ, તા.૨૬ ।

પશ્ચિમ બંગાળમાં બીરભૂમ લોકસભા બેઠક પરના ભાજપ ઉમેદવાર અને પૂર્વ IPS અધિકારી દેબાશિષ ધરનું ફોર્મ રદ કરવામાં આવ્યું છે. ત્યાર બાદ ભાજપે આ બેઠક પરથી દેબતનુ ભટ્ટાચાર્યને નવા ઉમેદવાર બનાવ્યા છે. ચૂંટણી પંચ સાથે સંકળાયેલા સૂત્રોએ કહ્યું કે, દિલ્હી હાઈકોર્ટના એક આદેશ મુજબ તેઓ જે એજન્સી સાથે કામ કરી રહ્યા છે, તેનું નો ડ્યૂઝ સર્ટિફિકેટ મેળવું જરૂરી હોય છે. આરપી એક્ટની કલમ ૩૬ મુજબ ઉમેદવારે પાણી, રહેણાંક, વીજળી સહિતના બિલ ચુકાવવાના હોય છે, જેમાં જે-તે વિભાગો નોડ્યૂઝમાં લખી આપે છે કે, સંબંધિત વ્યક્તિનું કોઈપણ બાકી લેણું નીકળતું નથી. જો આ નો ડ્યૂઝ સર્ટિફિકેટ જમા કરવામાં ન આવે તો ઉમેદવારી



પત્ર રદ કરવામાં આવે છે. દેબાશિષ ધરે તાજેતરમાં જ આઈપીએસ અધિકારીના પદ પરથી રાજીનામું આપી રાજકારણમાં એન્ટ્રી લીધી હતી. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું કે, 'રાજીનામું આપવા છતાં દેબાશિષને રિલીઝ ઓર્ડર આપવામાં આવ્યો નથી. સીતલકુચીમાં બનેલી ગોળીબારની ઘટનામાં પાંચ લોકોના મોત થયા બાદ દેબાશિષને ફરજિયાત પ્રતીક્ષા યાદીમાં રાખવામાં આવ્યા છે.

# સુરતના વન્યજીવ અભ્યાસુની ૧૦ વર્ષની મહેનત રંગ લાવી

। (એજન્સી) સુરત, તા.૨૬ ।

સુરતના વન્યજીવ અભ્યાસુએ દસ વર્ષની મહેનત રંગ લાવી છે. મ્યાનમાર, ચીન, બાંગ્લાદેશ, વિયેતનામ જેવા દેશમાં જોવા મળતા તામ્રપીઠ સાપને સુરત અને તેની આસપાસના વિસ્તારમાં શોધી કાઢ્યો છે. એટલું જ નહીં આ સાપ સુરત જેવા વિસ્તારમાં કઈ રીતે સ્થાયી થઈ શક્યા તેના કારણો પણ અભ્યાસમાં શોધવાનો પ્રયાસ કર્યો છે. સુરતના રિસર્ચ સ્કોલર દિકાંશ એસ. પરમાર અને પ્રયાસ એનજીઓના સ્વયંસેવક મેહુલ ઠાકુરે ૨૦૧૪ થી ૨૦૨૪ સુધી મહેનત કરી હતી. જેના કારણે સુરત અને ગુજરાતના સાપોમાં એક નવી પ્રજાતિના સાપની ખોજ કરી છે. દિકાંશ સુરતના એક માત્ર એવા હર્પેટોલોજિસ્ટ અને રિસર્ચ સ્કોલર છે, જેમણે ઈસ્ટર્ન બ્રોન્ઝબેક ટ્રી સ્નેક પર સંશોધન કર્યુ હતું. ૨૦૨૧ માં એક નવી પ્રજાતિ ગેકો વેસ્ટર્ન ઘાટમાંથી શોધી હતી. તેનું વૈજ્ઞાનિક નામ "ડેન્ડ્રેલાફીસ પ્રોઆર્કીસ" છે. જે મ્યાનમાર, ચીન, બાંગ્લાદેશ, લાઓસ તથા વિયેતનામ જેવા દેશોમાં મળતો સાપ છે. આ પ્રજાતિના કુલ ૭ સ્પેસિમેન પર ૨૦૧૪ થી ૨૦૨૪ સુધી સંશોધન થયું છે. જેમાં સાપની મોર્ફીલોજી, મોર્ફીમેટ્રિક્સ અને તે કયા વિસ્તારમાં જોવા મળે છે. તેમજ સુરતમાં કેવી રીતે આ સાપની પ્રજાતિ આવી એના ઉપર રિસર્ચ કરવામાં આવે છે. સુરતના ઉધના, નવસારી બજાર, વેસુ, ઓલપાડ અને ડુમસ વિસ્તારમાં આ સાપનો વસવાટ છે. ગુજરાતમાં ૬૪ જેટલી પ્રજાતિના સાપ છે, જેમાં ખોજ પછી આ સંખ્યા વધીને ૬૫ થઈ છે. રિસર્ચ સ્કોલર દિકાંશ પરમાર જણાવે છે કે, આ સાપ બ્રોન્ઝબેક પ્રજાતિનો સાપ છે જેને ગુજરાતીમાં તામ્રપીઠ સાપ કહેવાય છે, કારણ કે એની પીઠનો રંગ તાંબા જેવો હોય છે. અત્યાર સુધી ગુજરાત અને સુરતમાં માત્ર એક બ્રોન્ઝબેક પ્રજાતિનો સાપ હતો, જેને કોમન બ્રોન્ઝબેક (વૈજ્ઞાનિક નામ ડેન્ડ્રેલાફીસ ટ્રીસ્તીસ) કહેવાય છે.

# ભારત-પાક.ની મેચમાં રીશી આરોઠેએ રાજકોટમાં ફેક ટિકિટ વેચ્યાનો ઘટસ્ફોટ

## બેંગ્લોરમાં કોચિંગના નામે ૫.૨૭ લાખ પડાવવાના મામલામાં ક્રિકેટરની ધરપકડ કરી રાવપુરા પોલીસ મથકને સોંપ્યો

। (એજન્સી) રાજકોટ, તા.૨૬ ।

ભારતીય મહિલા ક્રિકેટ ટીમના પૂર્વ કોચ તથા પૂર્વ ક્રિકેટર એવા તુષાર આરોઠેના નિવાસસ્થાનેથી રૂપિયા ૧.૩૯ કરોડ રોકડા મળી આવ્યાની બનેલી ઘટના બાદ તેના મહાઠગ દિકરા રીશી આરોઠેના કરતૂતો બહાર આવતા પુનઃ નાસતો ફરતો હતો. વડોદરા પોલીસે તેને ગોવાની એક હોટલમાંથી પકડી પાડ્યો છે. તેની પ્રાથમિક પૂછપરછ કરતાં તેણે ભારત – પાકિસ્તાનની મેચ ટાણે રૂપિયા ૨૧ લાખની ફેક ટિકિટો રાજકોટના ક્રિકેટ રસીયાને વેચી હોવાનું બહાર આવ્યુ છે. આ ઉપરાંત ૧.૩૯ કરોડ રૂપિયા રોકડા મળી આવ્યા હતા, તે સારંગપુર મંદીરના સીએને ઝાંસામાં લઈને તેની સાથે કરેલી છેતરપિંડીની રકમ હોવાનું પણ જાણવા મળ્યુ છે. આ ઉપરાંત વલસાડમાં પણ ક્રિકેટ રમાડવાના બહાને રૂપિયા ૭૫ લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાનું બહાર આવતાં પોલીસે તેની ઘનિષ્ઠ પૂછપરછ શરૂ કરી દીધી છે. વડોદરાના એસઓજીના પોલીસ ઈન્સ્પેક્ટર વિવેક પટેલના જણાવ્યા અનુસાર ૧.૩૯ કરોડ રોકડાના મામલામાં અગાઉ પૂર્વ રણજી ક્રિકેટર રીશી આરોઠેના પિતા તુષાર આરોઠે સહિત ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન રીશી આરોઠેની વિરૂદ્ધમાં વડોદરાના રાવપુરા, માંજલપુર તથા વલસાડમાં અલગ અલગ છેતરપિંડીના કેસ થયા હતા. વડોદરાના રાવપુરા પોલીસ સ્ટેશન તથા વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનના કેસમાં વોન્ટેડ રીષી આરોઠેને શોધવા માટે બેંગ્લોર તથા ગોવા ખાતે ટીમ મોકલવામાં આવી હતી. તપાસ દરમિયાન ગોવાની એક હોટલમાંથી તેની ધરપકડ કરાઈ હતી. વડોદરાના માંજલપૂર પોલીસ સ્ટેશનના કિસ્સામાંથી જામીન પર છૂટ્યા બાદ રીશી આરોઠે ચપળતાથી નાસી છૂટ્યો હતો. વડોદરાથી બેંગ્લોર, ઔરંગાબાદ, ભાપાલ બાદ તેણે ગોવામાં આશ્રય લીધા હતા. ગોવામાં ઈવેન્ટ કંપનીનું કામ કરતો હોવાનું રીશીએ પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યુ હતુ. તેને પકડીને વડોદરા લાવવામાં આવ્યો હતો. જ્યાં રાવપુરા પોલીસ મથકને સુપરત કરવામાં આવ્યો હતો. રાવપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર 'બેંગ્લોરમાં બોલીગ કોચીંગનો કેમ્પ લાગેલ છે.

### આ પ્રકારની લાલચ આપીને રૂપિયા ૫.૨૭ લાખની છેતરપિંડી કરી હતી

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વેજલપુર ગામે રહેતા મહેન્દ્રકુમાર સનીલાલ બુટ ચંપલનો વેપાર કરતાં વેપારીએ આ મામલે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર રીશી આરોઠેના ૧.૩૯ કરોડ રોકડા મળી આવ્યા બાદ તેના થકી છેતરપિંડીનો ભોગ બનેલા લોકોને અપીલ કરી હતી. આ દરમિયાન રાજકોટ તથા વલસાડમાં તેના કરતૂતોનો ભોગ બનેલાઓએ અરજી કરી છે. જેમાં રાજકોટ ખાતે તો ૨૧ લાખની ફેક ટિકિટનું વિતરણ કર્યુ છે. આ ઉપરાંત વલસાડમાં પણ તેણે ક્રિકેટ રમાડવાના બહાને રૂપિયા ૭૫ લાખની છેતરપિંડી કરી છે. કોઇ ક્રિકેટરની સાથે મેળાપીપણામાં સટ્ટો રમતો હતો કે કેમ? તે મામલે પોલીસે તેની પૂછપરછ શરૂ કરી દેવામાં આવી છે.

### યુનિ.તંત્ર દ્વારા ૨૨મી એપ્રિલે બોટીંગ બંધ કરાવ્યુ હતું

# કાંકરિયામાં ફરી વખત બોટિંગની મજા માણી શકાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

વડોદરાનાં હરણી તળાવમાં સર્જાયેલી બોટ દુર્ઘટનાને પગલે નાગરિકોની સુરક્ષાને લગતાં નિયમો સાથે નવા કરાર કરવાનાં હાઈકોર્ટનાં મૌખિક આદેશનુ આખરે મ્યુનિ. તંત્ર દ્વારા પાલન કરવામાં આવ્યુ છે અને કરાર શહેર પોલીસ કમિશનરને મોકલી આવતીકાલથી કાંકરીયા તળાવમાં બોટીંગ શરૂ કરવાની જાહેરાત પણ કરી દીધી છે. મ્યુનિ. સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાનાં હરણી તળાવમાં બોટીંગનાં કોન્ટ્રાક્ટરની ગુનાહિત બેદરકારીથી વિદ્યાથીઓને જાનથી હાથ ધોવા પડ્યા તે ઘટનાને ગંભીરતાથી લઈ હાઈકોર્ટે સુઓમોટો દાખલ કરી રાજ્યનાં તમામ તળાવ-નદી વગેરે જગ્યાએ થતી બોટીંગની પ્રવૃત્તિમાં સુરક્ષાનાં નિયમો સુનિશ્ચિત કરી અધિકારીઓની જવાબદારી ફિક્સ કરી નવા કરાર કરવા મૌખિક આદેશ આપ્યો હતો. તેના પગલે રાજ્ય સરકારે શહેર પોલીસ કમિશનરને પત્ર પાઠવી બોટીંગનાં કોન્ટ્રાક્ટ આપનાર ઓથોરિટી પાસે નવા કરાર મંગાવી લેવા અને ત્યાં સુધી બોટીંગ બંધ કરાવવા સૂચના આપી હતી. પરંતુ મ્યુનિ.તંત્ર દ્વારા એક મહિના કરતાં વધુ સમય બાદ ૨૨મી એપ્રિલે બોટીંગ બંધ કરાવ્યુ હતુ અને મિડિયામાં અહેવાલો પ્રસિધ્ધ થયાં બાદ તાબડતોબ નવા કરાર કરી શહેર પોલીસ કમિશનર કચેરીને મોકલી આપ્યા હતા. નવા કરારમાં ઉતાવળ નહિ કરનારા મ્યુનિ. અધિકારીઓએ કાંકરીયામાં બોટીંગનાં કોન્ટ્રાક્ટરોનુ હિત સાચવતાં હોય તેમ આવતીકાલથી જ બોટીંગ શરૂ કરવામાં આવશે તેવી જાહેરાત કરી દીધી છે.

### અન્ય બે આરોપીની શોધખોળ હાથધરી છે

# બાઇક ધીમી ચલાવવા બાબતે યુવકની ચાકુના ઘા મારીને હત્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

શહેરના ઠક્કરબાપાનગરમાં ૨૩ વષીય લવ ઉર્ફે શિવમ તોમર ઓઇલ ટ્રેડર્સની દુકાન ધરાવી ધંધો કરે છે. ગત ૨૪ એપ્રિલે તેઓ એક્સેસ લઈને ઘરે જતા હતા ત્યારે કેવડાજીની ચાલીના નાકા પાસે પહોચ્યો તે સમયે વંસતનગરમાં રહેતો રોહિત ઝંડાવાળો એક્સેસ લઈને જતો હતો.

તેમજ તેની સાથે બીજા બાઈક પર વિશાલ અને અજય નામના યુવકો જતા હતા. તેમની સાથે લવને બાઈક ધીમી ચલાવવા બાબતે માથાકૂટ થઈ હતી. તે સમયે રોહિતે બિભત્સ ગાળો બોલીને લવને ધક્કો મારીને કાઢી મૂક્યો હતો અને સાંજે તને જોઇ લઇશ તેવી ધમકી આપી હતી. ત્યારબાદ સાંજના સમયે લવ મેડિકલમાં દુખાવાની ગોળી લેવા ગયો હતો તે સમયે ત્રણેય શખ્સો તેના ઘરે ગયા હતા. ત્યારે લવની માતાએ તેને ફોન કરીને જાણ કરતા તે તાત્કાલિક ઘરે પહોચતો હતો. ત્યારે કેવડાજીની ચાલી પાસે ત્રણેય શખ્સો લવને મળ્યા અને ઝઘડો કરીને માર મારવા લાગ્યા હતા. આ દરમ્યાન લવના ૨૩ વષીય જુડવા ભાઈ કુશને જાણ થતા તે છોડાવવા વચ્ચે પડ્યો હતો. આ દરમ્યાન ત્રણેયએ કુશને ચપ્પુના ઘા મારતા લોહિલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. બૂમાબૂમ થતા આસ પાસના લોકો આવી જતા ત્રણેય ત્યાંથી નાસી ગયા હતા. તેમજ ઈજાગ્રસ્ત કુશને સારવારઅર્થે હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન કુશનું મોત નિપજ્યુ હતુ.

# મધ્યપ્રદેશથી લાવીને વેચાણ કરતા ગેરકાયદે હથિયારનું રેકેટ ઝડપાયું

## ગુજરાત ATS દ્વારા ૨૫ પિસ્તોલ અને ૯૦ કારતૂ સાથે ૬ આરોપીને ઝડપી લીધા

। અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદમાં ગેરકાયદેસર ૨૫ પિસ્તોલો અને ૯૦ કારતૂસોનો જથ્થો સાથે ૬ આરોપીને ગુજરાત ATSની ટીમે ઝડપી લીધા છે. ATS ગુજરાતના વરીષ્ઠ પોલીસ અધિકારીઓ દ્વારા એ.ટી.એસ.ના અધિકારીઓને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ પર સવેલન્સ રાખવા સૂચના કરેલ હતી. આ દરમિયાન નાયબ પોલીસ અધિક્ષક હર્સ ઉપાધ્યાય નાઓને બાતમી મળેલ આધારે મધ્યપ્રદેશના જાંબુઆનો શિવમ નામના શખ્સ પાસેથી પોતાના કબ્જજમાં ગેર કાયદેસર પિસ્તોલો તથા કારતૂસોનો જથ્થો રાખી અમદાવાદના નારોલ બ્રિજના છેડે ફૂટપાથ ઉપર આવી ચોટીલાના મનોજ ચૌહાણ નામના શખ્સને ડીલીવરી કરવા જતા પોલીસે આરોપીઓને ઝડપી લીધા હતા. ATSએ આ બંને શખ્સ સામે પણ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી તજવીજ શરૂ કરી છે.

ગુજરાત ATSની ટીમે બાતમીના આધારે નારોલ બ્રિજના પાસેથી શિવમ (શિવા) ઈન્દરસીંગ ડામોર પાસેથી ૫ નંગ અને ૨૦ નંગ કારતૂસ સાથે પકડ્યો હતો. ત્યારબાદ તેના વિરુદ્ધ આર્મ્સ એકટનો ગુનો નોંધીને વધુ તપાસ કરવામાં જાણવા મળેલ કે, પકડાયેલ આરોપી શિવમ ઈંદ્રધસિંહ ડામોર છેલ્લા વર્ષ દરમિયાન વિવિધ ટ્રાવેલ્સમાં મધ્ય પ્રદેશથી જામખંભળિયા દર ત્રીજ ચોથા દિવસે આવન જાવન કરતો હતો, જે દરમિયાન તે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં અલગ અલગ માણસોનાં સંપર્કમાં આવી લોકોને હથિયાર જોઈએ તો મધ્યપ્રદેશથી લાવી આપવાની ખાતરી આપતો. જેમાં તેણે પોતાનું કમિશન મેળવી છેલ્લા ત્રણ માસ દરમિયાન અલગ અલગ લોકોને હથિયાર પહોચાડયા હોવાની વિગતો ઉજાગર થયેલ છે. જે બાદ PSI વી. આર. જડેજા, વી.એન.ભરવાડ તેમજ તપાસ કરનાર પો.સ.ઈ. આર. આર. ગરચરનાઓની ટીમ વિવિધ જગ્યાએ જઈ રેડ કરતા અમરેલી, રાજકોટ શહેર તેમજ સુરેન્દ્રનર્ગર જીલ્લાઓમાાંથી વધુ ૨૦ પિસ્તોલો તથા ૭૦ રાઉન્ડનો જથ્થા સાથે અન્ય ચાર ઈસમોની ધરપકડ કરેલ અને આર્મસસ એક્ટ અંતગસત ગન્હો દાખલ કરી કાયદેસરની કાયસવાહી હાથ ધરવામાાં આવેલ છે. ગેરકાયદેસર રીતે હથિયારોના સપ્લાય કરતા અન્ય કોઈ વ્યક્તિઓ સામેલ છે એ અંગે વધુ તપાસ હાલ ચાલુમા છે.

### શિસ્ત સમિતિની બેઠકમાં કોંગ્રેસનો નિર્ણય

# નિલેશ કુંભાણીને પક્ષમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ

। અમદાવાદ, તા.૨૬ ।



ગુજરાત સહિત દેશ ભરમાં હાલ લોકસભા ચૂંટણીનો માહોલ જામ્યો છે. દેશમાં સાત તબક્કામાં મતદાન થવાનું છે. પ્રથમ તબક્કાનું એપ્રિલની ૧૯મીએ અને બીજા તબક્કાનું ૨૬મીએ એમ બે તબક્કામાં મતદાન પૂર્ણ થયું, ગુજરતામાં ત્રીજા ફેસમાં ૭મેના રોજ મતદાન યોજાશે. સમગ્ર ગુજરાતમાં પ્રચાર પડઘમ ચાલી રહ્યા છે. સુરતમાં હાઈવૉલ્ટેજ ડ્રામા બાદ કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થયું હતું. ટેકેદારો હાજર ન થતાં નિલેશ કુંભાણીનું ફોર્મ રદ કરવામાં આવ્યું હતું. સાથે જ ભાજપ ત્યાં બિનહરીફ વિજેતા થયું છે. હવે કોંગ્રેસે નિલેશ કુંભાણીને ૬ વર્ષ માટે પાર્ટીમાંથી સસ્પેન્ડ કર્યા છે.

સુરતમાં કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીને આજે સસ્પેન્ડ કર્યા છે. સુરત કોંગ્રેસમાં તેના વિરોધનો રોષ વધી રહ્યો હોવાથી ગઈ કાલે કુંભાણીના 'વોન્ટેડ' અને 'ગદ્દાર' ના પોસ્ટર્સ લગાવવામાં આવ્યા હતા. આજે તેમને ૬ વર્ષ માટે કોંગ્રેસ પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, હાલ કુંભાણી ગુમ છે અને છેલ્લા કેટલાક દિવસથી સૌ કોઈ તેમણે શોધી રહ્યા છે. બનાવટ અને છેતરપીંડીના આરોપો સામે પોલીસે FIR નોંધવાનો ઈનકાર કર્યો હતો. કુંભણીનું ફોર્મ રદ થાય બાદથી જ ગુમ છે, હાલ તેઓ ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

આ બધા વચ્ચે કુંભાણીની ભાજપમાં જોડાવવાની અટકળો પણ વહેતી થઈ જે બાદ સુરતમાં તેમના વિરુધ્ધ રોષ વધુ ભભૂકયો હતો.

### ૯૫ વર્ષના રૂસ્તમજી મહેતાએ ઘરે બેઠા મતદાન કર્યું

# અત્યાર સુધી એક પણ ચૂંટણીમાં મતદાન કરવાની ફરજ ન ચૂકેલા ૯૫ વર્ષીય રૂસ્તમજી મહેતાએ આ વખતે ચૂંટણી તંત્રની મદદથી ઘરે બેઠા મતદાન કર્યું

## વ્હીલચેરની મદદથી ચાલતા રૂસ્તમજીનો મતદાન પ્રત્યેનો ઉત્સાહ લોકોને પ્રેરણા આપે તેવો

। અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદ શહેરમાં વયોવૃદ્ધ અને દિવ્યાંગ મતદારો ઘરે બેઠાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તેના માટે જિલ્લા ચૂંટણી તંત્ર તેઓના ઘરે જઈને મતદાન કરાવી રહ્યું છે. ૨૪ એપ્રિલથી શરૂ થયેલી વરિષ્ઠ અને દિવ્યાંગ મતદારોને ઘરે બેઠાં મતદાનની પ્રક્રિયા ૨૭મી એપ્રિલ સુધી ચાલવાની છે, જેમાં વિધાનસભા વાઈઝ ટીમોની સક્રિય કામગીરીથી અનેક વયોવૃદ્ધ અને દિવ્યાંગ મતદારો લોકશાહીના મહાપર્વમાં સહભાગી બની દેશહિતમાં મતદાન કરી રહ્યા છે.

અમદાવાદમાં જન્મેલા અને વર્ષોથી અહીં જ સ્થાયી થયેલા ૯૫ વર્ષીય રૂસ્તમજી મહેતાએ આ વખતે ચૂંટણી તંત્રની મદદથી ઘરે બેઠાં મતદાન કર્યું હતું. નરોડા વિધાનસભા મતવિસ્તારમાં રહેતા રૂસ્તમજી મહેતા પોતાના પુત્ર-પુત્રવધૂ અને પૌત્ર સહિત પરિવાર સાથે રહે છે.

અત્યાર સુધી એક પણ ચૂંટણીમાં મતદાન કરવાની ફરજ ન ચૂકેલા રૂસ્તમજી મહેતા હાલ ચાલવા માટે વ્હીલચેરનો ઉપયોગ કરી રહ્યા છે.







ઉંમર અને પગની તકલીફના કારણે રૂસ્તમજી હાલ ઘરમાં જ રહી પોતાનો સમય પસાર કરે છે તેમ છતાં પણ તેઓએ આ ઉંમરે મતદાન કરી સાચા અર્થમાં જાગૃત નાગરિક તરીકેનો ધર્મ નિભાવ્યો છે.

૯૫ વર્ષીય રૂસ્તમજી મહેતાને ઘરે બેઠાં જ મતદાન કરવાની મળેલી સુવિધા ખૂબ જ અનુકૂળભરી અને સારી લાગી હતી. આ સેવા બદલ તેમણે ચૂંટણી તંત્રનો પણ વિશેષ આભાર માન્યો હતો. સાથે સાથે તેઓએ નાગરિકોને અચૂક મતદાન કરવાની અપીલ પણ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતીય ચૂંટણી પંચની નિર્દેશિકા અનુસાર અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ વયોવૃદ્ધ અને દિવ્યાંગ મતદારોના ઘરે જઈને મત મેળવી રહ્યા છે.

**વિશેષ** | કઝાકિસ્તાનમાં SCO સંરક્ષણ મંત્રીઓની બેઠકે 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય'ને સમર્થન આપ્યું

# સંરક્ષણ સચિવે SCO ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને સુરક્ષા જાળવવા તરફ ભારતની અડગ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો

સંરક્ષણ સચિવ શ્રી ગિરધર અરમાણે ૨૬ એપ્રિલ, ૨૦૨૪ના રોજ કઝાકિસ્તાનના અસ્તાનામાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં ભાગ લીધો હતો. બેઠક દરમિયાન, તમામ SCO સભ્ય દેશોના સંરક્ષણ મંત્રીઓએ એક પ્રોટોકોલ પર હસ્તાક્ષર કર્યા હતા. મીટિંગ પછી એક સંયુક્ત સંદેશાવ્યવહાર જારી કરવામાં આવ્યો હતો, જેમાં SCO સંરક્ષણ મંત્રીઓ અન્ય પહેલોની સાથે 'વસુધૈવ કુટુંબકમ'ની પ્રાચીન ભારતીય ફિલસૂફીમાં રહેલા 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય'ના વિચારને વિકસાવવા માટે સંમત થયા હતા.

બેઠકમાં, સંરક્ષણ સચિવે SCO ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને સુરક્ષા જાળવવા તરફ ભારતની અડગ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. તેમણે SCO સભ્ય દેશોની સમૃદ્ધિ અને વિકાસ માટે આતંકવાદ પ્રત્યે તેના તમામ સ્વરૂપોમાં શૂન્ય-સહિષ્ણુતાનો અભિગમ અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. શ્રી ગિરધર અરમાણેએ સંયુક્ત રાષ્ટ્રમાં આંતરરાષ્ટ્રીય આતંકવાદ પર વ્યાપક સંમેલનના ભારતના લાંબા સમયથી ચાલતા પ્રસ્તાવનો ઉલ્લેખ કર્યો. તેમણે ઈન્ડો-પેસિફિક માટે ભારત દ્વારા પ્રસ્તાવિત 'સિક્યોરિટી એન્ડ ગ્રોથ ફોર ઓલ ઈન ધ રિજન (SAGAR)'ની વિભાવનાને પણ પ્રકાશિત કરી હતી.



### અંસારીને ઝેર આપી મારી નાખ્યાં : ઓવૈસી

# અસદુદ્દીન ઓવૈસીએ મુખ્તાર અંસારીને શહીદનો દરજ્જો આપ્યો

## ભાજપ, સપા કે અન્ય પાર્ટીઓ માત્ર ન્યાયની વાતો કરે છે પરંતુ હકીકતમાં તેનો અમલ કરતી નથી : ઓવૈસી

। (એજન્સી) વારાણસી, તા.૨૬ ।

વારાણસીમાં પહેલી વખત ત્રીજા મોર્ચા તરીકે બનેલી PDM એટલે પછાત, દલિત અને મુસ્લિમની જનસભા શહેરના નાટી ઈમલીની બુનકર કોલોનીના મેદાનમાં યોજાઈ. આ જનસભાને સંબોધિત કરતા AIMIM ચીફ અસદુદ્દીન ઓવૈસીએ ભાજપની સાથે વિપક્ષના નેતાઓ પર પણ નિશાન સાધ્યું. સાથે જ તેમણે માફિયા મુખ્તાર અંસારીનો પણ ઉલ્લેખ કર્યો. ઓવૈસીએ મુખ્તાર અંસારીને શહીદનો દરજ્જો આપ્યો. એટલુ જ નહીં તેમણે મંચ પરથી અતીક અહેમદની હત્યા પર પણ પ્રશ્નો ઊભા કર્યાં. આ દરમિયાન જનસભામાં હજારોની સંખ્યામાં લોકો હાજર હતાં. પોતાના ભાષણની શરૂઆતમાં AIMIM ચીફે કહ્યું કે આ બનારસ મોદીનું



નહીં ઉસ્તાદ બિસ્મિલ્લાહ અને તુલસીદાસ અને ગંગા જમુનાની તહજીબનું છે. PDM ન્યાય માટે બનાવવામાં આવી છે. ઉત્તર પ્રદેશના રાજકારણમાં પછાત સમાજ માટે એક વિકલ્પ માટે બનાવવામાં આવ્યું છે. અમે ૫૦ વર્ષથી વોટ આપનાર બન્યા, પરંતુ હવે અમે વોટ લેનાર બનીશું. સંઘ, ભાજપ, સમાજવાદી પાર્ટી કે અન્ય પાર્ટીઓ માત્ર ન્યાયની વાતો કરે છે પરંતુ હકીકતમાં તેનો અમલ કરતી નથી. ઓવૈસીએ અખિલેશ યાદવ પર નિશાન સાધતા કહ્યું કે જે (મુસ્લિમ) સપા માટે જીવ આપી રહ્યાં છે તેના જ પગમાં ગોળીઓ (એન્કાઉન્ટર) મારવામાં આવી રહી છે. અમારા જ ઘરને બુલડોઝરથી તોડવામાં આવી રહ્યું છે. પૂર્વ સાંસદ (અતીક) જે ૧૦ સુરક્ષા કર્મચારીઓની સાથે ચાલી રહ્યા છે તેને કોઈ પણ નજીકથી ગોળી મારી દે છે પરંતુ આ બધા વિશે અખિલેશ એક શબ્દ નથી કહેતા. સમાજવાદી પાર્ટી એ ઈચ્છે છે કે તમે ભૈયા માટે જીવ કુરબાન કરો. દરી પાથરો. એક સમય એવો આવશે જ્યારે અખિલેશ યાદવ પોતે દરી પાથરશે અને તમારા માટે જીવ પણ આપશે. ઓવૈસીએ કહ્યું, મુખ્તારનું નામ લઈને કહી રહ્યો છુ હુ કોઈના બાપથી ડરવાનો નથી. મુખ્તાર અંસારી એક માણસ હતો, જ્યુડિશિયલ કસ્ટડીમાં હતો.

### મણિપુરમાં થયેલી હિંસાનો ઉલ્લેખ કરાયો હતો

# માનવાધિકારના ઉલ્લંઘના અંગેના અમેરિકાના રિપોર્ટને ભારતે ફગાવ્યો

## અમેરિકાએ મણિપુરમાં થયેલી હિંસાનો ઉલ્લેખ કર્યો હતો અને દાવો કર્યો હતો કે ત્યાં માનવ અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬ ।

ભારતે માનવાધિકાર ઉલ્લંઘન અંગે અમેરિકા દ્વારા જારી કરાયેલા અહેવાલને સંપૂર્ણપણે ફગાવી દીધો છે. જેમાં અમેરિકાએ મણિપુરમાં થયેલી હિંસાનો ઉલ્લેખ કર્યો હતો અને દાવો કર્યો હતો કે ત્યાં માનવ અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. ભારતે ૮૦ પાનાના આ રિપોર્ટને ખોટો અને ભેદભાવપૂર્ણ ગણાવ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ગુરુવારે (૨૫ એપ્રિલ) કહ્યું કે રિપોર્ટ દર્શાવે છે કે ભારતને લઈને અમેરિકાની સમજ યોગ્ય નથી. સાપ્તાહિક બ્રીફિંગમાં યુએસ રિપોર્ટ પર પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, "અમે આ રિપોર્ટને કોઈ મહત્વ આપતા નથી



અને તમારે પણ તે જ કરવું જોઈએ. અમેરિકાએ રિપોર્ટમાં ભારતના ઘણા મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો છે. આ રિપોર્ટમાં ચીન, બ્રાઝિલ, બેલારુસ, મ્યાનમારની સાથે ભારતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અમેરિકાએ ભારત પરના રિપોર્ટને ૬ ભાગમાં વેંહેચયો છે. જેમાં ભારતે દાવો કર્યો હતો કે મણિપુરમાં મીતાઈ અને કુકી સમુદાયોમાં જાતિય હિંસા ફેલાયા બાદ માનવ અધિકારોનું ઉલ્લંઘન થયું છે. ૩ મે અને ૧૫ નવેમ્બરની વચ્ચે ઓછામાં ઓછા ૧૭૫ લોકો માર્યા ગયા અને ૬૦,૦૦૦ થી વધુ લોકો વિસ્થાપિત થયા. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે ભારતમાં સરમુખત્યારશાહી વધી છે. અમેરિકાના માનવાધિકાર રિપોર્ટમાં ભારતમાં રહેતા મુસ્લિમોને લઈને પણ ઘણા દાવા કરવામાં આવ્યા છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ભારતની ભાજપ સરકાર ભારતમાં મુસ્લિમો સાથે ભેદભાવ કરી રહી છે. ભારતમાં પણ લઘુમતીઓ પર હુમલા વધ્યા છે. રિપોર્ટમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે મોદી સરકાર પત્રકારોને ચૂપ કરવાનો અને તેમને જેલમાં મોકલવાનો પ્રયાસ કરી રહી છે.

### આતંકવાદીઓને લઈને સર્ચ ઓપરેશન ચાલુ

# કાશ્મીરમાં સુરક્ષાકર્મીઓ બે આતંકવાદીઓ ઠાર કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદીઓને ખતમ કરવામાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. એન્કાઉન્ટરમાં બે આતંકવાદીઓ માર્યા ગયા છે. સુરક્ષા દળોને સોપોરમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. આ પછી આતંકવાદીને પકડવા માટે ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. આ દરમિયાન આતંકીઓ તરફથી ગોળીબાર શરૂ થયો હતો. સુરક્ષા દળોએ પણ સામે ગોળીબાર શરૂ કર્યો હતો. એન્કાઉન્ટરમાં આતંકવાદીઓના મોતની પુષ્ટિ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, બારામુલ્લા જિલ્લાના સોપોર વિસ્તારના ચેક



મોહલ્લા નોપોરામાં સૈનિકો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. જમ્મુ-કાશ્મીરમાં છુપાયેલા આતંકવાદીઓની શોધમાં સ્થાનિક પોલીસ અને સુરક્ષા દળોએ સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું હતું. આ દરમિયાન સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે અથડામણ શરૂ થઈ હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ અથડામણમાં એક નાગરિક અને બે સૈનિકો પણ ઘાયલ થયા છે.

# ટીએમસી સરકાર ક્યારેય લૂંટવાની તક છોડતી નથી : વડાપ્રધાન મોદી

## સંદેશખલીમાં મહિલાઓ પર આટલા અત્યાચારો થયા અને ટીએમસી સરકાર અંત સુધી મુખ્ય આરોપીને બચાવતી રહી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

। (એજન્સી) માલદા, તા.૨૬ ।



શુક્રવારે પશ્ચિમ બંગાળની ત્રણ લોકસભા બેઠકો પર મતદાન ચાલુ છે. આ દરમિયાન પીએમ મોદીએ માલદા જિલ્લામાં જનસભાને સંબોધિત કરી છે. આ દરમિયાન તેમણે રાજ્યની મમતા સરકાર પર જબરદસ્ત નિશાન સાધ્યું. પીએમ મોદીએ ડાબેરીઓ પર પણ આકરા પ્રહારો કર્યા. મોદીએ કહ્યું કે એક સમય એવો હતો કે જ્યારે બંગાળ આખા દેશના વિકાસનું નેતૃત્વ કરતુ હતું, પરંતુ પહેલા ડાબેરીઓએ અને પછી ટીએમસીના લોકોએ બંગાળની આ મહાનતાને ઠેસ પહોંચાડી, બંગાળના સન્માનને ઠેસ પહોંચાડી, વિકાસને અટકાવી દીધો. પીએમએ રેલીમાં એમ પણ કહ્યું કે પીએમ કિસાન સન્માન નિધિના ૮ હજાર કરોડ રૂપિયા સીધા બંગાળના ૫૦ લાખથી વધુ ખેડૂતોના ખાતામાં મોકલવામાં આવ્યા છે. પરંતુ, ટીએમસી સરકાર તમને લૂંટવાની કોઈ તક છોડતી નથી. બંગાળના વિકાસ માટે હું કેન્દ્રથી બંગાળ સરકારને જે પૈસા મોકલું છું તે ટીએમસીના નેતાઓ, મંત્રીઓ અને વચ્ચેના માણસો સાથે મળીને ખાઈ જાય છે. પીએમ મોદીએ સભામાં એમ પણ કહ્યું કે તમે એટલો બધો પ્રેમ આપો છો... એવું લાગે છે કે કાં તો હું મારા પાછલા જન્મમાં બંગાળમાં જન્મ્યો હતો અથવા પછીના જીવનમાં બંગાળની માતાના ખોળે જન્મ લેવાનો છું. વડાપ્રધાન મોદીએ કહ્યું કે મા-માટી-માનુષની વાતો કરીને સત્તામાં આવેલી ટીએમસીએ સૌથી મોટો દગો અહીંની મહિલાઓ સાથે જ કર્યો છે.

જ્યારે અમારી સરકારે મુસ્લિમ બહેનોને અત્યાચારોથી બચાવવા માટે ટ્રિપલ તલાક નાબૂદ કર્યો ત્યારે ટીએમસીએ તેનો વિરોધ કર્યો. સંદેશખલીમાં મહિલાઓ પર ઘણા અત્યાચારો થયા અને ટીએમસી સરકાર અંત સુધી મુખ્ય આરોપીને બચાવતી રહી. વડાપ્રધાને વધુમાં કહ્યું કે, 'ટીએમસી અને કોંગ્રેસ વચ્ચે તુષ્ટિકરણની સ્પર્ધા ચાલી રહી છે. રાજ્ય સરકાર બંગાળમાં બાંગ્લાદેશી ઘૂસણખોરોને લાવીને વસાવવાનું કામ કરે છે. આ ઘૂસણખોરોને તમારી જમીન અને ખેતરો પર કબજો કરવા દે છે. કોંગ્રેસ તમારી સંપત્તિ આવી વોટ બેંકમાં વહેંચવાની વાત કરી રહી છે.

# મહાદેવ એપ કેસમાં ભારતના હેડ સહિત બેની ધરપકડ



। (એજન્સી) લખનૌ, તા.૨૬ ।

ઉત્તર પ્રદેશ STFએ મહાદેવ ગેમિંગ એપ અને અન્ય બેટિંગ એપ દ્વારા અબજો રૂપિયાની છેતરપિંડી કરનારા ગેંગના બે આરોપીઓની લખનઉથી ધરપકડ કરી છે. આ સાથે આરોપીઓની પૂછપરછમાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. બંને આરોપીનું નામ અભય સિંહ અને સંજીવ સિંહ છે. પકડાયેલો આરોપી અભય ભારતમાં આવેલી મહાદેવ બુક ગેમિંગ કંપનીની ઓફિસનો હેડ છે. જ્યારે સંજીવ તેનો પિતરાઈ ભાઈ છે. સંજીવ દુબઈથી એપનું નેટવર્ક ચલાવતો હતો. આરોપીઓ વોટ્સએપ અને ટેલીગ્રામનો ઉપયોગ કરવા કોર્પોરેટ સિમકાર્ડને પોર્ટ કરાવી દુબઈ મોકલતા હતા. આ ઉપરાંત આ સિમકાર્ડ માટે તેઓ નકલી દસ્તાવેજો ઉપયોગ કરતા હોવાનો પણ ખુલાસો થયો છે. અભયે પૂછપરછમાં કહ્યું કે, 'મારી માસીનો દિકરો અભિષેક સિંહ દુબઈમાં રહે છે. તેણે જ મને ફોન કરીને કહ્યું કે, તારે તારા વિસ્તારના ગરીબ અને અભણ લોકોના નામે સીમકાર્ડ ખરીદવાના છે અને તેના બદલે તને ૨૫,૦૦૦ પગાર મળશે. આ ઉપરાંત પ્રતિ સિમકાર્ડ દીઠ રૂપિયા ૫૦૦ પણ મળશે. તારે સિમકાર્ડને અન્ય કંપનીમાં પોર્ટ કરવાના છે.' તેણે કહ્યું કે, 'અભિષેક સાથે વાત થયા બાદ મેં મારા ગામની આસપાસના લોકોના નામ પર સિમકાર્ડ પોર્ટ કરવાનું કામ શરૂ કર્યું હતું. હું દરેક સિમકાર્ડનો યુપીસી કોડ ચેતન જોશીને આપતો હતો. ચેતન અભિષેક સાથે કામ કરતો અને છત્તીસગઢના ભિલાઈનો હતો. હું લગભગ એક મહિનામાં ૩૦થી ૩૫ સિમકાર્ડ એક્ટિવ કરાવી દેતો હતો.' આરોપી અભયે કહ્યું કે, 'જાન્યુઆરી-૨૦૨૩માં મારી સેલેરી ૨૫૦૦૦થી વધારી ૭૫૦૦૦ કરાઈ હતી અને મને કોર્પોરેટ સિમકાર્ડ (પોસ્ટપેડ સિમ)નું પણ કામ સોંપાયું હતું. મેં આ સિમકાર્ડના દ્વરૂઝ માટે નકલી દસ્તાવેજો બનાવ્યા હતા અને પછી નકલી કંપની રજિસ્ટર્ડ કરવાનું કામ શરૂ કર્યું હતું. આ માટે હું અને ચેતન કેટલીક કંપનીના ડોક્યુમેન્ટ અને નકલી આધાર કાર્ડનો પણ ઉપયોગ કરતા હતા. આ સિમકાર્ડ એક્ટિવ થયા બાદ અને સિમ દીઠ ૨૦૦૦ રૂપિયા મળતા હતા.

### પોતાના પક્ષમાં પોતાની કોલ ડિટેલ રેકોર્ડ રજૂ કરી હતી

# બૃજભૂષણ સિંહની દલીલો રાઉઝ એવન્યૂ કોર્ટે ફગાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

રાઉઝ એવન્યૂ કોર્ટે મહિલા પહેલવાનો દ્વારા દાખલ કરવામાં આવેલી યૌન ઉત્પીડન મામલામાં આગળની તપાસની માગ કરતી ભાજપના સાંસદ અને પૂર્વ ડબ્લ્યૂએફઆઈ અધ્યક્ષ બૃજભૂષણ સિંહની અરજીને ફગાવી દીધી છે. બૃજ ભૂષણ સિંહે દાવો કર્યો હતો કે, આ ઘટનાના દિવસે તે ભારતમાં નહોતો. હવે ૭ મેના રોજ રાઉઝ એવન્યૂ કોર્ટ મુખ્ય મામલામાં આરોપ નક્કી કરવાનો નિર્ણય સંભળાવી શકે છે. એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મજિસ્ટ્રેટ પ્રિયંકા રાજપૂતે બૃજભૂષણ શરણ સિંહની અરજી પર સુનાવણી કરી હતી. બૃજભૂષણ શરણ સિંહના કેસમાં આરોપ નક્કી થતાં પહેલા અરજી દાખલ કરવાનો દાવો કર્યો હતો. તે ઘટનાના સમયે ભારતમાં હાજર નહોતા. પોતાના પક્ષમાં તેણે પોતાની કોલ ડિટેલ રેકોર્ડ રજૂ કરી હતી.




અનુરોધ કર્યો કે, આ એંગલથી તપાસ થવી જોઈએ. કોર્ટે મામલાના તપાસ અધિકારીને પૂછ્યું કે, આરોપીની સીડીઆર વિશ્વસનીય દસ્તાવેજ છે કે નહીં, તપાસ અધિકારીએ કહ્યું કે, આ અવિશ્વસનિય દસ્તાવેજ નથી. દિલ્હી પોલીસે ૧૫ જૂન ૨૦૨૩ના રોજ કોર્ટને એક રિપોર્ટ સોંપ્યો હતો. જેમાં સગીર પહેલવાન સાથે જોડાયેલ કેસ રદ કરવાનો અનુરોધ કર્યો હતો, કેમ કે તેના પિતાએ તપાસની વચ્ચે આ ચોંકાવનારો દાવો કર્યો હતો કે, તેમણે સિંહ સાથે બદલો લેવા માટે તેમના વિરુદ્ધ યૌન ઉત્પીડનનો ખોટો આરોપ લગાવ્યો હતો. જો કે પહેલવાનો સાથે જોડાયેલ મામલામાં તપાસ હજુ ચાલું છે.

# વોટ્સએપે સ્પષ્ટ કહ્યું જો સરકાર મજબૂર કરશે તો ભારત છોડી દઈશું : Whatsapp

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

દિલ્હી હાઈકોર્ટ માં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપે સ્પષ્ટ કહ્યું છે કે જો તેને મેસેજ એક્રિપ્શન હટાવવા માટે મજબૂર કરવામાં આવશે વોટ્સએપ ભારતમાં અસરકારક રીતે બંધ થઈ જશે. મેટા-માલિકીની કંપની (Mªa-owned company) વ્હોટ્સએપે હાઈકોર્ટમાં વધુમાં કહ્યું હતું કે 'યુઝર્સની પ્રાઈવસી એન્ડ-ટુ-એન્ડ એક્રિપ્શન દ્વારા સુરક્ષિત છે. આના દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવે છે કે મેસેજ મોકલનાર અને રીસિવ કરનાર જ અંદરના કંટેટ જાણી શકે છે.' ઉલ્લેખનીય છે કે વોટ્સએપે આ વાત ઈન્ફોર્મેશન ટેક્નોલોજી નિયમ ૨૦૨૧ (IT Rules ૨૦૨૧)ને પડકારતી વખતે આ વાત કહી છે. એક અહેવાલ




અનુસાર, વોટ્સએપ વતી કોર્ટમાં હાજર રહેલા વકીલ તેજસ કારિયાએ ડિવિઝન બેંચને જણાવ્યું હતું કે, 'લોકો પ્રાઈવસી ફીચર્સને કારણે જ વોટ્સએપનો ઉપયોગ કરે છે. કંપની IT નિયમો ૨૦૨૧ને પડકારી રહી છે, જેમાં મેસેજ ટ્રેસ કરવાની અને મોકલનારને ઓળખ કરવાની વાત કરવામાં આવી છે. કંપનીની દલીલ છે કે આ કાયદો એનક્રિપ્શનને નબળો પાડશે અને ભારતીય બંધારણ હેઠળ યુઝર્સની પ્રાઈવેસીના રક્ષણનું ઉલ્લંઘન થશે.' વિશ્વમાં બીજે ક્યાંય આવો નિયમ નથી: વકીલ કારિયા નોંધનીય છે કે ગયા વર્ષે આયોજિત એક મેટા પ્રોગ્રામમાં કંપનીના સીઈઓ માર્ક ઝકરબર્ગે કહ્યું હતું કે, 'ભારત એક એવો દેશ છે જે સૌથી આગળ છે. લોકો અને વ્યવસાયો મેસેજિંગને કેવી રીતે અપનાવે છે તેમાં આપ (ભારત) વિશ્વનું નેતૃત્વ કરી રહ્યાં છો.' વોટ્સએપનું કહેવું છે કે નિયમો કન્ટેન્ટના એક્રિપ્શન અને યુઝર્સની પ્રાઈવેસીને નબળી પાડે છે. વકીલ કારિયાએ વધુમાં કહ્યું હતું કે, વોટ્સએપના વકીલ કારિયાએ વધુમાં કહ્યું હતું કે, 'વિશ્વમાં બીજે ક્યાંય આવો નિયમ નથી. બ્રાઝિલમાં પણ નહીં. આપણે આખી સાંકળ રાખવી પડશે અને અમને ખબર નથી.

# પાકિસ્તાન જ ઈસ્લામિક સ્ટેટના આતંકીઓને શરણ આપી રહ્યું છે

## અફઘાનિસ્તાનના ત્રણ પાડોશી દેશોએ ઈસ્લામિક સ્ટેટને ફરી બેઠા થવા માટે અનુકુળ માહોલ પૂરો પાડ્યો છે

। (એજન્સી) કાબુલ, તા.૨૬ ।

પાકિસ્તાન સાથેની બોર્ડરને માન્યતા આપવાનો ઈનકાર કરી ચુકેલા અફઘાનિસ્તાનના તાલિબાની શાસકોએ પાકિસ્તાન પર પ્રહારો કરવાનુ ચાલુ રાખ્યુ છે. તાલિબાન સરકારના વિદેશ મંત્રી આમિર ખાન મુત્તાકીએ કહ્યું છે કે, 'પાકિસ્તાનની સરકાર ઈસ્લામિક સ્ટેટના આતંકવાદીઓને આશ્રય આપી રહી છે. અફઘાનિસ્તાનના ત્રણ પાડોશી દેશોએ ઈસ્લામિક સ્ટેટને ફરી બેઠા થવા દેવા માટે અનુકુળ માહોલ પૂરો પાડ્યો છે.



એક દેશ આતંકવાદીઓને ઉપલબ્ધ કરાવે છે, બીજો દેશ તેમને તાલિમ અને ભંડોળ આપીને તેમના દુષ્પ્રચારને સહાય કરે છે તો ત્રીજો દેશ આતંકવાદીઓને હુમલો કરવા માટે મદદ કરે છે.' વિદેશ મંત્રી મુત્તાકીએ કોઈ દેશનુ નામ નહોતુ લીધુ પણ તેમનો ઈશારો સ્પષ્ટપણે પાકિસ્તાન તરફ હતો. તેમણે જણાવ્યુ હતુ કે, 'કેટલાક દેશો શરુઆતમાં તો કટ્ટરવાદી સંગઠનોને સમર્થન આપે છે પણ પછીથી તેઓ તેમને અપાતો ટેકો પાછો પણ ખેંચી લેતા હોય છે.'અફઘાનિસ્તાન ઈસ્લામિક સ્ટેટ પર રોષે ભરાયેલુ છે. કારણકે તાલિબાનને સત્તા સંભાળ્યા બાદ અફઘાનિસ્તાનમાં મોટાભાગના આતંકી હુમલા ઈસ્લામિક સ્ટેટે જ કર્યા છે. તે તાલિબાનને પોતાનુ નંબર વન દુશ્મન ગણાવે છે. બીજી તરફ પાકિસ્તાન સાથે તાલિબાનોના સબંધો અત્યારે વણસી ચૂકયા છે. પાકિસ્તાનનો આરોપ છે કે, 'અફઘાનિસ્તાનમાં શરણ લેનારા તહેરિક એ તાલિબાન પાકિસ્તાનના આતંકીઓ પાકિસ્તાનમાં ઘૂસીને આતંકી હુમલા કરે છે અને લશ્કરને ટાર્ગેટ કરે છે.' પાકિસ્તાને પોતાની તાકાત બતાવવા માટે અફઘાનિસ્તાનમાં ગયા મહિને એર સ્ટ્રાઈક પણ કરી હતી અને ત્યારથી તાલિબાનના નેતાઓ પાકિસ્તાનની સામે બાંયો ચઢાવી રહ્યા છે. તાલિબાને તો પાકિસ્તાનને જવાબ આપવા માટે ભારત સાથે સબંધો સુધારવાનુ પણ શરૂ કરી દીધુ.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર




ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

## તંત્રી લેખ...

# ભાવનાઓ મૂલ્યોને અનુભવે છે અને વ્યક્ત પણ કરે છે

આધ્યત્મિકતા નો માર્ગ એટલે જવાબદારી નો સ્વીકાર. આધ્યાત્મિક ક્ષેત્રમાં સાધનાની બે પ્રવૃત્તિઓ છે. અંતર્મુખી અને બહિર્મુખી. ઈશ્વરનો ગુણાનુવાદ બહિર્મુખી સાધનાનું અંગ છે, જ્યારે મૌન અંતર્મુખી સાધનાનો આધારછે. તેનાથી સાધક જગતના પ્રપંચોથી મુક્ત થઈને એકાગ્ર થઈ જાય છે. મન-મસ્તિષ્કમાં સકારાત્મક ભાવોનો ઉદય થાય છે. તેથી મૌન એકનિષ્ઠ ભક્તિનું અનિવાર્ય તત્ત્વ છે અને સાધનાના પથ પર પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ કરાવનાર સાધકનો અભિન્ન સહચર છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ ખુદ કહે છે, 'હું જ પ્રાણીઓમાં ગોપનીય ભાવોનું રક્ષક મૌન છું.' અતિવક્તૃતા સામાજિક બુરાઈ છે તથા શારીરિક અને માનસિક ઊર્જાના ક્ષરણનું કારણ પણ. રક્તચાપ, અનિદ્રા, તણાવ જેવા રોગ એનાથી જ ઉત્પન્ન થાય છે. શાંતિ પ્રદાયક હોવાથી મૌન તેનું શ્રેષ્ઠતમ નિદાન છે. લૌકિક જીવનમાં પણ મૌનનું અનપેક્ષિત મહત્ત્વ છે. જોકે મૌનને દૈન્ય અને અજ્ઞાનતાના આચ્છાદનનું કારણ પણ કહેવામાં આવે છે, પરંતુ તે બૌદ્ધિક શક્તિમાં વૃદ્ધિ કરીને ચિંતનને પરિશુદ્ધ કરે છે, જેનાથી વિચારો પર નિયંત્રણ આવે છે. તેથી જીવનને તણાવગ્રસ્ત કરનારા વૈચારિક પ્રદૂષણના આ દૌરમાં મૌન જીવન માટે સર્વોત્તમ ઔષધિ છે. મૌનના મહત્ત્વને ઈંગિત કરતાં ગાંધીજીએ પણ કહ્યું છે, 'જો બોલવું એક કલા છે તો મૌન તેનાથી પણ મોટી કલા છે.' ઈન્દ્રિય અનુભૂત વિષયોના પ્રગટીકરણનું માધ્યમ વાણી છે. તેના આવેગથી ભાવનાઓ પ્રબળ થઈને શબ્દોનું રૂપ ધારણ કરે છે. જ્યારે વાણીના આવેગ પર પૂર્ણ નિયંત્રણ મૌન કહેવાય છે, જેમાં ભાવોનું પ્રકટીકરણ બાહ્ય ન હોઈને આભ્યંતરિક હોય છે. મૌન પણ એક ભાષા છે જેમાં શબ્દો વિના પણ અભિવ્યક્તિ હોય છે. તેથી વિદ્વાનો અનુસાર આચરણની ભાષા મૌન છે. મૌન વાણીનું તપ છે, જે મન અને ચિત્તવૃત્તિઓનું નિયંત્રક પણ છે. તેનાથી મનુષ્ય વાણીના દોષોથી મુક્ત થઈને શારીરિક અને માનસિક શાંતિ પ્રાપ્ત કરે છે. ભાવનાઓ મૂલ્યોને અનુભવે છે અને વ્યક્ત કરે છે.મૂલ્યો એ લાગણીઓ અને ઈમોશન/ભાવનાઓ કે જે ને શબ્દો દ્વારા સંપૂર્ણપણે ઝાલી-બાંધી શકાતી નથી, અથવા બુદ્ધી દવારા સમજી શકાતી નથી. આધ્યત્મિકતા ના મર્ગ નો હેતુ જીવન ના અધ્યાત્મિક પાસાઓ ને સમજવા અને તે મૂલ્યો પ્રમાણે જીવવાનો છે. આ મૂલ્યો કયા છે?શાંતિ, પ્રેમ, આનંદ, સૌંદર્ય, અમર્યાદિત/અગાધ જ્ઞાન,અને મન/મગજ અને દ્રવ્ય/ભૌતિકતા ને સમજવાની ક્ષમતા.

## બિનજરૂરી સેવાઓ માટે બિલિંગ કરવું અને તેના પર અંકુશ લગાવવાની જરૂર

ભારત જેવા દેશમાં જ્યાં સેવાનિવૃત્ત લોકો અને બુઝુર્ગો માટે પશ્ચિમી દેશોની જેમ ચિકિત્સા સુવિધાઓનું કવચ નથી, ત્યાં લોકોની અંતિમ આશા ખુદ ખરીદવામાં આવેલી હેલ્થ વીમા પોલિસીઓ પર ટકે છે. પરંતુ વીમા કંપનીઓના નિરંકુશ વ્યવહાર અને ઉપચાર બાદ ક્લેમની ચૂકવણીમાં કિંતુ-પરંતુને કારણે વૃદ્ધોને એ ભરોસો નથી હોતો કે વીમા કંપનીઓ તેમની સારવારના પૈસા ઉપલબ્ધ કરાવશે. જોકે સ્વાસ્થ્ય સેવા તંત્રને વધુ સમાવેશી અને સર્વસુલભ બનાવવાની દિશામાં ભારતીય વીમા નિયામક અને વિકાસ સંસ્થા એટલે કે આઈઆરડીએઆઈએ સ્વાસ્થ્ય વીમા ખરીદનારા વ્યક્તિઓ માટે ૬૫ વર્ષની ઉંમર સીમાને હટાવી દીધી છે. હાલમાં જ એક અધિસૂચનામાં વીમા નિયામકે વીમાકર્તાઓને એ સુનિશ્ચિત કરવાનો આદેશ આપ્યો કે તેઓ તમામ ઉંમર વર્ગ માટે ઉપયોગી સ્વાસ્થ્ય વીમા પોલિસી રજૂ કરે. હંમેશાં જોવામાં આવ્યું છે કે વીમા કંપનીઓ અને એજન્ટો વધુ ઉંમરના લોકોને ત્યારે જ જીવનરક્ષક પોલિસી આપવાનો ઈનકાર કરી દે છે, જ્યારે તેમને તેની ખાસ જરૂર હોય છે. એટલું જ નહીં, કંપનીના હિતમાં બનાવવામાં આવેલ જૂની નીતિઓના આધાર પર કેટલાય દાવા ફગાવી દેવામાં આવે છે. વીમા નિયામક દ્વારા વીમા કંપનીઓને પહેલેથી નિર્ધારિત સ્થિતિઓના આધાર પર દાવા નકારવાથી રોકવામાં આવી છે. વીમા નિયામકે કહ્યું છે કે વીમાકર્તા હવે કેન્સર, હૃદયરોગ અને કિડનીના રોગો, એઈડ્સ જેવી ગંભીર ચિકિત્સા સ્થિતિઓવાળા વ્યક્તિઓને પોલિસી આપવાની ના ન પાડી શકે. નિશ્ચિતપણે આ તાર્કિક સ્થિતિ છે કે નિવૃત્તિ બાદ આવકનાં સાધનો ઘટે છે, શરીર સાથ નથી આપતું અને પોતાનાઓનો સાથ પણ છૂટે છે ત્યારે લાચાર બનેલા વ્યક્તિને હવે હેલ્થ વીમા કવચ મળી શકશે. નિઃસંદેહ આ પ્રકારના કેટલાય ગંભીર રોગોથી ગ્રસ્ત લોકો ચિકિત્સા વીમો નહીં મળી શકવાને કારણે ગરીબીમાં ફસાઈ જાય છે. કોરોના સંકટ દરમ્યાન કેટલાય પરિવારોની ગરીબીના દુષ્ચક્રમાં ફસાવાના કિસ્સા જોવા મળ્યા. નિશ્ચિતપણે વીમા નિયામકની આ પહેલ સમયની જરૂરિયાતના હિસાબે એક કલ્યાણકારી વ્યવસ્થા તરફ ભરેલું એક પગલું છે. જો બુઝુર્ગોને વીમા સુવિધા મળવા લાગશે તો અણધાર્યા ચિકિત્સા ખર્ચના ઝાટકાને સહન કરવા માટે પહેલેથી જ બહેતર તૈયારી કરી શકે છે. નિશ્ચિતપણે આ સુવિધા એ દેશ માટે બદલાવકારી હોઈ શકે છે જ્યાંની યુવા આબાદી બુઝુર્ગ આબાદીની દિશામાં વધી રહી છે. સંયુક્ત રાષ્ટ્ર જનસંખ્યા કોષ અનુસાર ૨૦૫૦ સુધી વરિષ્ઠ નાગરિકોની સંખ્યા દેશની કુલ આબાદીની વીસ ટકાથી વધુ હોવાનું અનુમાન છે. એવામાં બહેતર જીવન પ્રત્યાશા માટે અને મહિલાઓના સ્વાસ્થ્ય માટે હેલ્થ વીમો ઘણો ઉપયોગી થઈ શકે છે. એ વાતમાં બેમત નહીં કે વીમા ઉત્પાદનોને ગ્રાહકોને અનુકૂળ બનાવવાની સખત જરૂરિયાત છે. અસલમાં સામાન્ય ગ્રાહક શબ્દજાળ અને વીમા પોલિસીઓની જટિલતાઓને કારણે વીમા ઉત્પાદનો ખરીદવામાં સંકોચ કરી રહ્યા છે. કેટલીય અસ્પષ્ટતાઓ અને કિંતુ-પરંતુ પોલિસીધારકના મનમાં શંકા અને અનિશ્ચિતતા પેદા કરે છે. જ્યારે બીજી તરફ લાભ અને જોખમ વિશે ખોટી માહિતી કે અપૂરતી માહિનતી ગ્રાહકોના શોષણ અને પરેશાનીનું કારણ બને છે. તેથી જરૂરી છે કે ગ્રાહકોનો વિશ્વાસ સંપાદિત કરવા માટે પારદર્શી અને પરેશાની મુક્ત દાવા નિકાલની વ્યવસ્થા હોય. તેની સાથે જ વીમા ચૂકવણી સાથે જોડાયેલી ગરબડો પર અંકુશ લગાવવા માટે મજબૂત તંત્ર પણ બનાવવામાં આવે. ૨૦૨૩માં કરાયેલા એક સર્વે અનુસાર લગભગ સાઈઠ ટકા ભારતીય વીમા કંપનીઓમાં છેતરપિંડીના કેસોમાં ઝડપથી વૃદ્ધિ જોવા મળી છે. ખાસ કરીને જીવન અને સ્વાસ્થ્ય વીમા ક્ષેત્રમાં. તેના નિયમન માટે ખોટા વાયદા, પ્રદાન કરવામાં આવેલ સેવા માટે શુલ્ક વધારવા અને ચિકિત્સકીય રૂપે બિનજરૂરી સેવાઓ માટે બિલિંગ કરવું એના પર અંકુશ લગાવવાની જરૂર છે.

**રામનામ એ ઉંબર પરના દીવાની જેમ ભીતર પણ અજવાળું કરશે અને બહાર પણ અજવાળા પાથરશે!**

# રામનામ એ ઉંબર પરના દીવાની જેમ ભીતર પણ અજવાળું કરશે અને બહાર પણ અજવાળા પાથરશે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**રામનું સ્વરૂપ, રામનું નામ, રામની લીલા, રામનું ધામ, રામનું રૂપ, એ બુદ્ધિની બહાર છે કોઈ એને માપી નથી શકતું, ઈશ્વરની ગતિ અતિ વિચિત્ર હોય છે, માટે સંસારને જોડવાનું કામ એ શુભ મંગલનું કામ છે અને એ જો પૂર્ણ થાય તો વિધિવત પૂજા કરો.**

માનસ સેતુની પાંચમાં દિવસની કથામાં પ્રવેશ કરતાં પૂજ્ય બાપુએ કહ્યું કે, જ્યારે સમુદ્ર પર સેતુ બની રહ્યો હતો, ત્યારે જામવંતજીએ કહ્યું કે પ્રભુ આપનું નામ જ એક સેતુ છે, એનાથી ભવસિંધુ સૂકાઈ જાય છે. તુલસીદાસજી એ પણ રામ નામ મહિમાનું વર્ણન ૭૨ પંક્તિઓમાં કર્યું છે.

**નામ લેત ભવસિંધુ સુખાહિ,**
**કરહું બિચારુ સુજન મન માહી.**

તાત્વિક રીતે જોઈએ તો સમુદ્ર પર સેતુ બનાવવા માટે ભગવાન રામ સહિત સૌએ અથાગ પરિશ્રમ કર્યો છે. નલ અને નીલ નામના બે વાનરોને વરદાન હતું, પણ બાકીના કેટલાય હાથો મોટી મોટી ભેખડો, પથ્થરો, અને પહાડો, ભેગા કરી અહીં લાવ્યા હશે, ત્યારે સેતુ બન્યો. તુલસીદાસજી લખે છે કે શ્રી રઘુવીર પ્રતાપ તે સિંધુ તરે પાષાન! સો યોજન સેતુ બનાવવા માટે પાંચ દિવસનો સમયગાળો થયો હતો. શું આવડો મોટો સેતુ પાંચ દિવસમાં બની શકે? એ સમયે તો ક્રેન કે બુલડોઝર પણ નહોતા! રામચરિત માનસને સમજવું થોડું અઘરું છે, જામવંતજી પ્રભુને પ્રાર્થના કરે છે કે, પ્રભુ શાસ્ત્ર કહે છે મંગલ કાર્ય પહેલા પૂજા કરવી આવશ્યક છે, આપણે સેતુ નિર્માણનું કાર્ય કરી રહ્યા છીએ, તો બે મિનિટની એક પૂજા કરી લઈએ, તમે એની માટેના શ્લોક બોલો પરંતુ ભગવાન એવું કંઈ કરતા નથી, અને જ્યારે સેતુ બની જાય છે, ત્યારે શિવની સ્થાપના રૂપે વિધિવત પૂજા કરે છે. એના પરથી સ્પષ્ટ સમજાઈ જાય કે પ્રભુ શ્રીરામ સેતુબંધનાં હિમાયતી હતાં, એટલે સેતુબંધ પછી ભગવાન શિવની સ્થાપના કરી.

**લિંગ થાપી વિધિવત કરી પૂજા,**
**શિવ સમાન પ્રિય મોહી ન દુજા.**

રામનું સ્વરૂપ, રામનું નામ, રામની લીલા, રામનું ધામ, રામનું રૂપ, એ બુદ્ધિની બહાર છે કોઈ એને માપી નથી શકતું. ઈશ્વરની ગતિ અતિ વિચિત્ર હોય છે, માટે સંસારને જોડવાનું કામ એ શુભ મંગલનું કામ છે અને એ જો પૂર્ણ થાય તો વિધિવત પૂજા કરો. ભગવાન રામનું નામ નવ પ્રકારના સેતુનું નિર્માણ કરનાર છે. સંખ્યામાં તો નવ સેતુ છે, પણ પુરાણો સેતુ, નવીન સેતુ, ઐતિહાસિક સેતુ, આધ્યાત્મિક સેતુ, સ્થૂળ સેતું સૂક્ષ્મ સેતુ, બહિરંગી સેતુ, અંતરંગ સેતુ. આ નવ સેતુ વચ્ચે ઠાકોર નું નામ સેતુ બને છે. મંત્રણાં પ્રણવો સેતુ। બધા મંત્રોમાં પ્રણવ સેતું છે, અને રામનામ ઉઁ કાર છે. જેને શિવ નિરંતર જપે છે. જેનો મહિમા ગણેશ એ જાણ્યો છે, અને તેથી તે પ્રથમ પૂજનીય બન્યા!: મા પાર્વતીએ પણ સહસ્ત્ર નામની બદલે રામ મંત્ર સ્વીકાર્યો, અને જગતની પતિવ્રતા સ્ત્રીની આચાર્યાનું પદ મેળવ્યું. વાલ્મિકી જીએ રામ અને બદલે મરા એમ ઊલટું જપ્યા તો એ શુદ્ધ થઈ ગયાં. ૧) રામનામ ક્રોધ અને બોધ વચ્ચેનો સેતુ રામનામ છે, કોઈ એક વ્યક્તિ અતિશય ક્રૌધ કરે, અને સામેવાળો એની પ્રતિક્રિયા રુપે ફક્ત રામ રામ કરે તો થોડીવારમાં એનો ક્રૌધ શાંત થાય છે, અને એને પોતાના ક્રૌધ પર ક્રૌધ આવે છે! જેમ કે હનુમાનજી લંકા દહન કર્યું પછી એને થયું કે અરરર... મેં આ શું કર્યું, આ બધું બળીને ભસ્મ થઈ ગયું છે, એમાં સીતા માતા પણ બળી ગયા હશે! આ સમાચાર સાંભળીને પ્રભુ શ્રીરામ અને લક્ષ્મણજી પણ પોતાની જાતને ખત્મ કરી નાખશે! વાનરરાજ સુગ્રીવ પણ પોતે મિત્રતા ન નિભાવી શક્યા એનાં રંજથી પીડાઈને મૃત્યુ પામશે, અને પછી બધા જ વાનરો પણ આમ જ... એમ અયોધ્યામાં ભરત શત્રુઘ્ન માતા કૌશલ્યા સુમિત્રા અને કૈકેયી! અને તમામ અયોધ્યા વાસીના મૃત્યુ નું કારણ મારો આ ક્રૌધ બનશે! પછી એને બોધ થાય છે કે જે મુખમાં રામ નામ છે, એને પ્રતાપે એની પુચ્છ પણ આ રાક્ષસો જલાવી ન શક્યાં, એ સીતાજીને કંઈ રીતે જલાવી શકે! આમ પણ સીતા સત્ય ભાષીણી છે, સમત્વ ધારીણી છે અને સીતા રામ સમર્પિતા છે આ ત્રણ વિશેષતા જેનામાં હોય એને કોઈ બાળી શકતું નથી, એટલે કે એને કોઈની ઈર્ષા નથી થતી, નિંદા નથી કરતાં, અને નાની નાની વાતમાં ક્રૌધ પણ આવતો નથી. ૨)બહિર્મુખ અને અંતર્મુખ સ્વભાવ વચ્ચે રામનામ સેતુ છે. આપણે સંસારી છીએ એટલે આપણે બહિર્મુખ વધુ છીએ અને કોણ શું કરે છે! આમ કેમ કરે છે! અને બહિર્મુખી સ્વભાવ ક્યારેક આપણને આક્રમક પણ બનાવે છે, તો ભગવત કથા કે સત્સંગ આપણને અંતર્મુખી બનાવી આપણી ક્ષતિ બતાવી ઢીલા પણ કરે છે, આવી પરિસ્થિતિમાં શું કરવું! એ સમજાય નહીં તો તુલસી લખે છે.

**રામનામ મનિદીપ ધરું જીહ દેહરી દ્વાર,**
**તુલસી ભીંતર બાહરેહું જૌં ચાહસિ ઉજીયાર.**

રામનામએ ઉંબર પરના દીવાની જેમ ભીતર પણ અજવાળું કરશે અને બહાર પણ અજવાળા પાથરશે! અને થોડીક જાગૃતિ હશે તો સંસાર સંન્યાસનો જુગ પદ નિર્વાહ થઈ જશે. ૩) આપણે ત્યાં સાકાર અને નિરાકાર એટલે કે સગુણ અને નિર્ગુણ એમ બે દર્શન છે! પણ આપણને જેમ જે ભાષા આવડતી હોય એને વ્યવહારમાં વાપરીએ છીએ, એમ આપણી રુચિ જેમાં હોય એ દર્શન સ્વીકારવું! પરંતુ તત્વતઃ નદી એક અને કિનારા બે હોય, એમ ઈશ્વર એક છે, પણ એનાં બે કિનારા! એટલે જ સગુણ નિર્ગુણ અને આ બંને કિનારાને રામનામ નો સેતુ જોડે છે! એટલે કે તમે જે દર્શન સ્વીકાર્યું હોય, પણ રામનામ એટલે કે હરિનામ ઈશ્વર તત્વની પ્રતિતિ તો સરખી જ કરાવે છે. ૪) બે વિરોધી ધર્મની પ્રાસંગિકતા વચ્ચે પણ રામનામ સેતુ છે. જેમ કે અમુક ધર્મમાં હરામ બોલે છે અને આપણે હે રામ બોલીએ છીએ તો બંને માંથી હ અને હે કાઢી નાખીએ તો ફક્ત રામ બચે છે, અને એ રામનામ સેતુ બનાવી એકબીજા ધર્મ ને જોડે છે. પણ લોકો રામ બોલતા ગભરાય છે! રામ જેવું કોઈ બીજું બિનસાંપ્રદાયિક તત્વ વિશ્વમાં નથી! પણ લોકો પ્રયોગ જ નથી કરતા, અને વિરોધ, વિદ્રોહ, કે ધર્મ યુદ્ધ બસ આમ જ... લોકો જીદ છોડે તો રામનામ એક અદ્ભુત સેતુ બની શકે. રામ જન્મ કરાવવાનાં હેતુસર રામનામ જ સેતું છે, એનાં ચાર મુદ્દા કહી અટકી ગયા. માનસમાં ચાર ઘાટની વાત છે, અને એ સિવાય વધારે ઘાટ હોવા પણ ન જોઈએ, કેમ કે દરેક ઘાટને સંપ્રદાયમાં પરિવર્તિત થતા વાર નથી લાગતી. રામચરિત માનસની પ્રાગટ્યની કથા ગૌસ્વામીજીએ લખતા કહ્યું કે ૧૬૩૧ ની રામનવમીને દિવસે અયોધ્યામાં આ ગ્રંથનું પ્રકાશન થયું. રામચરિત માનસના ચાર ઘાટ, જ્ઞાન ઘાટ, જ્યાં શિવ પાર્વતીને કથા સંભળાવે છે. બીજો કર્મઘાટ જ્યાં યાજ્ઞવલ્ક્ય ભારદ્વાજીને કથા સંભળાવે છે, અને ત્રીજો ઉપાસનાનો ઘાટ જ્યાં બાબા ભૂશંડી ગરુડને કથા સંભળાવે છે. ચોથો શરણાગતિનો ઘાટ, જ્યાં ગોસ્વામીજી સ્વયં પોતાના મનને કથા સાંભળાવે છે. એકવાર કૈલાશમાં વેદ વિધિ વટ વૃક્ષ નીચે ભગવાન શંકર બેઠા છે, અને સારો અવસર જોઈને પાર્વતી સકળ લોકની હિત કરનારી કથા વિશે જિજ્ઞાસા કરે છે. શિવજી પ્રસન્ન થઈ અને કહે છે દેવી કથા તો સંકલન લોક જગપાવની ગંગા છે, આપ ધન્ય છો કે આપે રામત્વ વિશે જીજ્ઞાસા કરી. આમ કહી રામ જન્મના પાંચ કારણ બતાવ્યા, છેલ્લું કારણ રાજા પ્રતાપ ભાનુ બ્રાહ્મણોના શ્રાપને કારણે બીજા જન્મમાં રાક્ષસ કુળમાં આવે છે, એ રાવણ બને છે ,અરિ મર્દન કુંભકરણ ધર્મ રુચિ નામનો જે મંત્રી હતો એ બીજી માતાના પેટે બીબીષણ રૂપે જન્મ લે છે. રાવણ એ ખૂબ જ કઠિન તપશ્ચર્યા કરી, બહુ જ દુર્લભ વરદાનો પ્રાપ્ત કર્યા, અને પછી ભયંકર આતંક અને ઉપદ્રવ ફેલાવ્યો. ત્યારે ધરતી અકળાઈ ઊઠી ગાયનું રૂપ લઈ ઋષિમુનિઓ પાસે જઈ અને ધરતી રડી પડે છે. ઋષિમુનિઓએ સાથે પ્રાર્થના કરી અને ભગવાને કહ્યું કે હું ધરતી પર અવતરીશ, માનવજાતની સમસ્યાનો નિવારણ કરીશ! ધર્મની પુનઃ સ્થાપના કરીશ! આપ સૌ થોડું ધૈર્ય ધારણ કરો. આમ પરમાત્મા રામના પ્રાગટ્ય ની ભૂમિકા તૈયાર થઈ ગઈ અને ગૌસ્વામી જે આપણને અયોધ્યા લઈ જાય છે અયોધ્યામાં એક ઈક્ષ્વાકુ કુળના મહારાજા દશરથ રાજ કરે છે, પણ અવસ્થા થવા આવી હોવા છતાં પુત્ર ન હોવાની જ્ઞાની થાય છે અને તે ગ્રુપ હશે જાય છે ગુરુ તેને પુત્રકામેષ્ટિ યજ્ઞ કરવા કહે છે, અને યજ્ઞપ્રસાદથી ત્રણેય રાણીઓને સારા દિવસ રહે છે.

**તમારું જીવન કેરી જેવા મીઠા ફળો વહેંચવાનું છે, તો દરેક તમારી સેવા અને રક્ષણ માટે તૈયાર રહેશે**

# જીવ જ્યારે જીવપણું છોડી ઈશ્વરના દ્વારે જાય છે, ત્યારે ઈશ્વર પણ ઈશ્વરપણું ભૂલી જાય છે




**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જીવન એક ઊંડી કૂવા જેવું છે, જેની આગળ નમવું એ કંઈપણ પ્રાપ્ત કરવાની શરત છે, તમે ગમે તેટલા લાંબા સમય સુધી કૂવા સામે ઉભા રહો, નમ્યા વિના, તે તમારી સેવા કરી શકશે નહીં.**

ઈશ્વર પહેલાં તમારું સર્વસ્વ લેશે તે પછી પોતાનું સર્વસ્વ આપશે અને જે ઈશ્વરને સર્વસ્વ આપશે તેને ઈશ્વરનું સર્વસ્વ મળશે. જીવ નિષ્કામ બને છે ત્યારે ભગવાન તેની પૂજા કરે છે. ભક્તિ નિષ્કામ હોય તો ભગવાન પોતાના સ્વરૂપ નું ભક્તને દાન કરે છે. જીવ જ્યારે જીવપણું છોડી ઈશ્વરના દ્વારે જાય છે, ત્યારે ઈશ્વર પણ ઈશ્વરપણું ભૂલે છે. દસ દિવસના ભૂખ્યા હતા, તો પણ સુદામાએ પોતાનું સર્વસ્વ ભગવાનને આપી દીધું. સુદામાના પૌંવા ભલે મુઠી જેટલા હશે પણ સુદામાનું તે સર્વસ્વ હતું. પૌંવાની કિંમત ન હતી. સુદામાના પ્રેમની કિંમત હતી. ગોપીઓએ કાંઈ માગ્યું નથી. ગોપીઓની ભક્તિ નિષ્કામ હતી, એટલે ભગવાન ગોપીઓના ઋણમાં રહ્યા છે. ભાગવત ભગવાનનું નામ સ્વરૂપ છે. નામસ્વરૂપ થી મન શદ્ધ થયા પછી સ્વરૂપ સેવાનો અધિકાર મળે છે. મનના મેલને દૂર કરવાનું સાધન આ ભાગવતશાસ્ત્ર છે.કથા સાંભળ્યા પછી પાપ કરવાનું ચાલુ રાખશો તો યમદૂતો તરફથી બે ફટકા વધારે પડશે. મનુષ્ય પત્ની, ધન અને ભોજનમાં પ્રેમ કરે છે. પણ પ્રભુમાં પ્રેમ કરતો નથી તેથી દુઃખી છે રંગદાસ કરીને શેઠ હતા. તે એક વેશ્યામાં અતિ આસક્ત હતા.એક દિવસ રંગદાસ અને તે વેશ્ય રંગનાથના મંદિર પાસેથી જઈ રહ્યા હતા. શ્રીમંત રંગદાસે વેશ્યાને માથે છત્રી ધરી હતી રામાનુજાચાર્યે મંદિરમાં થી બહાર નીકળતા આ દશ્ય જોયું, રંગદાસ પર તેમને દયા આવી. તેમણે કહ્યું: 'રંગદાસ, તમે આ વેશ્યા ઉપર પ્રેમ કરો છો તે જોઈને મને આનંદ થાય છે. પણ આ સ્ત્રી કરતાં મારા રંગનાથ ઘણા સુંદર છે. તમે એક વખત જુઓ તો ખબર પડે!'એમ કહી તેમણે રંગ દાસને એક થપ્પડ મારી. સંતની થપ્પડ કેટલાં પુણ્ય કર્યા હોય ત્યારે મળે.રંગદાસને સમાહિ લાગી ગઈ. તેને રંગનાથનાં દર્શન થયાં.બસ, પછી રંગદાસ એ સ્ત્રીમાં પ્રેમ કરવો ભૂલી ગયા. મનુષ્ય બાલ્યાવસ્થા માં મા સાથે પ્રેમ કરે છે. જરા મોટો થતાં મિત્રો ઉપર પ્રેમ કરે છે. લગ્ન થયાં એટલે પત્ની સાથે પ્રેમ કરે છે ત્યારબાદ પુત્ર ઉપર પ્રેમ કરે છે. ત્યારબાદ પૈસા ઉપર પ્રેમકો છે વગેરે. આમ તેનાં પ્રેમપાત્ર બદલાતાં રહે છે માટે ઈશ્વરને પ્રેમનું પાત્ર બનાવો જેથી પ્રેમનું પાત્ર બદલવાનો કદી પ્રસંગ ન આવે. આજકાલ લોકો ભક્તિ બહુ કરે છે, પરંતુ ભગવાનને સાધન માને છે અને સંસારના સુખને સાધ્ય માને છે, તેથી ભક્તિ ફળતી નથી. ભગવાનને સાધ્ય માનો, સંસારના સુખને નહીં. કથા કોઈને હસાવવા માટે નથી.કથા ઈશ્વરને રાજી કરવા માટે છે.શ્રોતાઓના હૃદય માં ? શોક જાગૃત કરે છે તે શુક. કથા શુદ્ધ હૃદયે રડવા માટે છે. જીવનનો આટલો સમય નકામો ગયો વગેરે ભાવ હૃદયમાં જાગે તો આ કથા સાંભળી સાર્થક કથા સાંભળ્યા પછી પણ પાપ ન છૂટે તો એ કથા સાંભળવી શું કામની? વૈરાગ્ય ન આવે, જે ઉપયોગી છે તે પણ મૂલ્યવાન છે, આ કુદરતનો સનાતન નિયમ છે. જો તમારું જીવન કેરી જેવા મીઠા ફળો વહેંચવાનું છે, તો દરેક તમારી સેવા અને રક્ષણ માટે તૈયાર રહેશે અને જો તમારું જીવન બીજાને બાવળની જેમ પીવડાવવાનું છે,તો દરેક તમારી અવગણના કરશે. જે પોતાના માટે જીવે છે તેના પર કોઈ ધ્યાન આપતું નથી,પરંતુ જ્યારે તમે બીજા માટે જીવતા શીખો છો ત્યારે તેઓ પણ તમારા માટે જીવવા લાગે છે. વૃક્ષો ત્યારે જ આપણને ફળ આપી શકે છે જ્યારે આપણે તેમની સારી રીતે કાળજી લઈએ. આપણે સમયાંતરે ખાતર, પાણી આપીએ છીએ અને યોગ્ય કાળજી લઈએ છીએ તેવી જ રીતે સમાજમાં પણ જ્યાં સુધી આપણું જીવન પરોપકાર અને પરોપકારમાં વ્યસ્ત રહેશે ત્યાંસુધી આપણી પ્રતિષ્ઠા પણ જળવાઈ રહેશે અને ઉપયોગીતા પણ જળવાઈ રહેશે. દાન કરવાથી જ પ્રતિષ્ઠા વધે છે. તમે બીજા માટે સારું વિચારો, તમે બીજા માટે જીવતા શીખો,હજારો લાખો હોઠ દરરોજ તમારા માટે પ્રાર્થના કરવા આતુર હશે. જીવન એક ઊંડી કૂવા જેવું છે, જેની આગળ નમવું એ કંઈપણ પ્રાપ્ત કરવાની શરત છે. તમે ગમે તેટલા લાંબા સમય સુધી કૂવા સામે ઉભા રહો, નમ્યા વિના, તે તમારી સેવા કરી શકશે નહીં, તેમ છતાં તે તમને સંતોષવાની સંપૂર્ણ ક્ષમતા ધરાવે છે. જીવનમાં પણ તમને આપવા માટે ઘણું બધું છે પરંતુ ત્યાં પણ શરત એ છે કે નમ્યા વિના શ્રેષ્ઠ પ્રાપ્ત કરવું શક્ય નથી. જીવનમાં શ્રેષ્ઠ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે ધનુષ્ય સાથે ચાલવું જરૂરી છે. સરળ જીવન પણ સુંદર જીવન બની જાય છે. અહીં અહંકારથી ચાલતા રાવણ ના દસ મસ્તક પણ કપાઈ ગયા અને નમેલી મુદ્રામાં રહેતા વિભીષણને કોઈ કારણ વગર લંકાનું રાજ્ય મળ્યું. જે સાદું જીવન જીવે છે તે ઘણી વસ્તુઓ સરળતાથી પ્રાપ્ત કરી લે છે. આંતરિક સરળતા અને જીવન જીવવાની સરળતા વ્યક્તિને ભગવાનની કૃપાનો હકદાર બનાવે છે.આજે છેલ્લે ભગવદ્ ગીતા જ્ઞાન ઉપરાંત સંસારની બેધડક મજાક ચંદ્રકાન્ત બક્ષીએ કહયું શરમાયા વગર સાચું કેજો આવુ થાય છે.આપણી તો હા...પચ્ચાસથી સાઈઠ વર્ષ પછીની જીંદગીની વાસ્તવિકતા...પત્નિની પતિને સુધારવાની જીદ ચરમસીમા એ હોય છે.તેમાંય જો બાળકો મોટા થઈ ગયા હોય, પતિ પત્નિ એકલાં રહેતા હોય તો ભોગ મર્યા... આ કોઈ એકલાનો પ્રશ્ન નથી... સમગ્ર સમાજને લાગુ પડે છે... સવાર પડે ને...ઉઠો મારે ચાદર ખંખેરવી છે, વહેલા ઉઠવાનું રાખો. બ્રશ કરતી વખતે સિંક્નો નળ ધીમો રાખો, નીચે ટાઈલ્સ પર છાંટા ઉડે છે. ટોયલેટમાંથી નીકળીને પગ લુછણીયા પર પગ લુંછો. તમે આખા ઘરમાં રામદેવ પીરના ઘોડા જેવા પગલાં પાડો ને સાફ મારે કરવા પડે. પોતું કરેલું છે, ગેલેરીમાં ના જતા વરસાદના છાંટા પડેલા છે, પાછા પગ ભીના લઈને રૂમમાં આવસો. દાઢી કરીને બ્રસ ધોઈને ડબ્બામાં મુકો. નાહવા જાવ એટલે ચડ્ડીબંડી ડોલમાં નાખજો. નીકળીને રુમાલ બહાર તાર પર સુકવો. માથામાં નાંખવાના તેલની બોટલ બંધ કરીને મુકતાં કીડીઓ ચટકે છે. હજાર વાર કહ્યું આ ભુરો મોટો કાંસકો નહી લેવાનો એ ગુંચ કાઢવા માટે છે. ઘરે હો ત્યારે આ જાડી ટીશર્ટ ના પહેરતા હોય તો.આ ચાની મલાઈ રકાબીની ધારે ન ચોંટાડતા હોય તો. ફોન પર વાત કરતાં કરતાં ગેલેરી માં શું કામ જતા રહો છો, ગામને સંભળાવવાનું છે. મોબાઈલ જ મંતરવાનો હોય તો ટીવી શું કામ ચાલુ કરો છો. છેલ્લી વાર કહું છું,ચલો જમવા, પંખો બંધ કરીને આવજો. તોડેલી રોટલી પતે પછી જ બીજી તોડતા હોવ તો. જો ફરી પાછું, કેટલી વાર કહ્યું, લેંઘાએ હાથના લુંછો. કાગળીયું ડસ્ટબીનમાં નાંખો, હાચું કહીયે તો મિસ્ટર બીન જેવું મો કેમ થઈ જાય છે. જમ્યા પછી તરત આડા ના પડો. સીંગ ચણાના ફોતરા તરત કચરાપેટીમાં નાખો, આખા ઘરમાં ઉડે છે.દીવાલે ટેકો દઈ ન બેસો તેલના અને ડાઈના ડાઘ પડે છે. સવારે તો પેપર દોઢ કલાક વાંચેલું, હવે એ ઓનલાઈન થોડું છે તે બદલાઈ જાય. પેપર વાળીને ટીપોઈ પર મુકતા હોતો.

# DNA ટેસ્ટ અંગે કોર્ટે નિર્ણય અનામત રાખ્યો

## કેટલાક વિવાદો અને મતભેદોને કારણે સોનીએ ૧૯૯૫માં વૈવાહિક ઘર છોડી દીધું હતું



મુંબઈની દિંડોશી સેશન્સ કોર્ટે અભિનેતા રવિ કિશન સંબંધિત કેસ પર પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. ૨૫ વર્ષની એક મહિલાએ કોર્ટમાં દાવો કર્યો હતો કે અભિનેતા રવિ કિશન તેના જૈવિક પિતા છે. જોકે શિનોવા શુક્લા નામની એક મહિલા દાવો કરે છે કે રવિ કિશનને "ચાચુ" કહે છે, પરંતુ તે વાસ્તવમાં તેનો જૈવિક પિતા હતો.કોર્ટમાં સુનાવણી દરમિયાન અભિનેતા રવિ કિશન વતી હાજર રહેલા વકીલ અમીત મહેતાએ દલીલ કરી હતી કે તેમની અને મહિલા વચ્ચે કોઈ સંબંધ નથી. અમિત મહેતાએ કહ્યું કે રવિ કિશન શિનોવા શુક્લાની માતા અપર્ણા સોની ઉર્ફે અપર્ણા ઠાકુરને ઓળખતો હતો, પરંતુ તે માત્ર તેની સારી મિત્ર હતી. તેણીએ સોની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કર્યુ તેથી કલાકારો તેને ઓળખતા હતા. મહેતાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તે બંને ક્યારેય કોઈ સંબંધમાં નહોતા.શિનોવા શુક્લાની અરજી પર એડવોકેટ અશોક સરોગીએ દલીલ કરી હતી અને વચગાળાના પગલા તરીકે ડીએનએ કરાવવાની સૂચના આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. તેણે કહ્યું કે અપર્ણા સોનીએ ૧૯૯૧માં રાજેશ સોની સાથે લગ્ન કર્યા હતા. જો કે, કેટલાક વિવાદો અને મતભેદોને કારણે સોનીએ ૧૯૯૫માં વૈવાહિક ઘર છોડી દીધું હતું. શિનોવાના વકીલ સરોગીએ વધુમાં જણાવ્યું હતું કે અપર્ણા કોઈક રીતે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પત્રકાર તરીકે જોડાઈ હતી, તે અને રવિ કિશન કથિત રીતે એકબીજાના પ્રેમમાં પડ્યા હતા અને સંબંધો હતા. શિનોવા શુક્લાનો જન્મ આ સંબંધમાંથી થયો હતો અને અહેવાલ મુજબ રવિ કિશન હંમેશા તેની કાળજી લેતા હતા. જો કે, છેલ્લા કેટલાક સમયથી રવિ કિશન શિનોવા શુક્લા સાથેના તેના સંબંધોને નકારવા લાગ્યો હતો અને તેની કાળજી લેવાની તસ્દી પણ લેતો ન હતો. સરોગીએ દલીલ કરી હતી કે રવિ કિશન હવે શિનોવા શુક્લાને તેની જૈવિક પુત્રી તરીકે સ્વીકારવાનો ઈનકાર કરી રહ્યો છે. તેથી, ડીએનએ ટેસ્ટ કરાવવાની જરૂર છે, જેથી કોર્ટ એ તારણ કાઢી શકે કે અભિનેતા રવિ કિશન શિનોવા શુક્લાના જૈવિક પિતા છે.આ મામલે બંને પક્ષોને સાંભળ્યા બાદ જસ્ટિસ એવી ધુલધુલેએ નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. આ મામલે કોર્ટ ૨૬ એપ્રિલે ચુકાદો આપશે. રવિ કિશનની પત્ની પ્રીતિ શુક્લાએ લખનૌમાં અપર્ણા સોની અને શિનોવા શુક્લા વિરુદ્ધ FIR નોંધાવી છે. આ ઘટના ત્યારે બની જ્યારે અપર્ણા સોનીએ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કથિત આક્ષેપો કર્યા હતા.

# મારા જન્મ વિશે ચાલી રહેલા સમાચાર ખોટા છે

## શ્રેયા ફરીથી 'ધ બ્રોકન ન્યૂઝ'ની સીઝન ૨માં ભૂમિકા ભજવવા માટે તૈયાર છે

'મિર્ઝાપુર', 'ગિલ્ટી માઈન્ડ્સ' અને 'ધ બ્રોકન ન્યૂઝ' જેવા શોમાં જોવા મળેલી અભિનેત્રી શ્રેયા પિલગાંવકર હવે તેના નવા પ્રોજેક્ટ સાથે સ્ક્રીન પર કમબેક કરવા માટે તૈયાર છે. શ્રેયા ફરીથી 'ધ બ્રોકન ન્યૂઝ'ની સીઝન ૨માં પત્રકાર રાધા ભાર્ગવની ભૂમિકા ભજવવા માટે તૈયાર છે.

હાલમાં જ શ્રેયા વિશે એવી અફવા ઉડી હતી કે તે 'દત્તક' છે એટલે કે તેના માતા-પિતાએ તેને દત્તક લીધી છે. લોકપ્રિય અભિનેતા સચિન અને સુપ્રિયા પિલગાંવકરની પુત્રી શ્રેયાએ હવે ઈન્ડિયા ટુડે સાથેની વિશિષ્ટ વાતચીતમાં આ અફવાને તથ્ય તપાસ્યું.પોતાના વિશેના આ ફેક ન્યૂઝ પર શ્રેયાએ કહ્યું, 'એક રેન્ડમ આર્ટિકલ આવ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે હું દત્તક છું. ના, મને દત્તક લેવામાં આવ્યો નથી. ખબર નહીં ક્યાંથી આ સમાચાર ફેલાવા લાગ્યા કે મારા માતા-પિતાએ મને દત્તક લીધો છે અને આ સંપૂર્ણપણે ખોટું છે.શ્રેયાએ વધુમાં કહ્યું કે, 'આ એવી વસ્તુ નથી જેને મારે યોગ્ય ઠેરવવી પડે કારણ કે હું મારી વાત સાબિત કરવા માટે ઈન્સ્ટાગ્રામ પર મારું જન્મ પ્રમાણપત્ર બતાવવા જઈ રહી નથી. પરંતુ હા, તે ચોક્કસપણે રમુજી છે કારણ કે તે સાચું નથી, આ સિવાય મારા વિશે કોઈ કૌભાંડના સમાચાર આવ્યા નથી. હેડલાઈન્સમાં રહીને પ્રાસંગિક રહેવા વિશે વાત કરતાં, શ્રેયાએ કહ્યું, 'સાચું કહું તો, હું આ એક ક્ષણમાં પ્રાસંગિક રહેવામાં નહીં, પરંતુ આવનારા વર્ષો સુધી સુસંગત રહેવામાં માનું છું. તેથી જ હું આ બાબતને અહીં અને ત્યાં PR પ્રવૃત્તિના ટૂંકા ગાળાના દૃષ્ટિકોણથી જોતો નથી. મારા માટે, સંબંધિત હોવાનો અર્થ એ છે કે તમે એક અભિનેતા તરીકે કેટલું શીખી રહ્યા છો અને તમે કેવી રીતે વિકસિત થઈ રહ્યા છો.તેના પિતા સચિન પિલગાંવકરનું ઉદાહરણ આપતા શ્રેયાએ કહ્યું, 'તે આ ઉદ્યોગમાં ૬૦ વર્ષથી કામ કરી રહ્યો છે અને હજુ પણ ખૂબ જ સુસંગત છે કારણ કે તે શીખવાનું ચાલુ રાખવા માંગે છે અને આગળ વધવા માંગે છે. શાહરૂખ ખાન પણ આવો છે, મેં 'ફેન'માં કામ કર્યું ત્યારે આ જોયું હતું. વધુ સારું કરવાની ભૂખ અને જુસ્સો પોતાની સાથે સુસંગત છે. અંગત રીતે, હું પબ્લિસિટી સ્ટંટ તરીકે ક્યારેય હેડલાઈન્સ બનાવવા કે મારા વિશે કોઈ ખોટા સમાચાર ફેલાવવા માંગતો નથી. પરંતુ તે જ સમયે, જો મારી પાસે મજબૂત પ્રોજેક્ટ છે, તો હું તેને શક્ય તેટલું વધુ પ્રદર્શિત કરવા માંગુ છું. પરંતુ માત્ર સમાચારમાં રહેવા માટે હું મારા વિશે ખોટી વાતો ફેલાવીશ નહીં.શ્રેયાએ શાહરૂખ ખાનની ફિલ્મ 'ફેન'થી અભિનયની શરૂઆત કરી હતી. 'મિર્ઝાપુર'માં તેણે ગુડુ ભૈયા (અલી ફઝલ)ની પત્ની સ્વીટીની ભૂમિકા ભજવી હતી. તે ભુવન બમ સાથે 'તાજા ખબર'માં પણ જોવા મળી હતી.



# ત્રણ મહિના પછી બંધ થવા જઈ રહ્યો છે શો



ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીમાં દરરોજ ઘણા નવા શો લોન્ચ થાય છે. આમાંથી કેટલાક વર્ષો સુધી ચાલે છે. જ્યારે કેટલાક થોડા મહિનામાં બંધ થઈ જાય છે. 'કુછ રીત જગત કી ઐસી હૈ'ને લઈને પણ આવા જ સમાચાર સામે આવ્યા છે. ત્રણ મહિના પહેલા શરૂ થયેલો આ શો હવે બંધ થવા જઈ રહ્યો છે. અભિનેત્રી અનુપમા સોલંકીએ આ સમાચારને સમર્થન આપ્યું છે. શો બંધ થવાથી તે આઘાતમાં છે.અભિનેત્રી અનુપમા સોલંકી 'કુછ રીત જગત કી ઐસી હૈ'માં સહાયક ભૂમિકામાં જોવા મળી હતી. એક ઈન્ટરવ્યુમાં તેણે શો બંધ થવા વિશે જણાવ્યું. અભિનેત્રી કહે છે કે 'કુછ રીત જગત કી ઐસી હૈ' અચાનક બંધ થઈ રહ્યું છે તે ખૂબ જ આઘાતજનક છે.તે કહે છે- મને માર્ચમાં એક પ્રોજેક્ટ ઓફર કરવામાં આવ્યો હતો, પરંતુ મેં તેને ના પાડી દીધી કારણ કે હું 'કુછ રીત જગત કી ઐસી હૈ'માં વ્યસ્ત હતી. હવે આ શો અચાનક ઑફ એર થઈ રહ્યો છે, જે ચોંકાવનારું છે. મારા અગાઉના શો, નાથઃ કૃષ્ણ ઔર ગૌરીના નિર્માતાઓ મને પાછા લાવવા માંગતા હતા. તે મારી સાથે એક વર્ષ સુધી કામ કરવા માંગતો હતો. પરંતુ મેં ના પાડી, કારણ કે હું એક સાથે બે શો કરવા માંગતો ન હતો. એટલા માટે હું કુછ રીત જગત કી ઐસી હૈ ના બંધ થવાથી ખૂબ નિરાશ છું.'કુછ રીત જગત કી ઐસી હૈ' ૧૯ ફેબ્રુઆરીએ સોની ટીવી પર પ્રસારિત કરવામાં આવી હતી, જે મેના બીજા સપ્તાહમાં સમાપ્ત થઈ રહી છે. આ સિરિયલની વાર્તા ગુજરાતમાં રહેતી એક સામાન્ય છોકરી નંદિની (મીરા દેવસ્થળે) પર આધારિત છે. નંદિની એક ખુશ છોકરી છે, જેનો ઉછેર તેના મામા અને કાકી દ્વારા થયો છે. નંદિની આજના આધુનિક યુગને સમજે છે, પરંતુ તેને રિવાજો સાથે જોડાયેલા રહેવાનું પસંદ છે.તે બીજાને મદદ કરવામાં માને છે. પરિવારના સભ્યો તેના લગ્ન નક્કી કરે છે અને ધામધૂમથી તેના લગ્ન કરે છે. લગ્ન પછી નંદિનીને ખબર પડે છે કે તેના સાસરિયાઓએ તેના પરિવાર પાસેથી દહેજ લીધું હતું, ત્યારબાદ તે તેમની પાસેથી દહેજ પરત માંગે છે. આ શો શરૂ થયા પહેલા જ વિવાદોમાં હતો. દર્શકોને શોની વાર્તા વધુ પસંદ ન આવી, જેના કારણે તેને ટીઆરપી પણ ન મળી.તમને જણાવી દઈએ કે જાન ખાન 'કુછ રીત જગત કી ઐસી હૈ'માં મીરા દેવસ્થલે સાથે લીડ રોલમાં છે. આ સિવાય ધર્મેશ વ્યાસ, સૌરભ ગુમ્બર, પલ્લવી પાઠક અને વિશા વીરા પણ મહત્વના રોલમાં જોવા મળ્યા હતા.

# અભિનેતાએ કહ્યું કે શાહરૂખને દિલનો રાજા ન કહેવાય



જ્યારે ચાહકોના ફેવરિટ શાહરૂખ ખાનની વાત આવે છે તો દરેકની નજર તેના પર ટકેલી હોય છે. અને જ્યારે કોઈને ખબર પડે કે કિંગ ખાન દિલવાલો કી દિલ્હીમાં શૂટિંગ કરી રહ્યો છે, તો સ્વાભાવિક છે કે તે જગ્યાએ ચાહકોની ભીડ હશે. ૧૯૯૯ની વાત છે જ્યારે શાહરૂખ ખાન અને મનીષા કોઈરાલા દિલ્હીમાં ફિલ્મ 'દિલ સે'નું શૂટિંગ કરી રહ્યા હતા. આ ફિલ્મ બંનેના દિલની નજીક છે. મણિરત્નમે આ ફિલ્મનું નિર્દેશન કર્યું હતું. આ ફિલ્મમાં પ્રીતિ ઝિંટા, સંજય મિશ્રા, મલાઈકા અરોરા, શીબા ચઢ્ઢા અને ગજરાજ રાવ મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા હતા. બોલિવૂડ બબલ સાથેની વાતચીતમાં ગજરાજ રાવે એક રસપ્રદ કિસ્સો શેર કર્યો હતો. અભિનેતાએ કહ્યું કે શાહરૂખને દિલનો રાજા ન કહેવાય. તેણે કહ્યું કે એકવાર શાહરૂખ એમ્બ્યુલન્સમાં શૂટિંગ કરી રહ્યો હતો અને ભીડ તેની પાછળ પડી. તેણે આ સમગ્ર પરિસ્થિતિને કેવી રીતે સંભાળી તે ખૂબ જ રસપ્રદ હતું. ગજરાજ રાવે કહ્યું- ફિલ્મમાં એક સીન હતો, જેમાં અમે શાહરૂખના પાત્રને એમ્બ્યુલન્સમાં લઈ જઈ રહ્યા હતા, તે પણ દિલ્હીની સડકો પર. અને કોઈક રીતે લોકોને ખબર પડી કે તેઓ સેંકડો સંખ્યામાં એમ્બ્યુલન્સને અનુસરવા લાગ્યા. શાહરૂખે કોઈક રીતે એમ્બ્યુલન્સ રોકી અને પાછળના ગેટ પર જઈને લોકોને વિનંતી કરી.''તેણે કહ્યું કે હું એક મહત્વપૂર્ણ સીન કરી રહ્યો છું, જો કોઈ દુર્ઘટના થશે તો તમને નુકસાન થશે અને અમારું શૂટિંગ બંધ થઈ જશે. તો શું તમે આ ઈચ્છો છો?'' આટલું બોલતાની સાથે જ કંઈક જાદુઈ થયું. આખું ટોળું પાછું ખસી ગયું. બીજો એક સીન બન્યો જેમાં મારે શાહરૂખને ખૂબ જ ધક્કો મારવો પડ્યો. રિહર્સલ દરમિયાન જોરદાર ધક્કો વાગ્યો અને તે દિવાલમાં પડી ગયો. મણિરત્નમ મારી પાસે આવ્યા અને મને કહ્યું, ગજરાજ, સાવચેત રહો, વધારે દબાણ ન કરો. પરંતુ જ્યારે હું સેટ પર ગયો ત્યારે શાહરૂખે મને કહ્યું કે રિહર્સલ દરમિયાન તેણે જે પુશ આપ્યો હતો તેવો જ દબાણ કરો.વર્ક ફ્રન્ટની વાત કરીએ તો ગજરાજ રાવે ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે અને લોકોના દિલ પર પોતાની છાપ છોડી છે. 'બધાઈ દો'માં નીના ગુપ્તા સાથેની તેની જોડીને ખૂબ પસંદ કરવામાં આવી હતી. જ્યારે શાહરૂખ ખાન છેલ્લે ફિલ્મ 'ડિંકી'માં જોવા મળ્યો હતો. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી હતી.



# કલ્કિના નાગા અશ્વિને આનંદ મહિન્દ્રા પાસે માગી મદદ

## પ્રભાસની 'કલ્કી 2898 AD' ટૂંક સમયમાં જ સિનેમાઘરોમાં આવવાની છે, આ ફિલ્મને લઈને જોરદાર ચર્ચા ચાલી રહી છે

પ્રભાસની ફિલ્મ કલ્કી 2898 AD આવી રહી છે. આ ફિલ્મને લઈને જોરદાર ચર્ચા ચાલી રહી છે. ફેબ્રુઆરી ૨૦૨૦માં જાહેર થયેલી આ ફિલ્મ હજુ સુધી રિલીઝ થઈ નથી. આ પિક્ચર ૯ મેના રોજ રિલીઝ થવાની હતી, પરંતુ મેકર્સ લોકસભા ચૂંટણીને કારણે રિલીઝ ડેટમાં થોડો ફેરફાર કરી રહ્યા છે. આ ફિલ્મમાં દીપિકા પાદુકોણ અને અમિતાભ બચ્ચન પણ છે, અમિતાભ 'અશ્વત્થામા'નું પાત્ર ભજવી રહ્યા છે. હાલમાં જ તેનું એક ઈન્ટ્રો ટીઝર રિલીઝ થયું હતું, જેને જોઈને ફેન્સ તેના દિવાના થઈ ગયા હતા. આ ફિલ્મમાં તે બધું જ થવાનું છે, જેના વિશે આજ સુધી કોઈએ વિચાર્યું પણ ન હતું. એક્સ (અગાઉના ટ્વિટર) પર નાગા અશ્વિન એટલે કે ફિલ્મ મેકરનું એક જૂનું ટ્વિટ વાયરલ થયું હતું. આમાં તેણે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના ચેરપર્સન આનંદ મહિન્દ્રાને ટેગ કર્યા હતા અને તેમની મદદ માંગી રહ્યા હતા. હવે તમે પણ વિચારતા હશો કે પ્રભાસની 'કલ્કી' અને આનંદ મહિન્દ્રાનો એકબીજા સાથે શું સંબંધ છે? આ વાત ઘણી જૂની છે, જ્યારે નાગા અશ્વિને ફિલ્મની જાહેરાત કરી હતી. વર્ષ ૨૦૨૦માં ફિલ્મની જાહેરાત થયા બાદ મેકર્સે તેને વર્ષ ૨૦૨૨માં રિલીઝ કરવાની યોજના બનાવી હતી. પરંતુ આ થઈ શક્યું નહીં. લોકડાઉનને કારણે પ્રોજેક્ટ K અટકી ગયો હોવાથી ફિલ્મની જાહેરાત કરવામાં આવી. પરંતુ આ દરમિયાન નાગા અશ્વિન આનંદ મહિન્દ્રા પાસે કેમ પહોંચી ગયો? ચાલો જાણીએ આખી સ્ટોરી. 'કલ્કી 2898 AD'ની સ્ટોરી મહાભારત કાળથી શરૂ થશે. નિર્માતાઓએ પોતે એક પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે ફિલ્મમાં આગામી ૬૦૦૦ વર્ષની ઘટનાઓ બતાવવામાં આવશે. હિન્દુ પૌરાણિક કથાઓ અનુસાર કલ્કી ભગવાન વિષ્ણુનો ૧૦મો અવતાર છે. આ ફિલ્મમાં પ્રભાસ ભૈરવનો રોલ કરી રહ્યો છે. એકંદરે આ સ્ટોરી ડાયસ્ટોપિયન ભવિષ્યમાં થશે. જ્યારે ફિલ્મનું નિર્માણ શરૂ થયું, નાગા અશ્વિને ૦૪ માર્ચ ૨૦૨૨ ના રોજ એક ટ્વિટ કર્યુ. આમાં તે લખે છે-આ ટ્વિટના નવ દિવસ પછી એટલે કે ૧૩ માર્ચ ૨૦૨૨ના રોજ નાગા અશ્વિને બીજી ટ્વિટ કરી. તેણે તેમાં બે ચિત્રો પણ મૂક્યા. વાસ્તવમાં આ મહિન્દ્રા રિસર્ચ વેલીમાં લેવાયેલો ફોટો હતો. આ દરમિયાન નાગા અશ્વિને આનંદ મહિન્દ્રાનો આભાર પણ માન્યો હતો. આ પોસ્ટને રી-ટ્વીટ કરીને આનંદ મહિન્દ્રાએ જવાબ આપ્યો કે તમે આ બ્લોકબસ્ટર સાયન્સ ફિક્શન ફિલ્મ માટે મારામાં પણ એક્સાઈમેન્ટ ઉત્પન્ન કર્યુ છે. મને આશા છે કે તમે આ ફિલ્મથી હોલીવુડને હરાવી શકશો.





### અભિનેતાનું સન્માન કરવામાં આવ્યું હતું

# સાઉથ સ્ટાર વિજય થલાપતિને માથા અને હાથ પર થઈ ઈજા




## વિજય પોતાની અપકમિંગ ફિલ્મનું શુટિંગમાં વ્યસ્ત છે

સાઉથના સુપરસ્ટાર થલાપતિ વિજય પોતાની અપકમિંગ ફિલ્મનું શુટિંગમાં સતત વ્યસ્ત છે. થલાપતિ ઈન્ડસ્ટ્રીથી દુર રહી પોતાનું સંપુર્ણ ધ્યાન રાજનીતિમાં આપી રહ્યો છે. આ દરમિયાન તેને ઈજા થઈ છે જેના ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. સાઉથ સ્ટાર વિજય થલાપતિ પોતાની ફિલ્મો દ્વારા ચાહકોનું મનોરંજન કરે છે. સુપરસ્ટારનો ચાહક વર્ગ ખુબ મોટો છે. પરંતુ હવે થલાપતિ વિજય પોતાની ફિલ્મ સફરને બ્રેક આપી રાજનીતિમાં પોતાનો સમય આપશે. પરંતુ આ વચ્ચે તેની સાથે જોડાયેલા એક એવા સમાચાર સામે આવ્યા છે કે, જેનાથી સૌ કોઈ પરેશાન છે. સોશિયલ મીડિયા પર ફોટો વાયરલ થઈ રહ્યા છે. જેમાં અભિનેતાના હાથ અને માથામાં ઈજા જોવા મળી રહી છે. થલાપતિ વિજય હાલમાં પોતાની અપકમિંગ ફિલ્મ ધ ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમના શૂટિંગમાં વ્યસ્ત છે. તાજેતરમાં જ અભિનેતા તેની ફિલ્મ ૨૦૦૪ની હાઈ-ઓક્ટેન બ્લોકબસ્ટર ગિલીના નિર્માતાઓને પણ મળ્યો, જે તાજેતરમાં થિયેટરોમાં ફરીથી રિલીઝ થઈ હતી. નિર્માતાઓએ ફિલ્મ ફરી રિલીઝ થવાના ખાસ અવસર પર થલાપતિ વિજયને આમંત્રણ આપ્યું હતું. ફિલ્મને મળી રહેલા સારા એવા પ્રતિસાદને કારણે અભિનેતાનું સન્માન કરવામાં આવ્યું હતું.



# 'શ્રી રામ' બનવા માટે રણબીર કપૂરનું અનોખું ટ્રાન્સફોર્મેશન



બોલિવુડ અભિનેતા રણબીર કપૂરે ફિલ્મ એનિમલથી લોકોને ચોંકાવી દીધા હતા. રણબીર કપૂર હાલના દિવસોમાં ફિટનેસ ગોલ આપી રહ્યા છે. થોડા દિવસો પહેલા તે પહાડોની વચ્ચે પરસેવો પાડતો જોવા મળ્યો હતો. હવે ફિઝિકલ ટ્રેનરે તેના શાનદાર ટ્રાન્સફોર્મેશનનો ફોટો શેર કર્યો છે.આ ફોટોમાં જોવા મળી રહ્યું છે કે, છેલ્લા ૩ વર્ષમાં એનિમલથી લઈ ફિલ્મ રામાયણ માટે અભિનેતા કેટલો બદલાય ગયો છે. રણબીર કપૂરના ફિઝિકલ ટ્રેનર શિવોહમે ઈન્સ્ટાગ્રામ પર રણબીરની ફિઝિકલ જનીનો એક ફોટો પોસ્ટ કર્યો છે. જેમાં પહેલા ફોટોમાં એનિમલ દરમિયાનનો છે. આ ફિલ્મ ગત વર્ષે રિલીઝ થઈ હતી અને ત્યારબાદ રણબીરે વજન વધાર્યુ હતુ. બીજા અને ત્રીજા ફોટોમાં તેના સિક્સ પેક્સ મસલ્સ અને ટોન્ડ બોડી સ્પષ્ટ જોવા મળી રહી છે. આ બધું તેની મહેનતનું પરિણામ છે. ૪૧ વર્ષના રણબીર કપૂરે રામાયણ ફિલ્મ માટે તનતોડ મહેનત કરી રહ્યો છે. આ પહેલા તેનો એક વીડિયો વાયરલ પણ થયો હતો. જેમાં તે ટ્રેનિંગ લેતો જોવા મળ્યો હતો. સ્વિમિંગ, પહાડો પર ચઢવું સાઈકલ ચલાવવી અને રનિંગ કરવું. આ દરમિયાન તેની સાથે પત્ની આલિયા ભટ્ટ અને પુત્રી રાહાએ પણ તેનો સાથ આપ્યો છે. રાહા આ વીડિયોના બેકગ્રાઉન્ડમાં જોવા મળી રહી છે. રામાયણ માટે રણબીર કપૂર કોઈ પણ ભૂલ કરવા માંગતો નથી, તે જાણે છે કે, ભગવાન રામનું પાત્ર નિભાવવું આસાન નહિ હોય. રણબીર ખુદ આ પાત્રને શાનદાર રજુ કરવા માટે પરસેવો પાડી રહ્યો છે. તે સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

# ઝાલોદ બસ સ્ટેશનની અંદર મતદાન જાગૃતિ અંગે નાટકીય રીતે રજૂઆત કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

દાહોદ જિલ્લા ચુંટણી અધિક્ષક દ્વારા મતદાન વધુમાં વધુ થાય અને કોઈ પણ વ્યક્તિ મતદાન થી વંચિત ન રહે તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. દાહોદ જિલ્લા ચૂંટણી અધિક્ષકના આદેશથી ઝાલોદ ચુંટણી નિયામક દ્વારા એક મતદાન જાગૃતિ અંગેનો પ્રોગ્રામ ઝાલોદ નગરના બસ સ્ટેશનની અંદર ભવાઈ (નાટકીય) દ્વારા સુંદર રજુઆત કરવામાં આવી હતી. નાટકીય રીતે રંગલો રંગલી દ્વારા બસ સ્ટેશનની અંદર મતદાન કરવા અંગે લોકોને સમજ આપવામાં આવી હતી. આવનાર લોકસભાની ચૂંટણી ગુજરાતમાં ૭ મેં ના રોજ યોજવામાં આવનાર છે. મતદાતાઓ મતદાન વધુમાં વધુ કરે તે માટે લોકોમા જાગૃતિ આવે તે માટે વિવિધ પ્રોગ્રામ દાહોદ ચુંટણી અધિકારીના આદેશ મુજબ કરવામાં આવી રહેલ છે. મતદાન જાગૃતિની સાથે સાથે તારીખ ૦૭-૦૫-૨૦૨૪ ના રોજ ૧૮ વર્ષની ઉપરના કોઈ પણ વ્યક્તિ જેની નોંધ મતદાતા તરીકે થયેલ છે તે વ્યક્તિ પોતાના સ્કૂલ કે સરકાર દ્વારા જ્યાં મતદાન સ્થળ નક્કી કરવામાં આવેલ હોય



ત્યાં જઈ વીવીપેટ મશીન પર ઉમેદવાર જોઈ જેને મત આપવાનો હોય તેવા ઉમેદવાર સામેનુ બટન દબાવી મત આપવાનો રહે છે. ચુંટણી અધિકારી દ્વારા વિકલાંગ અથવા વૃદ્ધ મતદારો જે ચાલી ના શકતા હોય તે માટે વિશેષ સુવિધાઓ પણ કરવામાં આવેલ છે. લોકશાહીનો મોટામાં મોટો ઉત્સવ એટલે મતદાન....દરેક જાગૃત વ્યક્તિ પોતે મતદાન કરે અને આજુબાજુ ના દરેક વ્યક્તિ પાસે મતદાન કરાવી લોકશાહીનો કાળો ટીકો પોતાની આંગળી પર જરૂર લગાવડાવે. સૌથી મોટું દાન એટલે મતદાન સાથે સુંદર ભવાઈ દ્વારા સુંદર નાટક રજુ કરાયું હતું.

### શિક્ષકો મતદાર જાગૃતિનાં સૂત્રો અને બેનર્સ સાથે રેલીમાં જોડાયા

# અવસર લોકશાહીનો : અમદાવાદમાં ૫૦૦૦થી વધુ શિક્ષકો એ બાઇક રેલી દ્વારા આપ્યો મતદાન જાગૃતિનો સંદેશ

### અમદાવાદ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કરે બાઈક રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું



। અમદાવાદ, તા.૨૬ ।

મતદાન એ જ મહાદાન. આ સૂત્રને સાર્થક કરવા માટે તેમજ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં મહત્તમ મતદાન થાય એ ઉદ્દેશથી અમદાવાદ કલેક્ટર કચેરી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ-અમદાવાદ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી-અમદાવાદ શહેર, જિલ્લા શિક્ષણાધિકારી-અમદાવાદ ગ્રામ્ય તેમજ સ્કૂલ બોર્ડના સહયોગથી બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ જિલ્લા કલેક્ટર ઓફિસ ખાતેથી અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ ઠક્કરે આ બાઈક રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. અમદાવાદ કલેક્ટર કચેરીથી નીકળેલી બાઈક રેલી ગાંધીઆશ્રમ, જૂના વાડજ, આશ્રમ રોડથી પસાર થઈને ટાગોર હોલ ખાતે તેની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

અમદાવાદ કલેક્ટર કચેરીથી ટાગોર હોલ સુધીના રૂટ પર મતદાન જાગૃતિના પોસ્ટર સાથે આયોજિત આ રેલીમાં શાળાનાં ૫૦૦૦થી વધુ શિક્ષકો જોડાયા હતા. શહેરમાં બાઈક રેલી દ્વારા મતદાન જાગૃતિનો સંદેશ અપાયો હતો.

'લોકશાહીનું ઉત્તમ દાન દરેક નાગરિકનું મત પ્રદાન', 'ભૂલો ભલે બીજુ બધુ મતદાન ને ભૂલશો નહીં', 'ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ', 'મતદાતા જાગૃતિ, રાષ્ટ્રની જાગૃતિ', 'નહીં કરીએ જો મતદાન થશે બહુ મોટું નુકસાન', 'મતદાન મહાદાન', 'મતદાન



લોકશાહીનો પ્રાણ', 'મારો મત મારી તાકાત', 'મત આપો મત અપાવો', 'આવો સૌ મતદાન કરીએ લોકશાહીને મજબૂત કરીએ' જેવાં સૂત્રો તથા બેનર્સ સાથે બાઈક રેલી નીકળી હતી.

જિલ્લામાં કોઈ પણ વ્યક્તિ મતદાનથી વંચિત ન રહી જાય તે માટે તમામ વર્ગના લોકોને મતદાન પ્રત્યે જાગૃત કરવામાં આવી રહ્યા છે. આ મતદાન જાગૃતિ માટે સ્વીપ પ્રવૃતિઓ અંતર્ગત વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે, જેના ભાગરૂપે આ ભવ્ય બાઈક રેલી કરીને શહેરીજનોને મતદાન કરવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા.

આ બાઈક રેલીમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ - અમદાવાદ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી - અમદાવાદ શહેર, જિલ્લા શિક્ષણાધિકારી - અમદાવાદ ગ્રામ્ય તેમજ સ્કૂલ બોર્ડના અધિકારીશ્રીઓ પણ ઉપસ્થિતિ રહ્યા હતા.

# કડાણા ગામે લોકશાહી પર્વની ઉજવણી


તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૨૬ ।

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના કડાણા ગામે સહકાર ભારતી ગુજરાત પ્રદેશ હેઠળ વિવિધ દૂધ સહકારી મંડળીઓ તેમજ સહકારી ક્ષેત્રે કામ કરતી મંડળીઓ ના વિકાસને અનુલક્ષીને સરકારી પુસ્તકાલય ખાતે એક મીટીંગ નું આયોજન કરવામાં આવેલ હતું સંતરામપુર થી શ્રી સંતોષભાઈ જી. જોષી પણ ઉપસ્થિત રહ્યા હતા અંતે સહકારીતા ની ભાવના નો સંકલ્પ લઈ સૌ છૂટા પડ્યા હતા.

# આગામી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણની ખરીદી કરતી વખતે ખેડૂતોએ રાખવાની થતી કાળજી અંગે માર્ગદર્શિકા જાહેર કરાઈ

। અમદાવાદ, તા.૨૬ ।

રાજ્યના તમામ ખેડૂતોને આગામી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણની ખરીદી કરતી વખતે રાખવાની થતી કાળજી અંગે નાયબ ખેતી નિયામક(વિસ્તરણ), અમદાવાદની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો. કોઈપણ સંજોગોમાં લાયસન્સ/પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કરવી નહી, જેથી છેતરપિંડીથી બચી શકાય એમ નાયબ ખેતી નિયામક(વિસ્તરણ), અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

વધુમાં, અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરુ નામ, સરનામું અને જે બિયારણ ખરીદેલ હોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને મુદત પૂરી થવાની વિગત દર્શાવતું બીલ સહી સાથે અવશ્ય લેવું જોઈએ. ખેડૂતોએ બિયારણની થેલી સીલ બંધ છે કે કેમ, તેમજ તેની મુદત પૂરી થઈ ગયેલ નથી તે બાબતે ખાસ ચકાસણી કરવી અને કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા બિયારણની ખરીદી કરવી નહીં. ખાસ કરીને કપાસ પાકના બિયારણની થેલી અથવા પેકેટ કે જેના પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણના ધારાધોરણો દર્શાવેલ ન હોય તેવા ૪જી અને ૫જી જેવા જુદા જુદા નામે વેચાતા અમાન્ય બિયારણની કોઈપણ સંજોગોમાં ખરીદી કરવી નહીં તેમજ આ પ્રકારના બિયારણ વેચાતા હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત ખેતીવાડી અધિકારી અથવા નાયબ ખેતી નિયામકશ્રી(વિસ્તરણ)ને તુરંત જાણ કરવી.

# શ્રમયોગીઓ મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે સવેતન રજા મળવાપાત્ર

। અમદાવાદ, તા.૨૬ ।

ડાયરેક્ટરશ્રી, ઈન્ડસ્ટ્રીઅલ સેફટી એન્ડ હેલ્થ, ગુજરાત રાજ્ય, અમદાવાદની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર આગામી તા.૦૭/૦૫/૨૦૨૪, મંગળવારના રોજ રાજ્યમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે મતદાન થનાર છે. મતદાનના દિવસે જે તે વિસ્તારમાં કારખાના ધારા-૧૯૪૮ હેઠળના નોંધાયેલા કારખાનામાં (ઔદ્યોગિક એકમોમાં) કામ કરતાં શ્રમયોગીઓ તેમજ ધી બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એકટ-૧૯૯૬ અન્વયે નોંધણી થયેલ સંસ્થા/સાઈટ પર કામ કરતા શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે લોકપ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ની કલમ ૧૩૫(બી) મુજબ આવા કારખાના ધારા-૧૯૪૮ હેઠળના કારખાના શ્રમયોગીઓ તેમજ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એકટ અન્વયે નોંધણી થયેલ સંસ્થાઓ/સાઈટના કામ કરતાં શ્રમયોગીઓને સવેતન રજા આપવાની રહેશે. આ જોગવાઈ અનુસાર રજા જાહેર કરવાના કારણે સંબંધિત શ્રમયોગીઓ/કર્મચારીઓના પગારમાંથી કોઇ કપાત કરવાની રહેશે નહીં. રજાના કારણે જો શ્રમયોગી/કર્મચારી પગાર મેળવવાનો હક ન ધરાવતો હોય તેવા સંજોગોમાં જે તે વ્યકિત રજા જાહેર ન થઈ હોય અને જે પગાર મળવાપાત્ર થતો હોય તેટલો પગાર ચૂકવવાનો રહેશે. જે મતદારની ગેરહાજરીથી જોખમ ઊભું થવા સંભવ હોય અથવા જે વ્યવસાય અને રોજગાર સાથે સંકળાયેલ હોય તે રોજગારમાં મોટા પ્રમાણમાં નુકસાન થવા સંભવ હોય તેવા કિસ્સામાં અથવા સતત પ્રક્રિયાવાળા કારખાનામાં કામ કરતાં શ્રમયોગીઓ/કર્મચારીઓ તેમના મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે તેમની ફરજના સમયમાંથી મતદાનના સમયગાળા દરમ્યાન ત્રણથી ચાર કલાક મતદાન માટે સવેતન રજા આપવાની રહેશે.

# ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે શ્રી લિંબચ માતાજીનો ૪૧મો પાટોત્સવ અને વાળંદ સમાજનો સામાજીક સંવાદ કાર્યક્રમ યોજયો

### ભારત સરકારના મંત્રી દેવુસિંહ ચૌહાણ, કપડવંજના ધારાસભ્ય રાજેશભાઈ ઝાલા અને પ્રદેશ ભાજપ કન્વીનર હેમરાજભાઈ પાડલિયા સહિત દિગ્ગજ નેતાઓની પ્રેરક ઉપસ્થિતિ

। (પ્રતિનિધી) આતરસુંબા, તા.૨૬ ।

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે શ્રી લિંબચ માતાજી મંદિરનો ૪૧મો પાટોત્સવ અને વાત્રક બેતાલીસ જૂથ વાળંદ સમાજનો સામાજીક સંવાદ કાર્યક્રમ ગુજરાત પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના સામાજીક સંકલન સેલના પ્રદેશ કન્વીનર અને ઋષિવંશી સમાજ સેવા સંઘ ગુજરાતના સ્થાપક પ્રમુખ અને સમાજ રત્ન શ્રી હેમરાજભાઈ પાડલિયાના મુખ્ય મહેમાન પદે યોજાયો હતો. આ પ્રસંગે કેન્દ્રિય સંચાર રાજ્ય મંત્રી અને ખેડાના સાંસદ ઉમેદવાર શ્રી દેવુસિંહ ચૌહાણ, કપડવંજના લોકપ્રિય ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલા, ભાજપ પ્રદેશ યુવા મોરચાના મંત્રી શ્રી શૈલેષભાઈ નાઈ, ખેડા જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી રાજેશભાઈ પટેલ ભાટેરા, ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોર્ચાના પ્રમુખ શ્રી કિરણસિંહ ડાભી, સામાજીક સંવાદ કાર્યક્રમના ઈન્ચાર્જ અને બક્ષીપંચ મોર્ચાના જિલ્લા કોષાધ્યક્ષ શ્રી રાજેશભાઈ શર્મા આતરસુંબા, જિલ્લા મંત્રી શ્રી ગોવિંદભાઈ શર્મા, વાત્રક બેતાલીસ જૂથ વાળંદ સમાજના પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઈ પારેખ અને સમસ્ત હોદેદારો, ઋષિવંશી સમાજ સેવા સંઘના પ્રમુખ શ્રી ઉત્તમભાઈ પારેખ અને સમસ્ત હોદેદારો, શ્રી અમિતભાઈ શર્મા, પ્રદેશ સંગઠન મંત્રી શ્રી નિલેશભાઈ શર્મા, કપડવંજ શહેર ભાજપ મહામંત્રી શ્રી સુરેશભાઈ પારેખ, પત્રકાર શ્રી પંકજભાઈ શર્મા, શ્રી પી.એચ. શર્મા સાહેબ, શ્રી નગીનભાઈ, શ્રી દેવાભાઈ, પાટોત્સવના દાતાશ્રીઓ શ્રી પુંજાભાઈ શર્મા,



તસ્વીર : રાજેશ શર્મા, આતરસુંબા

શ્રી રઘુભાઈ શર્મા તેમજ તમામ વિભાગના દાતાશ્રીઓ, શ્રીતરૂણભાઈ વાળંદ, પન્નાબેન શર્મા, શ્રી ચિમનભાઈ શર્મા સર્વે યજમાનશ્રીઓ, અમદાવાદ ટ્રસ્ટ પ્રમુખ શ્રી રઘુનાથભાઈ શર્મા સહિત સમસ્ત વાત્રક બેતાલીસ જૂથ વાળંદ સમાજના તમામ હોદેદારો,ખેડા લોકસભામાં આવતા કપડવંજ, કઠલાલ, નડિયાદ, વસો, દશક્રોઈ, મહેમદાવાદ તાલુકાના સમાજ આગેવાનો તેમજ ખૂબ મોટી સંખ્યામાં વાત્રક બેતાલીસ જથ વાળંદ સમાજના ગામે ગામથી ભાઈઓ બહેનો અને વ્હાલા પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદમાં ૭ મેના રોજ મતદાન કરનારને ડિસ્કાઉન્ટ આપવાની વેપારીઓની જાહેરાત

### કાલુપુરના હોટેલ, રેસ્ટોરન્ટ,ફૂડ કોર્ટ, મેડિકલ સ્ટોર સાથે સંકળાયેલા વેપારીઓની ઓફર




। અમદાવાદ, તા.૨૬ ।

Turn out Implementation Plan મતદાન જાગૃતિ માટે અસરકારક માધ્યમ બની રહ્યો છે. જે અંતર્ગત અમદાવાદ શહેરના કાલુપુર વોર્ડમાં આવેલ હોટેલ, રેસ્ટોરન્ટ, ફુડ કોર્ટ, મેડિકલ સ્ટોર સાથે સંકળાયેલા વેપારીઓએ તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ જે નાગરિકે વોટિંગ કર્યું હશે, તેને ૭% ડિસ્કાઉન્ટ આપવાની ઑફર આપી છે.

સાથોસાથ મતદાન જાગૃતિ માટે આંગણવાડીની સ્વીપની પ્રવૃત્તિમાં ૨૧૨૮ આંગણવાડી ખાતે મહેંદી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કુલ ૮૦૮૬ લોકોએ ભાગ લીધો.

આ ઉપરાંત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા જિલ્લા શિક્ષણ પરિવાર અને આંગણવાડી કાર્યકર દ્વારા મતદાન જાગૃતિ અંતર્ગત યુવા મતદારોને મતદાન કરવા માટે પ્રેરિત કર્યા. આ કાર્યક્રમમાં અંદાજિત ૭૬૫ યુવાઓએ ભાગ લીધો હતો. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા પણ સ્વીપ અંતર્ગત કાંકરિયા તળાવ, જડેશ્વર વન અને વસ્ત્રાપુર તળાવ ખાતે ચિત્ર સ્પર્ધાની પ્રવૃત્તિ કરવામાં આવી છે, જેમાં કુલ ૩૩૪૬ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી (શહેર) દ્વારા મતદાન જાગૃતિ માટે સામૂહિક શપથનું આયોજન કરાયું. જેમાં ૨૨૦ શાળાઓમાં ૨૩,૪૦૦ વિદ્યાર્થીઓ, ૨૧૦૦ શિક્ષકો અને અને ૧૨૦૦ જેટલા વાલીઓએ ભાગ લીધો. જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ (ગ્રામ્ય) દ્વારા જ્ઞાનદા ગર્લ્સ સ્કૂલ દ્વારા અમૂલ ગાર્ડન પેટ્રોલ પંપ પાસે મતદાન જાગૃતિનો વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં ૩૦૦થી વધુ લોકો જોડાયા હતા. કચેરીની ટીમ દ્વારા હિમાલયા મોલ સહિત ૦૩ મોલ ખાતે ૫૦૦થી વધુ મોલ કર્મીઓને મતદાન શપથ લેવડાવવામાં આવ્યા. તેમજ દરેક સ્થળે મતદાન તારીખ દર્શાવતો રબર સ્ટેમ્પ આપવામાં આવ્યો. જે ગ્રાહકોના બિલ પર મતદાન દિવસ સુધી લગાવવામાં આવશે. આ ઉપરાંત સ્કૂલ બોર્ડ અમદાવાદ દ્વારા થોડા દિવસ પહેલાં ૫૦ ટકા કે તેથી ઓછું મતદાન થયું હોય તેવી ૨૫ સોસાયટીની મુલાકાત લેવામાં આવી હતી. પુરુષ- સ્ત્રી મતદાનમાં ૧૦ ટકા કે તેથી વધુ તફાવત ધરાવતી ૩૩ સોસાયટીની મુલાકાત પણ લેવામાં આવી હતી. જ્યાં મતદાન જાગૃતિ અંગે બેઠક કરી મહત્તમ મતદાન પ્રક્રિયામાં ભાગ લે તે માટે સમજ આપવામાં આવી હતી.

અમદાવાદ જિલ્લા કલેકટર કચેરીથી તમામ કેમ્પસ એમ્બેસેડર સાથે ફેસબુક લાઈવ યોજવામા આવ્યું હતું. જેમાં અધિક જિલ્લા ચૂંટણી અધિકારી સુશ્રી નેહા ગુપ્તાએ માર્ગદર્શન આપ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. જો આખા પરિવારનો સમાવેશ થતો હોય તો મનોરંજન ખરેખર રસપ્રદ સાબિત થશે. ભૂતકાળની ખુશખુશાલ યાદો તમને વ્યસ્ત રાખશે. તમે આજે તમારા મહત્વપૂર્ણ કાર્યો નો નિકાલ કરી ને તમારા માટે ચોક્કસપણે સમય કાઢશો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. લાંબા સમય બાદ તમારા મિત્રને મળવાનો વિચાર તમારા હૃદયની ગતિ એકાદ ગબડતા પથ્થર જેવી કરી મુકશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? તમારી સમયસરની મદદ કોઈકને દુર્ભાગ્યનો અનુભવ કરવામાંથી બચાવશે. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. માતા-પિતાની તબિયતમાં સુધારો થશે અને તેઓ તમારા પર પ્રેમની વર્ષા કરશે. આજે પ્રેમમાં તમારે ભાગ્યવંત દિવસ છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમે પ્રેમમાં ધીમે પણ એકધારા બળશો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે સંતપુરુષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. ઉપયોગી થવાની તમારી શક્તિને હકારાત્મક વિચારો સાથે વિકસાવો અને લોકો તરફથી મળતા સૂચનોને તમારા પરિવારના ફાયદા માટે અપનાવો. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. સૅક્સ અપીલ વાંછિત ફળ આપશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.૫મ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે. તમારા જીવનસાથીની નાદુરસ્ત તબિયતને કારણે આજે રૉમાન્સ પર અસર પડશે.

# ચીન અને ભારત વચ્ચેના સરહદી વિસ્તારોમાં 'સામાન્ય સ્થિરતા' છે

## પૂર્વી લદ્દાખમાં સૈન્ય ગતિરોધને ઉકેલવા માટે બંને દેશો અસરકારક સંચાર જાળવી રહ્યા છે : ચીનના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા

। (એજન્સી) બેઈજીંગ, તા.૨૬ ।

હવે ચીનની સેનાએ ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા સીમા વિવાદ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી પર પ્રતિક્રિયા આપી છે. ચીનના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા કર્નલ વુ કિયાને કહ્યું કે ચીન અને ભારત વચ્ચેના સરહદી વિસ્તારોમાં 'સામાન્ય સ્થિરતા' છે. પૂર્વી લદ્દાખમાં સૈન્ય ગતિરોધને ઉકેલવા માટે બંને દેશો અસરકારક સંચાર જાળવી રહ્યા છે.



હકીકતમાં, હાલમાં જ અમેરિકન મેગેઝિન 'ન્યૂઝવીક'ને આપેલા ઈન્ટરવ્યુમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા સીમા વિવાદ પર ટિપ્પણી કરી હતી. ઈન્ટરવ્યુ દરમિયાન તેમને કહ્યું હતું કે ભારત અને ચીન વચ્ચે સ્થિર અને શાંતિપૂર્ણ સંબંધો સમગ્ર ક્ષેત્ર અને વિશ્વ માટે મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું હતું કે હું માનું છું કે આપણે આપણી સરહદો પર લાંબા સમયથી ચાલી રહેલી સ્થિતિ પર તાકીદે ચર્ચા કરવાની જરૂર છે જેથી કરીને આપણી દ્વિપક્ષીય વાતચીતમાં મતભેદોને પાછળ છોડી શકાય. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની ટિપ્પણીઓ સંબંધિત એક પ્રશ્નના જવાબમાં ચીનના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા કર્નલ વુ ક્વિઆને જણાવ્યું હતું કે, "હાલમાં, ભારત અને ચીન વચ્ચેના સરહદી વિસ્તારોમાં સ્થિતિ સામાન્ય રીતે સ્થિર છે. બંને દેશો વચ્ચેના સરહદી વિસ્તારોમાં સ્થિતિ સ્થિર છે. રાજદ્વારી છે અને બંને દેશોએ સૈન્ય માધ્યમો દ્વારા અસરકારક સંચાર જાળવી રાખ્યો છે અને આ બાબતમાં સકારાત્મક પ્રગતિ પણ હાંસલ કરી છે, જે બંને દેશોને સ્વીકાર્ય છે. આ પહેલા ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે પણ વડાપ્રધાન મોદીની ટિપ્પણી પર પ્રતિક્રિયા આપી હતી. વડા પ્રધાન મોદીની ટિપ્પણીના બીજા દિવસે માઓ નિંગે કહ્યું હતું કે ચીને ભારતીય વડા પ્રધાનની ટિપ્પણીની નોંધ લીધી છે. અમે માનીએ છીએ કે મજબૂત અને સ્થિર ચીન-ભારત સંબંધો બંને પક્ષોના સામાન્ય હિત માટે ફાયદાકારક છે. તે પ્રદેશ અને તેની બહાર શાંતિ અને વિકાસ માટે પણ જરૂરી છે. માઓ નિંગે કહ્યું હતું કે, "અમે આશા રાખીએ છીએ કે ભારત ચીન સાથે આ જ દિશામાં કામ કરશે, દ્વિપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક ઊંચાઈ પર લઈ જશે, પરસ્પર વિશ્વાસ વધારશે, વાતચીત અને સહયોગને વળગી રહેશે, મતભેદોને યોગ્ય રીતે સંભાળશે અને દ્વિપક્ષીય સંબંધોને વિકસિત કરશે."



ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે તિરુમાલા ખાતે શ્રી વેંકટેશ્વર સ્વામી મંદિરની મુલાકાત કરી હતી.

### ન્યુઝ બોક્ષ

## કેનેડામાં વિદ્યાર્થીઓ અને નોકરી વાંચ્છુકોની હાલત ભારે કફોડી

। (એજન્સી) ઓટાવા, તા.૨૬ ।

કેનેડામાં મોંઘવારી, નોકરીઓની અછતના કારણે વિદેશથી આવેલા વિદ્યાર્થીઓ અને નોકરી વાંચ્છુકોની હાલત કફોડી છે. ભારત કરતા જીવનધોરણ વધારે ઊંચું હોવાથી ભારતીયોની તકલીફ અનેકગણી વધારે છે. આ સમયે કોલેજ, યુનિવર્સિટીએ શરૂ કરેલી મફત ફૂડ અને જરૂરી ચીજોનો લાભ કેવી રીતે મેળવી શકાય એની માહિતી આપતો એક વીડિયો મેહુલે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ ઉપર ૧૪મી અને ૧૬મી એપ્રિલ દરમિયાન પોસ્ટ કર્યો હતો. આ વીડિયો પછી રેડિટ નામની અન્ય સાઈટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કોઈએ શેર કરી મેહુલ પ્રજાપતિ લાખો ડોલરનો પગાર મેળવતો હોવા છતાં મફત રાશન મેળવી રહ્યો છે, એવા સંદેશ સાથે લોકોએ શેર કર્યો. આ ખોટા સંદેશના કારણે મેહુલની સેવાની વૃત્તિ અત્યારે રોષનો ભોગ બની છે. લોકો મેહુલને વિલન તરીકે ચીતરી રહ્યા છે. હકીકતમાં મેહુલ જે કંપનીમાં નોકરી કરતો હોવાનો દાવો કરવામાં આવે છે. ત્યાં તેમણે વિદ્યાર્થી તરીકે ડિસેમ્બર ૨૦૨૩ સુધી ઈન્ટર્નશીપ કરી હતી. મેહુલ આજે પણ વિલફ્રિડ લોરિયર યુનિવર્સિટીનો વિદ્યાર્થી છે. હજી તેનું ભણતર બાકી છે.

## બ્રિટનમાં શીખ સમુદાય માટે પ્રથમ કોર્ટની શરુઆત થઈ

। (એજન્સી) લંડન, તા.૨૬ ।

બ્રિટનમાં રહેતા શીખ સમુદાય માટે દેશની પહેલી શીખ કોર્ટનો પ્રારંભ થયો છે. શીખ સમુદાય પોતાના પારિવારિક વિવાદો તથા આંતરિક ઝઘડા માટે આ કોર્ટનો સહારો લઈ શકશે અને કોર્ટ તેનુ સમાધાન લાવવા માટે પ્રયતન કરશે. મીડિયા રિપોર્ટ અનુસાર લંડનની એક હોટલમાં યોજાયેલા સમારોહમાં ધાર્મિક મંત્રોચ્ચાર સાથે કોર્ટની શરૂઆત કરવામાં આવી હતી. આ કોર્ટની સ્થાપના કરનારા પૈકીના એક વકીલ બલદીપ સિંહે કહ્યું હતુ કે, 'કોર્ટ શરુ કરવા પાછળનો ઉદ્દેશ શીખ સમુદાય વચ્ચે થતા ઝઘડા અને વિવાદોનો ઉકેલ લાવીને શીખ પરિવારોની મદદ કરવાનો છે.' આ કોર્ટ વ્યક્તિગત રીતે સંચાલિત થશે. તેમાં ૧૫ જેટલા લોકો ન્યાયાધીશ તરીકે ફરજ બજાવશે અને તેમાં પણ મોટાભાગની મહિલાઓ હશે. તેમનુ કામ કોર્ટ સુધી પહોંચેલા બંને પક્ષોના વિવાદનો ઉકેલ લાવીને સમાધાન કરાવવાનુ રહેશે. કોર્ટની સ્થાપના કરતા પહેલા શીખ સમુદાયની સંસ્થાઓ સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને એ પછી નક્કી થયુ છે કે, આ કોર્ટમાં ઘરેલુ હિંસા, જૂગાર તથા ડ્રગ્સને લગતા કેસ પર સુનાવણી કરાશે. આ કોર્ટમાં સુનાવણી કરવા માટે બંને પક્ષો વચ્ચે સંમતિ હોવી જરૂરી છે. સુનાવણી બાદ પણ બંને પક્ષો સમાધાન માટે રાજી નહીં હોય તો તેઓ તેમના વિવાદનો બીજા કાયદાકીય વિકલ્પનો ઉપયોગ કરીને ઉકેલ લાવવા માટે સ્વતંત્ર હશે.

### મહારાષ્ટ્રના ખેડૂતોને લાખોનું નુકસાન

## ગુજરાતના ડુંગળી પકવતા ખેડૂતોને લાભ મળતા ગુસ્સે ભરાયા મહારાષ્ટ્રના ખેડૂતો

### કેન્દ્ર સરકારે ૨૦૦૦ ટન સફેદ ડુંગળીના નિકાસની પરમિશન આપી છે. તેનો ફાયદો મુખ્ય રીતે ગુજરાતના ખેડૂતોને મળશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ડુંગળીના એક્સપોર્ટ પર પ્રતિબંધ છતાં કેન્દ્ર સરકારે એક એવો નિર્ણય લીધો, જેનાથી ગુજરાતના ખેડૂતોને સીધો ફાયદો થઈ રહ્યો છે. આ ફાયદો થતા મહારાષ્ટ્રના ખેડૂતોએ વિરોધ દર્શાવ્યો છે. એક્સપોર્ટ પર પ્રતિબંધ છતાં કેન્દ્ર સરકારે ૨૦૦૦ ટન સફેદ ડુંગળીના નિકાસની પરમિશન આપી છે. તેનો ફાયદો મુખ્ય રીતે ગુજરાતના ખેડૂતોને મળશે. કારણ કે, ગુજરાતમાં સફેદ ડુંગળીની ખેતી વધારે થાય છે.

લોકસભા ચૂંટણી વચ્ચે લેવાયેલા આ નિર્ણય અંગે કેટલાક ખેડૂતો વિરોધ કરી રહ્યાં છે. તેઓએ વિરોધ દર્શાવ્યો કે, ગુજરાતના ખેડૂતોને જ ખુશ કરવાનો પ્રયાસ સરકાર દ્વારા કરાઈ રહ્યો છે. ડાયરેક્ટર જનરલ ઓફ ગુડસ એન્ડ સર્વિસ ટેક્સ દ્વારા જાહેર કરવામાં આવેલા નોટિસમાં જણાવાયું કે, સફેદ ડુંગળીના નિકાસની પરમિશન માત્ર ત્યારે જ આપવામાં આવશે, જ્યારે ગુજરાતના બાગાયતી આયુક્ત નિકાસ કરવામાં આવતી વસ્તુ અને માત્રાને પ્રમાણિત કરાશે. તેથી મહારાષ્ટ્રના ખેડૂત નેતાઓએ વિરોધ દર્શાવતા કહ્યું કે, માત્ર ગુજરાતના જ ખેડૂતોને ફાયદો અપાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

સફેદ ડુંગળીની એક્સપોર્ટ કરવાના નોટિફિકેશમાં એવી કોઈ શરત રાખવામાં આવી નથી કે, તેનું નિકાસ નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટસ લિમિટેડ જ કરશે. પરંતુ તેમાં માત્ર એટલુ ઉલ્લેખ કરાયું છે કે, મુન્દ્રા અને પીપાવાવના ગુજરાતના પોર્ટ કે મુંબઈના ન્હાવા શેવા પોર્ટના માધ્યમથી કરવામાં આવવુ જોઈએ. આ વિશે મહારાષ્ટ્ર ડુંગળી ઉત્પાદક સંગઠનના અધ્યક્ષ ભારત દિઘોલેએ જણાવ્યું કે, ચૂંટણીમાં ગુજરાતના ભાજપના નેતા પોતાના ખેડૂતોને ફાયદો અપાવવા માટે આ પ્રકારના નિર્ણયો લઈ રહ્યાં છે. જ્યારે કે, મહારાષ્ટ્રના નેતા કેન્દ્ર સરકારની સામે નતમસ્તક છે. ભલે ખેડૂતોને નુકસાન કેમ ભોગવવું ન પડે. મહારાષ્ટ્ર ડુંગળીનં સૌથી મોટુ ઉત્પાદન કેન્દ્ર છે અને હાલ ડુંગળીનું એક્સપોર્ટ બંધ હોવાને કારણે દરેક ખેડૂતને લાખોનું નુકસાન થઈ રહ્યું છે. મહારાષ્ટ્રના ખેડૂત નેતાઓ ૨૦૦૦ ટન સફેદ ડુંગળીની નિકાસને ચૂંટણીલક્ષી જાહેરાત તરીકે જોડી રહ્યાં છે. કારણ કે ગુજરાત દેશમાં સફેદ ડુંગળીનું મુખ્ય ઉત્પાદક અને નિકાસકાર છે.

### દર્દીને સેન્ટ્રલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો

## ધનબાદમાં કોરોના પોઝિટિવ દર્દી મળ્યો, આરોગ્ય વિભાગ એલર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

લગભગ એક વર્ષ પછી ઝારખંડના ધનબાદમાં કોવિડ ફરી દસ્તક આપી છે. કોયલાંચલમાં એક વ્યક્તિ કોરોના પોઝિટિવ મળી આવ્યો છે. ડોક્ટરોએ તેને તરત જ સેન્ટ્રલ હોસ્પિટલના કોવિડ વોર્ડમાં દાખલ કર્યો. આ અંગે જિલ્લાના સિવિલ સર્જન ડૉ.ચંદ્ર ભાનુ પ્રતાપને જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળથી બીસીસીએલનો કર્મચારી આવ્યો છે. જેમાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા છે. તેમને સારવાર માટે સેન્ટ્રલ હોસ્પિટલના કોવિડ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે.આ સિવાય સિવિલ સર્જન ડૉ.ચંદ્ર ભાનુ પ્રતાપને જણાવ્યું કે બંગાળથી ધનબાદ સુધી દદીની માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. જેથી એ જાણી શકાય કે ચેપગ્રસ્ત વ્યક્તિ કયા લોકોને અને ક્યાં મળ્યો હતો. જેથી તેના સંપર્કમાં આવેલા લોકોની ઓળખ કરી શકાય અને તેની તપાસ કરી શકાય. જણાવવામાં આવી રહ્યું છે કે ૫૮ વર્ષીય BCCL કર્મચારી, વસંત વિહાર, ધાંગી મોડના રહેવાસી પણ કેન્સરથી પીડિત છે અને તે ૨૧ એપ્રિલે કોલકાતાના HCG ઈકો કેન્સર સેન્ટરમાં સારવાર માટે આવ્યા હતા. કોરોના પોઝિટિવ મળ્યા બાદ તેને ધનબાદ મોકલવામાં આવ્યો હતો. મંગળવારે રાત્રે તેમને સેન્ટ્રલ હોસ્પિટલના કોવિડ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા.

### કોઈ ત્રીજા દેશને નુકસાન થવુ ના જોઈએ : ચીન

## ભારતે ફિલિપાઈન્સને બ્રહ્મોસ મિસાઈલ આપ્યા બાદ ચીન ધૂંધવાયુ

। (એજન્સી) બેઈજિંગ, તા.૨૬ ।

ફિલિપાઈન્સ અને ચીન વચ્ચે સાઉથ ચાઈના સીમાં આવેલા ટાપુની માલિકીને લઈને ખટરાગ ચાલી રહ્યો છે ત્યારે જ ભારતે સમયસર મિસાઈલ મોકલી આપ્યા છે. જેના પર ચીનની સેનાએ પ્રતિક્રિયા આપી છે.

ચીનની સેનાના પ્રવકતા વૂ કિયાને કહ્યુ છે કે, 'ભારત અને ફિલિપાઈન્સ વચ્ચેના સુરક્ષા સહયોગમાં કોઈ ત્રીજા દેશના હિતને નુકસાન ના થાય તે વાતનુ બંને દેશો ધ્યાન રાખે. ચીન હંમેશા બે દેશો વચ્ચે સંરક્ષણ ક્ષેત્રની ભાગીદારીના કારણે કોઈ ત્રીજા દેશને નુકસાન ના જાય અને પ્રાદેશિક શાંતિ જોખમાય નહીં તે સિધ્ધાંતમાં વિશ્વાસ કરતુ આવ્યુ છે. 'સાથે સાથે કિયાને અમેરિકાની ટીકા કરીને કહ્યુ છે કે, 'ફિલિપાઈન્સમાં અમેરિકાએ મધ્યમ અંતરની બેલેસ્ટિક મિસાઈલની તૈનાતી કરીને આ વિસ્તારની સુરક્ષા અને શાંતિ સામે મોટો ખતરો ઉભો કર્યો છે. ચીનની અકળામણનુ કારણ એ છે કે, ફિલિપાઈન્સ સાથે ચીનનો સાઉથ ચાઈના સીમાં આવેલા થોમસ શોલ તથા સ્કારબોરો શોલ નામના ટાપુની માલિકીને લઈને વિવાદ ચાલી રહ્યો છે. ફિલિપાઈન્સે ચીનની દાનત પારખી જઈને ભારત સાથે બ્રહ્મોસ મિસાઈલ માટે ડીલ કરી છે. ભારત પણ ચીનની સામે પડેલા ફિલિપાઈન્સને મદદ કરી રહ્યુ છે.

### બિહારના દરભંગમાં બની મોટી દુર્ઘટના

## લગ્નમાં ફટાકડા ફોડતા લાગી આગ, ૬ લોકોના મોત થયા

**બિહારના દરભંગામાં એક લગ્ન સરઘસ દરમિયાન ફટાકડા ફોડવાના કારણે ઘરમાં આગ લાગી હતી**



। (એજન્સી) દરભંગા, તા.૨૬ ।

બિહારના દરભંગામાં એક મોટો અકસ્માત થયો છે. અહીં એક લગ્ન સરઘસ દરમિયાન ફટાકડાના કારણે ઘરમાં આગ લાગી હતી. જેના કારણે એક જ પરિવારના છ લોકોના કરૂણ મોત નિપજ્યા છે. ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. મળતી માહિતી મુજબ, આ ઘટના દરભંગા જિલ્લાના અલીનગર બ્લોકના અંતોર ગામમાં બની હતી.

અહી ગામમાં લગ્ન પ્રસંગ ચાલતો હતો. આ દરમિયાન લોકો લગ્નમાં ફટાકડા ફોડી રહ્યા હતા. દરમિયાન કોઈક રીતે ફટાકડાના તણખાને કારણે ઘરમાં આગ લાગી હતી. થોડી જ વારમાં આગ એટલી બધી ફેલાઈ ગઈ કે તેને ઓલવવી મુશ્કેલ બની ગઈ. આગ ઘરમાં રાખેલા ગેસ સિલિન્ડર સુધી પહોંચી અને થોડી વાર પછી સિલિન્ડર ફાટ્યો. આ પછી દરવાજા પર રાખવામાં આવેલા ડીઝલના ડ્રમમાં પણ આગ લાગી હતી, જેના કારણે મામલો વધુ ભયાનક બન્યો હતો. થોડી જ વારમાં આખા ઘરમાં આગની જ્વાળાઓ ઉભરાવા લાગી. સર્વત્ર ચીસો પડી હતી. લોકો પોતાનો જીવ બચાવવા માટે અહીં-તહીં દોડવા લાગ્યા. આખા ઘરનો સામાન બળીને રાખ થઈ ગયો હતો. આ દરમિયાન આસપાસના વિસ્તારોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. આગની જ્વાળાઓ દૂર દૂર સુધી દેખાતી હતી. લોકોએ તાત્કાલિક પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરી

## પતનીની સંપત્તિ પર પતિનો અધિકાર નથી : સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

પતિ-પત્નીની સંપત્તિ સાથે જોડાયેલા એક કેસમાં સુપ્રીમ કોર્ટે મહત્વની ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે પતિનું તેની પત્નીના 'સ્ત્રીધન' (સ્ત્રીની સંપત્તિ) પર કોઈ નિયંત્રણ નથી અને તેમ છતાં તે મુશ્કેલીના સમયે તેનો ઉપયોગ કરી શકે છે. કોર્ટે કહ્યું કે તેનો ઉપયોગ કર્યા બાદ પત્નીને પૈસા પરત કરવાની નૈતિક જવાબદારી પતિની છે. સુપ્રીમ કોર્ટે મહિલાના પતિને તેનું ૨૫ લાખ રૂપિયાનું સોનું પરત કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો. આ કિસ્સામાં, મહિલાએ દાવો કર્યો હતો કે તેના પરિવારે તેના લગ્ન સમયે ૮૯ સોનાના સિક્કા ભેટમાં આપ્યા હતા. લગ્ન બાદ તેના પિતાએ તેના પતિને ૨ લાખ રૂપિયાનો ચેક પણ આપ્યો હતો. મહિલાએ કોર્ટમાં કહ્યું હતું કે લગ્નની પહેલી રાત્રે તેના પતિએ તેના તમામ દાગીના લઈ લીધા હતા અને તેને સુરક્ષિત રાખવાના બહાને તેની માતાને આપી દીધા હતા. મહિલાનો આરોપ છે કે તેના પતિ અને તેની માતાએ દેવું ચૂકવવા માટે તેના તમામ દાગીનાનો દુરુપયોગ કર્યો હતો. હકીકતમાં, ફેમિલી કોર્ટે ૨૦૧૧ માં કહ્યું હતું કે પતિ અને તેની માતાએ ખરેખર અપીલ કરનાર મહિલાના સોનાના દાગીનાનો દુરુપયોગ કર્યો હતો અને તેથી તે નુકસાન માટે વળતરની હકદાર છે.

## ગોવામાં બે ભાઈઓનું રહસ્યમય મૃત્યુ, કૂપોષણથી મોત થયાની શંકા

। (એજન્સી) પણજી, તા.૨૬ ।

પોલીસ ગોવામાં બે ભાઈઓના મૃત્યુના કેસની તપાસ કરી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ૨૯ અને ૨૭ વર્ષની વયના ભાઈઓનું મૃત્યુ કેશેક્સિયા અને કુપોષણને કારણે થયું હતું. તેનો મૃતદેહ ઘરમાંથી મળી આવ્યો છે. યુવકની માતા પણ બેભાન હાલતમાં મળી આવી હતી. બધા ઉપવાસ પર હતા અને રોજ માત્ર એક જ તિથિ ખાતા હતા. તે ભૂખથી મરી ગયો. તેના પિતા કાપડ વિક્રેતા છે, જે મતભેદોને કારણે પરિવારથી અલગ રહેતા હતા. ડોક્ટરોએ મૃત્યુની પુષ્ટિ કરી છે. મૃતકોમાં એન્જિનિયર ઝુબેર ખાન અને નાનો ભાઈ અફાન ખાનનો સમાવેશ થાય છે. બેભાન હાલતમાં મળી આવેલી રૂકસના ખાનને સરકારી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. જે બાદ તેને માનસિક તપાસ માટે ગોવા મેડિકલ કોલેજ અને હ્યુમન બિહેવિયર ઈન્સ્ટિટ્યૂટમાં દાખલ કરવામાં આવશે. પિતા નઝીર ખાન બુધવારે પરિવારને મળવા માટે મારગાવના એકેમ સ્થિત તેમના ઘરે આવ્યા હતા. તેણે દરવાજો ખખડાવ્યો, પરંતુ કોઈ જવાબ મળ્યો નહીં. આ પછી જ્યારે તેઓ દરવાજો તોડી અંદર પ્રવેશ્યા તો રૂમમાં નાનો પુત્ર મૃત હાલતમાં મળી આવ્યો હતો. મોટા પુત્રની લાશ બાજુના રૂમમાં ફ્લોર પર મળી આવી હતી. માતા પલંગ પર બેભાન હાલતમાં મળી આવી હતી. આ લોકો ભોજન નહોતા ખાતા હતા, જેના કારણે મોત નીપજ્યું હતું.

નઝીરે જણાવ્યું કે અઠવાડિયાની શરૂઆતમાં તે પણ ઘરે આવ્યો હતો, પરંતુ આ લોકોએ તેને અંદર ન આવવા દીધો. નઝીરના ભાઈ અકબર ખાને કહ્યું કે પરિવાર બહારની દુનિયાથી કપાઈ ગયો હતો. આ લોકો કોઈની સાથે વાત કરતા ન હતા. નઝીરને તેના પરિવાર સાથે મતભેદ હતા, જેના કારણે તે મારગાવમાં રહેતો હતો. બંને ભાઈઓનું માતુશ્રીનું ઘર મહારાષ્ટ્રના સિંધુદુર્ગ જિલ્લામાં આવે છે, જ્યાં તેમનું મોટાભાગનું બાળપણ વીત્યું હતું.

### વિમાનની સફર હવે થશે સસ્તી

## DGCA જાહેર કર્યો ફ્લાઈટ ટિકિટ અંગેનો નવો નિયમ

**DGCA એ સર્ક્યુલરમાં કહ્યું છે કે સર્વિસીસ અને તેમના ચાર્જને અલગ કરીને મૂળભૂત ભાડું વધુ સસ્તું થઈ શકે છે**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) દ્વારા એક સૂચના જારી કરવામાં આવી છે, જેમાં મુસાફરો માટે ફ્લાઈટના મૂળ ભાડાને વધુ સસ્તું બનાવવાની યોજનાઓ ચાલી રહી છે. જો તમે પણ ફ્લાઈટના જંગી ભાડાથી પરેશાન છો, તો હવે જલ્દી જ મોંઘી ફ્લાઈટ ટિકિટમાંથી રાહત મળી શકે છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) દ્વારા એક સૂચના જારી કરવામાં આવી છે, જેમાં મુસાફરો માટે ફ્લાઈટના મૂળ ભાડાને વધુ સસ્તું બનાવવાની યોજનાઓ ચાલી રહી છે. DGCA નું કહેવું છે કે એરલાઈન્સ દ્વારા જારી કરાયેલા નિયત ભાડામાં તેમના દ્વારા આપવામાં આવતી કેટલીક સેવાઓ પર વસૂલવામાં આવતી ફીનો પણ સમાવેશ થાય છે. અલગ-અલગ જગ્યાએથી મળેલા ફીડબેકના આધારે એવું જોવામાં આવ્યું છે કે ઘણી વખત મુસાફરોને મુસાફરી દરમિયાન એરલાઈન્સ દ્વારા આપવામાં આવતી આ સેવાઓની જરૂર હોતી નથી. DGCA એ સર્ક્યુલરમાં કહ્યું છે કે સર્વિસીસ અને તેમના ચાર્જને અલગ કરીને મૂળભૂત ભાડું વધુ સસ્તું થઈ શકે છે. આ સાથે, ગ્રાહકોને તેઓ જે સેવાઓ મેળવવા માગે છે તેના માટે જ ચૂકવણી કરવાનો વિકલ્પ મળે છે. વિભિન્ન સર્વિસીસ 'ઓપ્ટ-ઈન' ધોરણે પ્રદાન કરવી જોઈએ અને 'ઓપ્ટ-આઉટ' આધારે નહીં. DGCA એ ૭ સર્વિસીસનું લિસ્ટ બહાર પાડ્યું છે, જેને ટિકિટના ખર્ચમાંથી બાકાત રાખવામાં આવે તો, બેઝ ભાડું ઘણું વધારે સસ્તું બની શકે છે. અનુસૂચિત એરલાઈન્સને એરલાઈન બેગેજ પોલિસીના ભાગરૂપે ફ્રી બેગેજ એલાઉન્સ સાથે 'ઝીરો બેગેજ/નો-ચેક-ઈન બેગેજ ભાડાં' ઓફર કરવાની પરવાનગી આપવામાં આવશે.

# અમદાવાદથી રાજકોટ માત્ર બે કલાકમાં પહોંચી જશો : કેન્દ્રિય રેલવે મંત્રી

## રાજકોટથી વડોદરા જવા માટે અમદાવાદની બદલે સાણંદ પાસેથી જ બાયપાસ ટ્રેક બનાવવાની કામગીરી ચાલુ : અશ્વિની વૈષ્ણા

। (માહિતી) રાજકોટ, તા.૨૬ ।

કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે રાજકોટની એક દિવસીય મુલાકાતે છે. ત્યારે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત સંવાદ વિકસિત ભારત ૨૦૪૭ કાર્યક્રમમાં અશ્વિની વૈષ્ણવે હાજરી આપી હતી. ત્યારે રાજકોટના ઉદ્યોગપતિઓ તેમજ પ્રબુદ્ધ નાગરિકો અને વિદ્યાર્થીઓ સાથે તેમણે વાતચીત કરી હતી. વાતચીત દરમિયાન તેમણે વિકસિત ભારત ૨૦૪૭ ના રોડ મેપને લઈને પણ સરકારની કામગીરી અંગે માહિતી આપી હતી. તો સાથે જ આગામી સમયમાં વંદે ભારત બાદ વંદે સ્લીપર અને વંદે મેટ્રો ટ્રેનનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હોવાની વાત પણ જણાવી હતી.

કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સંબોધનમાં આગામી સમયમાં રાજકોટથી વડોદરા જવા માટે અમદાવાદ નહીં જવું પડે તે પ્રકારની માહિતી પણ તેમણે આપી હતી. આ અંગે વાતચીત કરતા અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, રાજકોટથી વડોદરા જવા માટે અમદાવાદની બદલે સાણંદ પાસેથી જ બાયપાસ ટ્રેક બનાવવાની કામગીરી ચાલી રહી છે. જે અંતર્ગત ભૂમિ અધિગ્રહણ બાબતે પણ કામકાજ ચાલી રહ્યું છે. આગામી સમયમાં ટ્રેનની સ્પીડ પણ વધારવા કામગીરી હાથ ધરવામાં આવનાર છે. રાજકોટથી અમદાવાદ સુધીની યાત્રા માત્ર બેથી સવા બે કલાકમાં પૂર્ણ થાય તે બાબતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સૂચના આપવામાં આવી છે. હાલ રાજકોટ કે અમદાવાદ તરફથી હરિદ્વાર કે અયોધ્યા જવા માટે દિલ્હી થઈને જવાની ફરજ પડે છે. ત્યારે આગામી સમયમાં અમદાવાદ બાયપાસની જેમ દિલ્હીનો બાયપાસ પણ બનાવવામાં આવ્યો છે. જેના કારણે ઉત્તર ભારતમાં જવા માટે દિલ્હી જવું નહીં પડે. તો સાથે જ વંદે મેટ્રો ટ્રેન આવવાથી



ભારતીય રેલવે વિભાગમાં એક મોટી ક્રાંતિ આવવાની છે.કેન્દ્રીય રેલવે મંત્રીએ પોતાના સંબોધનમાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તો સાથે જણાવ્યું હતું કે, ૨૦૦૪માં અટલ બિહારી વાજપાઈ સરકારના સમયમાં ભારત વિશ્વના અર્થતંત્રમાં ૧૧માં સ્થાન પર હતું. ત્યારે ૨૦૦૪થી ૨૦૧૪ સુધીમાં ભારત માત્રને માત્ર ૧૧માં સ્થાન ઉપર જ બની રહ્યું હતું. ત્યારે નરેન્દ્ર મોદીની સરકારમાં ભારતે વિકાસ કર્યો છે. અંતર્ગત વૈશ્વિક અર્થતંત્રમાં ૧૧માં સ્થાન પરથી ભારતે પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમજ શક્ય છે કે, આગામી થોડા મહિનાઓમાં આપણે ચોથા સ્થાન ઉપર પણ પહોંચી જઈએ.વંદે ભારત અંગે ૨૦૧૭માં ચર્ચા શરૂ થઈ હતી. શરૂઆતના સમયગાળામાં વિદેશમાં જઈ ટેકનોલોજી આયાત કરવાની વાતચીત પણ કરવામાં આવી હતી. જોકે જે તે સમયે જ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સૂચના આપવામાં આવી હતી કે ભારતમાં ક્ષમતા છે. જે અંતર્ગત ડિઝાઈન થી માંડીને મેન્યુફેક્ચરિંગ સહિતની કામગીરી માત્રને માત્ર ભારતમાં જ કરવામાં આવી છે. ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત અંગે ત્રણ વર્ષ પૂર્વે જ નરેન્દ્ર મોદીએ કામકાજ શરૂ કર્યું છે. વિકસિત ભારતનો રોડ મેપ અંતર્ગત સો દિવસનો પ્લાન તેમજ પાંચ વર્ષનો પ્લાન તૈયાર થઈ ચૂક્યો છે. આગામી સમયમાં ભારતીય જનતા પાર્ટીની ફરી વખત કેન્દ્રમાં સરકાર બનતા રોડ મેપનું અમલીકરણ પણ શરૂ કરવામાં આવશે. વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૪ સુધીમાં પાંચ કિલોમીટર પ્રતિ દિવસ રેલવે ટ્રેકનું નિર્માણ કાર્ય થતું હતું. આજની તારીખે રેલવે ટ્રેક બનાવવાની કામગીરીમાં ઝડપ વધારીને ૧૪.૫ કિલોમીટર પ્રતિ દિવસ કરવામાં આવી છે. આગામી દિવસોમાં રાજકોટ વાંકાનેર પડધરી ભક્તિનગર સહિતના રેલ્વે સ્ટેશનનું નવીનીકરણનું કામકાજ હાથ ધરવામાં આવશે. રાજકોટનું રેલ્વે સ્ટેશન વર્લ્ડ ક્લાસ બને તે માટે ડિઝાઈનિંગની પ્રોસેસ શરૂ થઈ ચૂકી છે. આગામી ૧.૫ થી ૨ મહિનામાં રાજકોટ વાસીઓના સજેશન ના આધારે ડિઝાઈનિંગની પ્રોસેસ પૂર્ણ કરવામાં આવશે.કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓ તેમજ સદસ્યોને ખાતરી આપવામાં આવી છે કે, ઈક્રમટેક્સ એક્ટ ૪૩ બીએચ અંતર્ગત એક્સપોર્ટ કરનારા ઉદ્યોગપતિઓને જે હાલાકી પડી રહી છે તે મામલે તેઓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામનને રજૂઆત કરશે.

## ગરમી વધતા ફળોના ભાવમાં પણ ઉછાળો જોવા મળ્યો

। (એજન્સી) વડોદરા, તા.૨૬ ।

શહેરમાં આવેલી ફ્રૂટ બજારમાં હાલ વિવિધ ફળોની આવક થઈ રહી છે. શહેરના ખંડેરાવ માર્કેટમાં હાલ કેળા, ચીકુ, કેરી, તરબૂચ, ટેટી, જાંબુ, દાડમ, દ્રાક્ષ, નારિયેળ, પપૈયા, મોસંબી, કીવી,વગેરે ફળોની આવક થઈ રહી છે. વિવિધ ફળોના ભાવની વાત કરીએ તો તેમના ભાવમાં ૨ થી ૫ ટકાનો વધારો નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે, ગરમીનું તાપમાન વધતા ફળોની માંગમાં પણ વધારો નોંધાયો છે. વડોદરા શહેરના ફળ બજારમાં હાલ, કેળા ૩૦ રૂપિયા કિલો, ચીકુ ૪૦ રૂપિયા કિલો, બદામ કેરી ૧૦૦ રૂપિયાની સવા કિલો, કેસર કેરી ૨૦૦ રૂપિયાથી લઈને ૨૫૦ રૂપિયા કિલો, શક્કરટેટી ૪૦ રૂપિયા કિલો તથા ૧૦૦ રૂપિયે અઢી કિલો, તરબૂચ ૨૦ રૂપિયે કિલો, ગોરસ આમલી ૪૦ રૂપિયાની ૫૦૦ ગ્રામ, કાળા જાંબુ ૮૦ રૂપિયાના અઢીસો ગ્રામ મળે છે. ફ્રૂટ બજારમાં આવકાડો ૨૦૦ નું એક નંગ,દાડમ ૧૬૦ રૂપિયે કિલો, સફરજન ૨૪૦ રૂપિયે કિલો, દ્રાક્ષ ૧૪૦ રૂપિયા કિલો, નારિયેળ ૧૦૦ રૂપિયાના ૫ નંગ, કિવી ૮૦ રૂપિયાના ૪ નંગ, પપૌયા ૫૦ રૂપિયા કિલો અને મોસંબી ૧૦૦ રૂપિયા કિલોના ભાવમાં મળી રહ્યા છે. ફળોના વેપારીઓએ જણાવ્યું કે, આ વર્ષે ફળોના ભાવમાં ૨ થી ૫ ટકાનો વધારો નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે, જેમ જેમ ઉનાળાની ગરમી આકરી બનતી જશે, તેમ અન્ય ફળોના ભાવમાં પણ વધારો થવાની સંભાવના છે. ફળોના ભાવમાં વધારો થવાનું કારણ બદલાતા હવામાનની અસર છે. કારણ કે કમોસમી વરસાદ થાય તો તેની સીધી અસર ઉનાળુ ફળ પર પડતી હોય છે.

# અલ્પેશ કથીરિયા આજે ભારતીય જનતા પાર્ટીમાં જોડાશે

## પાસ કન્વીનર અલ્પેશ કથિરીયા અને ધાર્મિક માલવિયા ભાજપમાં જોડાશે : સીઆર પાટીલ તેમને ખેસ પહેરાવશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૬ ।

લોકસભાની ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીને મોટો ફટકો પડ્યો છે. દક્ષિણ ગુજરાતમાં આમ આદમી પાર્ટીના બે મોટા પાટીદાર નેતા અલ્પેશ કથિરિયા અને ધાર્મિક માલવિયાએ હજી ગત અઠવાડિયે જ રાજીનામું આપ્યું હતું. ત્યારે આ બે પાટીદાર નેતાઓ એકસાથે કેસરિયા કરવા જઈ રહ્યાં છે. પાસ કન્વીનર અલ્પેશ કથિરીયા અને ધાર્મિક માલવિયા આવતીકાલે ભાજપ માં જોડાશે. આવતીકાલે વિધીવત રીતે બંને ભાજપમાં જોડાશે. ખુદ ભાજપ પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલ તેમને ખેસ પહેરાવશે. બંને નેતાઓની સાથએ પાસની ટીમ પણ ભાજપમાં જોડાશે. ગુજરાતની રાજનીતિનું સૌથી





મોટું પાટીદાર આંદોલનના ચહેરાઓની રાજકારણમાં એન્ટ્રી બાદ હવે નવાજૂની કરી રહ્યાં છે. હાર્દિક પટેલ તો ભાજપના ધારાસભ્ય બની ગયા છે. ત્યારે ગત અઠવાડિયે અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ એકસાથે આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપ્યું હતું. લોકસભાની ચૂંટણીને આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે આમ આદમી પાર્ટીને ગુજરાતમાં મોટો ઝટકો લાગ્યો છે. કારણ કે, સુરતમાં અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડ્યો છે. બન્નેએ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીને પોતાનું રાજીનામું મોકલ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ધાર્મિક માલવિયા અને અલ્પેશ કથીરિયા બંને ખાસ મિત્રો છે, ત્યારે બંને મિત્રોએ એકસાથે પાર્ટીમાંથી વિદાય લેતા ચકચાર મચી ગઈ હતી. જોકે, બંને ગમે ત્યારે ભાજપમાં જશે તેવી ચર્ચા વહેતી થઈ હતી. ત્યારે આખરે આ વાત પર પૂર્ણવિરામ મૂકાયું છે. આ પાટીદાર અનામત આંદોલનથી ચર્ચામાં આવ્યા હતા. ૩૦ ઓક્ટોબર ૨૦૨૨ના દિવસે આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. ૨૦૨૨માં છઈઁએ વરાછા વિધાનસભાથી ટિકિટ આપી હતી. સુરતના વરાછાથી કુમાર કાનાણી સામે કથીરિયા હાર્યા હતા. તેના બાદ ૧૮ એપ્રિલ ૨૦૨૪ના દિવસે કથીરિયાએ છઈઁ છોડ્યું હતું. તેમની સાથે ધાર્મિક માલવિયાએ પણ રાજીનામું આપ્યું હતું બંને પાટીદાર નેતાઓએ સમાજ સેવા કરવાનું કારણ આપીને આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપ્યુ હતું. બંનેએ ખરી ચૂંટણી ટાંણે એકસાથે પાર્ટીમાંથી વિદાય લેતા ન આમ આદમી પાર્ટીને મોટો ફટકો પડ્યો છે. એક તરફ પાર્ટીના મુખિયા જેલમાં છે, તો બીજી તરફ પાર્ટીના કાંગરા એક પછી એક ખરી રહ્યાં છે.

### ક્ષત્રિયોએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા

## હવે મોડું થઈ ગયુ છે તેનું પરિણામ ભાજપને ચૂંટણીમાં જોવા મળશે

। (એજન્સી) કચ્છ, તા.૨૬ ।

કેન્દ્રીય પ્રધાન પરસોત્તમ રૂપાલાના રાજપૂત સમાજની મહિલાઓ માટે વિવાદાસ્પદ નિવેદનને લઈને રાજપૂત સમાજમાં નારાજગીની આગ હજુ શમી નથી. ત્યારે રાજપૂત સમાજ દ્વારા અસ્મિતા સંમેલન ભાગ-૨ ના ભાગરૂપે ક્ષત્રિય નારીની અસ્મિતા લડાઈ વેગવાન બનાવાઈ છે. કચ્છના માતાના મઢ ખાતેથી શરૂ થયેલ ક્ષત્રિય અસ્મિતા ધર્મ રથ ભુજ આવી પહોંચ્યો હતો. ભુજ ખાતે સ્વાભિમાન સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં મંચ પરથી ક્ષત્રિયોએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. શ્રી રાજપૂત કરણી સેના દ્વારા આ અસ્મિતા ધર્મરથનો પ્રવાસ કચ્છભરમાં કરવામાં આવી રહ્યો છે. તો સમગ્ર વિરોધ બાબતે ક્ષત્રિય સમાજ દ્વારા ભુજના શકતિધામ સ્વાભિમાનની સભા પણ યોજવામાં આવી છે. ભાજપના નેતા અને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાના વિવાદાસ્પદ નિવેદનને લઈને રાજપૂત ક્ષત્રિય સમાજમાં નારાજગી વધી રહી છે. સાથે જ તેમની ટિકિટ રદ ના થતા રાજપૂતો કોંગ્રેસના ઉમેદવારને ટેકો જાહેર કરીને ભાજપ વિરૂદ્ધ મતદાન કરવાની નેમ લઈ રહ્યા છે. તો ભાજપ ને ડેમેજ કરવા મેદાને ઉતર્યા છે. શ્રી રાજપૂત કરણી સેનાના પ્રદેશ અધ્યક્ષ વીરભદ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે કચ્છના માતાના મઢ ખાતેથી રાજકોટ ક્ષત્રિય સમાજનો અસ્મિતા ધર્મરથનું ગઈકાલે પ્રારંભ કરવામાં આવ્યો છે.

### ફરવાના શોખીન ગુજરાતીઓ માટે મોટા સમાચાર

## નર્મદામાં દોડશે ક્રુઝ, છેક મધ્યપ્રદેશ સુધી લઈ જશે

। (એજન્સી) નર્મદા, તા.૨૬ ।

ફરવાના શોખીનો માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી અદભૂત સ્વર્ગ બની રહ્યું છે. અહી આવીને તમે જેટલું ફરો એટલુ ઓછું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસેથી વહેતી નર્મદા નદીમાં હવે ક્રુઝ ઉતારવાની તૈયારી ચાલી રહી છે. આ ક્રુઝ છેક મધ્ય પ્રદેશ સુધી જશે. હવો કેવડિયાથી મધ્ય પ્રદેશના ઓમકારેશ્વર સુધી ક્રુઝ દોડાવવાનું આયોજન છે. આગામી દિવાળી સુધી આ ક્રુઝ સફળ રીતે નર્મદા નદીમાં તરતી થઈ જશે. કેવડિયા ખાતે હવે ક્રુઝનું નવુ નજરાણું આવી રહ્યું છે. ખાસ વાત એ છે કે, આ ક્રુઝ છેક મધ્યપ્રદેશ સુધી જશે. આ ક્રુઝ કેવડિયાથી મધ્ય પ્રદેશ સુધીનું ૧૨૦ કિલોમીટર સુધીનું અંતર કાપશે. કેવડિયા સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી ચંદનખેડી, કુક્ષી સુધીના કુલ ૧૨૦ કિલોમીટરના રૂટ નક્કી કરવામાં આવ્યો છે અને કુક્ષીથી પ્રવાસીઓને રોડ માર્ગે ઓમકારેશ્વરમાં આવેલ સ્ટેચ્યુ ઓફ વનનેસ સુધી લઈ જવામાં આવશે. રસ્તામાં પ્રવાસીઓને મહેશ્વર, મંડલેશ્વર અને માંડુની મુલાકાત પણ કરાવવામાં આવશે. આ માટે મધ્યપ્રદેશમાં બે ચંદનખેડી-કુક્ષી અને સાકરજા-અલીરાજપુર ખાતે અને ગુજરાતમાં હાંફેશ્વર -છોટા ઉદેપુર અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી-કેવડિયા ખાતે જેટી સ્થાપવામાં આવશે. આ ક્રુઝ માટે મધ્યપ્રદેશ ટુરિઝમ બોર્ડે, ઈન્લેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને ગુજરાત સરકાર વચ્ચે કરાર કરવામાં આવ્યા છે. આ અંતર્ગત કોલકાતાથી મધ્યપ્રદેશના કુક્ષી માટે બે ફ્લોટિંગ જેટી (પોન્ટૂન) મોકલ્યા છે. આ પોન્ટૂનનો ક્રૂઝના ટર્મિનલ રૂપે ઉપયોગ થશે. મધ્યપ્રદેશ અને ગુજરાતને બે ફ્લોટિંગ જેટી અપાશે, જેમાંથી મધ્ય પ્રદેશને આ જેટી પહોંચાડવામાં આવી છે. ક્રુઝ ટુરિઝમ માટે જરૂરી તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આવશે. ક્રુઝમાં ૧૦૦ લોકો બેસી શકશે. જોકે, હજી માત્ર જાહેરાત જ કરવામાં આવી છે.

## લીમડી નગરમાં બંધ મકાનમાં ૧૫૭૦૦૦ના મુદ્દામાલની ચોરી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

લીમડી નગરના કારઠ રોડ પર દરજીકામ કરતા ચંદ્રકાંત દરજી પોતાના અંગત કામ અર્થે ઘરે તાળું મારી બહાર ગયેલ હતા. તેઓ કામ પતાવી લીમડી પાછા આવતા તેમના ઘરે મુખ્ય દરવાજા પર મારેલું તાળું તૂટેલું જણાયું હતું.ઘરની અંદર જતા તિજોરી અને કબાટની અંદર મુકેલ સમાન વેરવિખેર પડેલ હતો. તેથી ચંદ્રકાંતભાઈ ને ચોરી થયાની શંકા જતા ઘરમા મુકેલ કીમતી સામાન અને રોકડ જોતા તે પણ ચોરાઈ ગયેલ હતી. ઘરમાં મુકેલ સોનાચાંદીની કુલ રકમ ૮૭૦૦૦, રોકડા ૭૦૦૦૦ હજાર થઈ કુલ ૧૫૭૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ ચોરી થયેલ હતો. આજુબાજુના સીસીટીવી જોતા કોઈ ચોક્કસ બાતમી મળી આવેલ ન હોવાથી ચંદ્રકાંતભાઈ દ્વારા લીમડી પોલીસ સ્ટેશન ખાતે જઈ પોલીસ ફરિયાદ કરેલ છે.

## સુરેન્દ્રનગરના લખતરમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨૬ ।

સુરેન્દ્રનગરના લખતરમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે. જેના કારણે સ્થાનિકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. રસ્તા, પાણી, વીજળી જેવી સામાન્ય જરૂરિયાત પણ પૂરી ન થતા હવે રહીશોએ વિરોધનો માર્ગ અપનાવ્યો છે.સુરેન્દ્રનગરમાં એક તરફ ક્ષત્રિય સમાજનો ભાજપ વિરોધ રોષ જોવા મળી રહ્યો છે. ત્યા બીજી તરફ સુરેન્દ્રનગરના લખતર પંથકમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ હોવાથી તેનો ઉકેલ નઈ આવે મતદાન ન કરવા માટેની ચીમકી ઉચ્ચારી છે. સુરેન્દ્રનગરના લખતરમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે જેના કારણે સ્થાનિકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

રસ્તા, પાણી, વીજળી જેવી સામાન્ય જરૂરિયાત પણ પૂરી ન થતા હવે રહીશોએ વિરોધનો માર્ગ અપનાવ્યો છે.લખતરના મફતીયાપરા, ભૈરવપરા, કૃષ્ણનગર, શ્રેયાંસ અને શ્રીનાથજી સોસાયટીમાં આટલા વર્ષોથી રસ્તા, પાણી સહિતની સમસ્યા હોવા છતા કોઈ પણ રાજકીય નેતાઓ જવાબ ન આપતા હોવાથી તેમના વિસ્તારમાં રાજકીય નેતાઓ પર પ્રવેશબંધી ફરમાવી છે. આ સાથે જો આ સમસ્યાનું સમાધાન નહીં થાય તો મતદાનથી અળગા રહેવાનો પણ નિર્ણય લીધો છે.

## રાજ્યના અડધાથી વધારે જિલ્લાઓમાં વરસાદની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

સમગ્ર રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે આજે સવારે હવામાનમાં પલટો થયો હતો. જેને લઈ રાજ્યના દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદ વરસ્યો હતો. ત્યારે આજે હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે ૨૪ કલાકમાં રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદ થવાની આગાહી વ્યક્ત કરી છે. ગુજરાતમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયુ છે. આ સાથે ભેજનું પ્રમાણ વધતા રાજ્યના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવનાઓ જાહેર કરવામાં આવી છે. જોકે, ૨૪ કલાક બાદ વાતાવરણ ફરીથી સુકૂં રહેવાનું અનુમાન પણ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવ્યુ છે. રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે.

## સાબરકાંઠા બેઠક પર ભાજપે મહિલા સંમેલનની શરુઆત કરી

। (એજન્સી) સાબરકાંઠા, તા.૨૬ ।

સાબરકાંઠા લોકસભા બેઠક પર હવે ભાજપ દ્વારા લોકસભા બેઠક વિસ્તારમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આવેલી તમામ સાત વિધાનસભા બેઠક પર અલગ અલગ મહિલા સંમેલનોના આયોજન કરવામાં આવ્યા છે. મોટી સંખ્યામાં મહિલાઓ સંમેલનમાં ઉપસ્થિત રહેતા ભાજપે હવે મહીલા શક્તિની રણનીતિ સાથે પ્રચાર ધમધમાટ શરુ કર્યો છે સાબરકાંઠા લોકસભા બેઠક પર હવે ભાજપ દ્વારા મહિલા સંમેલનો યોજવામાં આવી રહ્યા છે. લોકસભા બેઠક વિસ્તારમાં આવેલી તમામ સાત વિધાનસભા બેઠક પર અલગ અલગ મહિલા સંમેલનોના આયોજન કરવામાં આવ્યા છે. મોટી સંખ્યામાં મહિલાઓ સંમેલનમાં ઉપસ્થિત રહેતા ભાજપે હવે મહીલા શક્તિની રણનીતિ સાથે પ્રચાર ધમધમાટ શરુ કર્યો છે. સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપ દ્વારા હવે મહિલા સંમેલનોના આયોજન કરવામાં આવ્યા છે.

મોટા ભાગના તાલુકાઓને આવરી લેવામાં આવે એ મુજબ અરવલ્લી અને સાબરકાંઠામાં આવેલ તમામ સાત વિધાનસભા બેઠકો પર મહિલા સંમેલન યોજવાની શરુઆત કરવામાં આવ્યા છે. જેમાં રાજ્યની સ્ટાર મહિલા પ્રચાર સંમેલનમાં મહિલાઓને સંબોધશે. પ્રાંતિજ થી ભાજપે આ પ્રકારી મહિલા સંમેલનની શરુઆત કરતા મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.







## મધ્યપ્રદેશથી સૌરાષ્ટ્ર સુધી ઝડપાયું હથિયારોની હેરાફેરીનું નેટવર્ક

। (એજન્સી) રાજકોટ, તા.૨૬ ।

હથિયાર માફિયાઓ સામે ગુજરાત ATSએ ઓપરેશન હાથ ધર્યુ છે. ચૂંટણી વચ્ચે કુલ ૨૫ પિસ્તોલ અને ૯૦ કારતૂસ સાથે ૬ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. હથિયારોની હેરાફેરીનું આ રેકેટ મધ્યપ્રદેશથી સૌરાષ્ટ્ર સુધી ચાલી રહ્યુ હતુ. જેમા રાજકોટ, અમરેલી અને સુરેન્દ્રનગરમાંથી હથિયારો સાથે શસ્ત્ર માફિયાઓની ધરપકડ કરવામાં આવી છે. લોકસભાની ચૂંટણીઓ પૂર્વ સતર્ક બનેલી ગુજરાત પોલીસને મોટી સફળતા મળી છે. મધ્ય પ્રદેશથી સૌરાષ્ટ્ર સુધી ચાલતા દેશી બનાવટના હથિયારોની હેરાફેરીના નેટવર્કનો પર્દાફાશ કરી ૨૫ પિસ્તોલ તથા ૯૦ રાઉન્ડ સાથે ૦૬ આરોપીઓને ગુજરાત એ.ટી.એસ.દ્વારા ઝડપી પાડવામાં આવ્યા છે. ATS ને બાતમી મળી હતી કે બસ ટ્રાવેલ્સ સાથે સંકળાયેલા મધ્ય પ્રદેશના જાંબુઆનો શિવમ નામનો ઈસમ ગેર કાયદેસર પિસ્ટલો તથા કારતૂસોનો જથ્થો લઈ અમદાવાદના નારોલ બ્રિજ નજીક ચોટીલાના મનોજ ચૌહાણ નામના ઈસમને ડિલીવરી કરવા આવનાર છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨